

જ્ઞાતિ પ્રકાશનું પાક્ષિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. નંબર વર્ષ: ૧૧ • અંક: ૧૦ • તા. ૨૦ જૂન થી ૬ જુલાઈ ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ Regn. No. MH/MR/East/53/2012-14

## પૂ. ગચ્છાધિપતિ, સળંગ ૪૪ વર્ષના વરસીતપ આરાધક ગુરુદેવ



સકલ સંઘ પર અમી આશીર્વાદ વરસાવતા તપસ્વીરત્ન પૂ. ગચ્છાધિપતિશ્રી

પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આ. ઠા. નો ભુજ–વર્ધમાન નગરમાં શાનદાર–ભવ્ય મંગળ ચાતુર્માસ પ્રવેશોત્સવ ઉજવાયો. સકલ સંઘની નોંધપાત્ર ઉપસ્થિતિ અનુમોદનીય રહી.

## જ્ઞાતિ ગૌરવ

### વર્ષ ૨૦૧૨ના 'કચ્છ–શક્તિ' રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા જ્ઞાતિજનો સામાજિક સેવા ક્ષેત્રે નોંધનીય કાર્યની અનુમોદના



શ્રી સતીશ કેશવજી શેઠી (નલીયા–ગોરેગાંવ)





શ્રી મનોજ હીરાચંદ ગુન્દર (કોડાય–સુરત)

અષાઢી બીજના કચ્છી નવા વર્ષે મુંબઈના માતુશ્રી બિરલા સભાગૃહમાં વિશેષ કાર્યક્રમમાં બહોળી હાજરી વચ્ચે એવોર્ડ એનાયત થયા. આ ગૌરવ બદલ હાર્દિક અભિનંદન અને ઉત્તરોત્તર વધુ યશની શુભેચ્છાઓ...

પથદર્શક ... પારદર્શક... પ્રેરણામૂર્તિઓને સ્નેહસભર

# શ્રધ્ધા સુમન



**પ.પૂ. માતુશ્રી વેલબાઈ**
(રાપર ગઢવારી)

કળી બનીને સુવાસ મૂકી ગયા
કિરણ બની સૂર્યપ્રકાશ છોડી ગયા
સૌને શરણ આપનાર પોતે જ
અરિહંતશરણ થઈ ગયા....



**પ.પૂ. પિતાશ્રી લધુભાઈ**
(રાપર ગઢવારી)

કષ્ટો સહન કરી આપે કર્યું અમારું જીવન ઘડતર
આપની છત્રછાયામાં થયું હતું અમારા વ્યક્તિત્વનું ચણતર
આપના થકી જ થયું અમારામાં સંસ્કારોનું સિંચન
તેથી જ અમ જીવન બન્યું એક સુંદર નંદનવન!

ભૂલી ના ભૂલાશે એવી યાદોના સ્મરણ છોડી ગયા
એક લાગણીનો પ્રવાહ ચારેકોર મૂકી ગયા....

: ગુણાનુરાગી :

**માતુશ્રી વેલબાઈ લધુભાઈ હીરજી લોડાયા પરિવાર**
**(રાપરગઢવારી – ઘાટકોપર)**

| : પુત્ર-પુત્રવધુ : | : દીકરી-જમાઈ : | : પૌત્ર-પૌત્રવધુ : | : પૌત્રી-જમાઈ : |
|---|---|---|---|
| પુનશી – ધનલક્ષ્મી | નવલ – નેણશી | રાજેશ – શીતલ | આરતી – હિરેન |
| દામજી – કુસુમ | જયવંતી – હિરેન | હિતેશ – સીમુલ | નીપા – અમિત |
| ચંદ્રકાંત – પ્રજ્ઞા | લક્ષ્મી – ચેતન | નિરવ | અર્ચના – નરેન્દ્ર |
| | કલ્પના – રાજેન્દ્ર | | ડીમ્પલ – સમીર |

પરપૌત્ર: ક્રીસ • પરપૌત્રી: કસક, તનિષા
પરદોહિત્ર: જૈનિક, હેત • પરદોહિત્રી: પ્રીસા, પ્રીત

: શુભેચ્છા :

**ધનલક્ષ્મી ટ્રેડીંગ ★ શ્રી ગણેશ ડેવલપર્સ ★ હેમ ડેવલપર્સ**

| આદ્યતંત્રીઓ |
|---|
| "પ્રકાશ" |
| ડો. વેલજી પાશ્વીર ગોસર |
| "સમીક્ષા" |
| સનત્ શાહ અને |
| ગોવિંદજી જીવરાજ લોડાયા |
| "પ્રકાશ સમીક્ષા" |
| સનત્ શાહ |

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**


**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |


**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**


નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


# "અનંતછાયા"ના વેચાણ અંગે ડેવલપર સાથે થયેલ MOUનું વિશ્લેષણ અને મનોમંથન – લેખક : પ્રવીણ દેવજી ખોના

અગાઉના લેખમાં જણાવ્યું તે પ્રમાણે "અનંતછાયા"નું વેચાણ કરવા માટે મા. ટ્રસ્ટી સાહેબોએ ૨-૮-૧૧ના લીધેલા નિર્ણય બાદ ટ્રસ્ટબોર્ડની ૧૧-૧૧-૧૧ની સભામાં ટેન્ડરો ખોલવામાં આવ્યા અને બે ડેવલપરો વચ્ચે બીડીંગ થઈ. આખરે મે. કીલેન્ડ ડેવલપર્સ સાથે રૂા.૪૦ કરોડમાં સોદો કરવામાં આવ્યો, એની મિનિટસ્ (જે પણ ઉક્ત ૨-૮-૧૧ની સભાની મિનિટસ્‌ની જેમ અંગ્રેજીમાં લખાઈ છે) નોંધ થઈ છે તેવો દાવો કરવામાં આવે છે. ૧૭-૧૧-૧૧ના સદર ડેવલપર સાથે MOU સહી કરવામાં આવેલ. જેવી રીતે અનંતછાયાના સૂચિત વેચાણની બાબત જ્ઞાતિથી ગુપ્ત રાખવામાં આવેલ તેવીજરીતે MOUને પણ જ્ઞાતિ અને શરૂઆતમાં અનંતછાયાના ભાડૂતોથી ગુપ્ત રાખવામાં આવેલ.

આ ભાડુતોને પણ તેની નકલ ત્યારે જ આપવામાં આવેલ જ્યારે એમણે ડેવલપર મે. કીલેન્ડ ડેવલપર્સની ફેવરમાં જગ્યા ખાલી કરી આપવાના કન્સેન્ટ લેટર પર સહીઓ કરી આપી.

અગાઉ જણાવેલ તે મુજબ આ લખનાર દ્વારા એની નકલ માટે ટ્રસ્ટીઓને ૧૧-૫-૧૨ના પત્ર દ્વારા વિનંતિ કરાયેલ, પરંતુ તે આપવાનું ટ્રસ્ટી મહાશયોએ નકારેલ. તે પછી એ MOUની એક નકલ આ લખનારના હાથમાં ચડી અને તે વાંચીને આંચકો અનુભવ્યો. આ સંદર્ભે મારા પ્રતિભાવો નીચે રજુ કરૂં છું. :

**૧) નોંધ : પ્રથમ તો MOU નવેમ્બર ૨૦૧૧ની કઈ તારીખે સહી થયેલ છે તે તારીખ જ લખેલ નથી (ચેરીટી કમીશ્નરમાં દાખલ કરેલ MOU ની નકલમાં તારીખની જગ્યા ખાલી દેખાય છે.) બીજું, MOU માં નવ મા. ટ્રસ્ટી સાહેબોના પાર્ટી તરીકે નામો આપવામાં આવેલ છે. જ્યારે MOU માં ફક્ત આઠ ટ્રસ્ટીઓએ જ સહીઓ કરેલ છે. એક ટ્રસ્ટી સાહેબે બે અલગ અલગ સહીઓ કરેલ છે : એક પોતાના નામ સામે અને બીજી અન્ય ટ્રસ્ટીના નામ સામે, જેમણે પોતાની સહી MOU પર કરેલ નથી. ઉપરછલ્લી નજર ફેરવનારને લાગે કે, નવે નવ ટ્રસ્ટી સાહેબોએ સહી કરેલ છે!**

૨) વેચાણ માટે મુકવામાં આવેલ મિલકત "અનંતછાયા" તરીકે વર્ણવામાં આવેલ છે, જેમાં જમીન પરના પાંચ મકાનો જેમાં ૧૦૪ ભાડૂતો વસે છે તે તથા એક દેરાસરનો સમાવેશ થાય છે. જમીન સાથે પાંચ મકાનો અને દેરાસરનું વેચાણ કરવામાં આવેલ છે, ચેરીટી કમીશ્નરની મંજૂરીને આધીન.

**નોંધ : દેરાસર વેચી શકાય? અચલગચ્છ સમાચારી પાળનાર તો ઠીક કોઈ પણ અન્ય ગચ્છના જૈન શ્રાવકે કે સંસ્થાએ પોતાની માલિકીનું દેરાસર વેચ્યું હોય તેવું ક્યારે વાંચ્યું કે સાંભળ્યું છે? આ વિષય સુજ્ઞ જ્ઞાતિજનો પર જ છોડી દઉં છું.**

૩) અનંતછાયાની જમીન તે પરના પાંચ મકાનો અને દેરાસરનું વેચાણ રૂા.૪૦ કરોડમાં કરવામાં આવેલ છે અને ચે.ક.ની વેચાણને મંજૂરી મળે તે પહેલાંજ મા. ટ્રસ્ટી સાહેબો ડેવલપરના ફેવરમાં જગ્યા ખાલી કરી આપવાના કન્સેન્ટ લેટર જો ભાડૂતો પાસેથી મેળવી આપે તો ડેવલપર વધારાના રૂા. પાંચ કરોડ આપશે.

**નોંધ : આ પ્રકારના કન્સેન્ટ લેટર (ડેવલપર્સની ફેવરમાં) ભાડૂતોને અપાયેલ એક સહકુટુંબ જમણવાર દરમ્યાન મેળવી લેવામાં આવેલ છે. તે વખતે દરેક ભાડૂતને રૂા.૪૦,૦૦૦/- કે રૂા.૫૦,૦૦૦ અન્ય જગ્યામાં ટ્રાન્સીટ રહેઠાણ તરીકે નવું મકાન તૈયાર થાય ત્યાં સુધી ૨/૩ મહીનાના ભાડા પેટે આપી દેવામાં આવેલ છે. જેથી ભાડૂતો પોતાના વચનમાં બંધાઈ જાય. ચેરીટી કમીશ્નરે હજી મંજુરી આપી નથી તે છતાંય સર્વે ભાડૂતોએ ડેવલપર્સની ફેવરમાં કન્સેન્ટ લેટર આપી દીધા છે. ડેવલપરે એક પત્ર દ્વારા દરેક ભાડુતને સૂચિત ડેવલપમેન્ટમાં**

**ભાડુતને કેટલી જગ્યા, કઈ એમેનીટીઝ નવા ફ્લેટમાં અપાશે વિગેરે શરતો જેવી વિગતો દર્શાવી છે જે પત્રની વિગતો ને શરતો, ભાડુત દ્વારા અપાયેલ ઉપરોક્ત કન્સેન્ટ લેટરમાં કબુલ મંજુર કરાઈ છે.**

**ટ્રસ્ટીઓ અને ડેવલપર વચ્ચે કરવામાં આવેલ કરારમાં ભાડૂતો પાર્ટી નથી. તેવી જ રીતે આ કન્સેન્ટ લેટરમાં ટ્રસ્ટીઓ પણ પાર્ટી નથી. એટલે ભવિષ્યમાં ડેવલપર દ્વારા કોઈ અનુચિત કાર્ય થાય અથવા જરૂરી કાર્ય ન થાય તો ટ્રસ્ટીઓ કોઈ પણ રીતે જવાબદાર રહેશે નહીં !**

૪) રૂા.૪૦ કરોડ આપવા ઉપરાંત ડેવલપર ૧,૦૦૦ ચો.ફૂટનું એક શીખરબધ દેરાસર અને ૫૦૦ ચો.ફૂટનો એક ઉપાશ્રય ટ્રસ્ટીઓ માટે બાંધી આપશે. ડેવલપર નવા દેરાસર અને ઉપાશ્રય હેઠળની જમીન તથા નવા બંધાયેલ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટીઓને કાયમના લીઝ ઉપર વાર્ષિક રૂા.૧ના ભાડે આપશે જેથી ટ્રસ્ટીઓ એ દેરાસર અને ઉપાશ્રયનો ઉપયોગ કરી શકે.

**નોંધ : MOU માં "For Owners" એ શબ્દો છે, જેનો અર્થ ટ્રસ્ટ કે ટ્રસ્ટીઓના વપરાશ માટે એવો થઈ શકે, પરંતુ તે દેરાસર કે ઉપાશ્રય ટ્રસ્ટ કે ટ્રસ્ટીઓની માલિકીના ગણાશે તેવી સ્પષ્ટતા MOUમાં કરવામાં આવેલ નથી. તેથી નવા દેરાસર અને ઉપાશ્રયની માલીકી પર ડેવલપર દાવો કરી શકશે. ઉપાશ્રયની કેટલી ઉંચાઈ રહેશે તે જગ્યા MOUમાં ખાલી રખાઈ છે. ડેવલપર નવું દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટને કાયમી લીઝ પર ભાડે આપશે. ભાડેથી દેરાસર લેવાય? (દેરાસર માટે ગેરેજ કે હોલ કે રૂમ ભાડે લેવાય છે) દેરાસર અને ઉપાશ્રયની માલીકી ડેવલપર્સની રહેશે. એટલે ભવિષ્યમાં ડેવલપર્સની મતિ ફરે તો તે ભાડે અપાયેલ દેરાસર અને ઉપાશ્રયને ખાલી કરાવવા ટ્રસ્ટ ઉપર કેસ કરી શકે! MOU પ્રમાણે રૂા.૪૦ કરોડ ચૂકવ્યા પછી ડેવલપર આ MOU હેઠળના તેના હક અન્ય ત્રીજી પાર્ટીને વેચી શકશે કે એસાઈન કરી શકશે. તેથી ભવિષ્યમાં ભાડુતોને અને ટ્રસ્ટને કોઈ ત્રીજી પાર્ટી સાથે વ્યવહાર કરવાનો વારો આવી શકે તેમ છે! ઉપરાંત સદર દેરાસરમાંની મૂર્તીઓ તથા અન્ય શિલ્પો તથા ઉપકરણોની માલીકી કોની? ડેવલપરની કે ટ્રસ્ટની? શ્રી અનંતનાથજી દેરાસરજીની સ્કીમમાં લખાયેલું છે કે ટ્રસ્ટનો વહિવટ શ્રી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન ધર્મ અને અચલગચ્છના નિયમો અને પરંપરા અનુસાર થશે. અનંતછાયામાં નવીન દેરાસર અને ઉપાશ્રયમાં અચલગચ્છના નિયમો અને પરંપરાને તિલાંજલી આપીને અન્ય ગચ્છની પરંપરાને અનુસરવામાં આવે તો શું પરીણામ આવે? સાંભળ્યા પ્રમાણે પ.પૂ.શ્રી અચલગચ્છાધિપતિશ્રીના અભિપ્રાય પ્રમાણે દેરાસર વેચી ન શકાય.**

૫) ભવિષ્યની કે બાકીની એફ.એસ.આઈ. ડેવલપરની માલિકીની ગણાશે.

**નોંધ : MOUની રૂએ ડેવલપર અનંતછાયાની જમીન મકાનો દેરાસર અને ઉપાશ્રયના માલીક બનશે, જ્યારે ટ્રસ્ટ નવા દેરાસર અને ઉપાશ્રયનું ભાડૂત બનશે. તદ્ઉપરાંત જો વધારાની કોઈ FSI મળે તો તેના ઉપયોગનો હક પણ ડેવલપર્સને રહેશે. એટલે કે ટ્રસ્ટ અને જ્ઞાતિએ આ જમીન કાયમ માટે ભૂલી જવાની અને ભાડૂતોએ પણ ટ્રસ્ટીઓને કોઈ પ્રશ્ન કરવો નહીં !**

૬. ડેવલપર્સ હાલના મકાનોની જગ્યાએ ૨૫ મહિનાની અંદર નવા રહેઠાણો બાંધીને અત્યારના ૧૦૪ ભાડૂતોને ઓનરશીપના ધોરણે મફતમાં જગ્યા આપશે. અત્યારના રહેઠાણના એરીયાથી ૧૨% વધારે જગ્યા આપશે. બાકીના રહેઠાણો વેચવાનો ડેવલપર્સને હક્ક રહેશે, કારણ કે એ જમીન એ મકાનોના માલિક બનશે.

**નોંધ : ધારો કે ડેવલપર્સ ૨૫ મહિનામાં બાંધકામ પૂરૂં ન કરે અને અત્યારના ભાડૂતોને બદલામાં જગ્યા ન આપે તો શું? ડેવલપર્સ પાસેથી પરફોર્મન્સ બેન્ક ગેરંટી લેવાનો MOUમાં કોઈ પણ પ્રબંધ નથી. જેમ ઘણા કેસોમાં બની રહ્યું છે તેમ ડેવલપર્સ અત્યારના ભાડૂતોને વરસોના વરસો સુધી રખડાવી શકે અને અમુક વર્ષો બાદ ટ્રાન્સીટ રહેઠાણોનું ભાડું આપવાનું પણ બંધ કરી દે તો, ભાડૂતોની હાલત શું? પ્રશ્ન ગંભીર છે.**

૭. કલમ ૧૧ પ્રમાણે MOU સહી થયા બાદ, ટ્રસ્ટીઓ વેચાણ માટે ચે.ક.ની મંજૂરી માટે અરજી કરશે. તેને લગતા સર્વે ખર્ચા અને ટ્રસ્ટીઓએ નિયુક્ત કરેલ એડવોકેટ શ્રી કીશોર જાધવની ફી ડેવલપર્સ આપશે.

**નોંધ : પ્રોફેશનલ પ્રેક્ટીસની પદ્ધતિપ્રમાણે વકીલ તેનું કહ્યું માને અને તેનું હિત જુએ જે એને ફી આપે. વકીલ શ્રી જાધવની ફી જો ડેવલપર્સ આપતા હોય તો વકીલ શ્રી જાધવ તેમના વકીલ થાય. એટલે ક્યાંય ટ્રસ્ટ અને ડેવલપર્સના હિતો અથડાય તો વકીલ શ્રી જાધવ ડેવલપર્સનો પક્ષ લે (ટ્રસ્ટનો નહીં) તે શક્ય છે. ડહાપણ એમાં છે કે, ટ્રસ્ટ અને ડેવલપર્સના વકીલો અલગ અલગ હોય. MOU ની કલમ ૨૭ પ્રમાણે દરેક પક્ષ પોતપોતાના વકીલો અને સોલીસીટરોનો ખર્ચ ભોગવશે, જે ઉપર વર્ણવેલ કલમથી વિપરીત છે. એડવોકેટ શ્રી જાધવ કોના વકીલ ગણાશે? ટ્રસ્ટના કે ડેવલપર્સના?**

**૮) નોંધ : આ ઉપરાંત પણ અન્ય અનેક અનિચ્છનીય જોગવાઈઓ MOU માં આમેજ કરાઈ છે. પણ સ્થળસંકોચના કારણે એનો અત્રે ઉલ્લેખ કર્યો નથી. ટ્રસ્ટીઓએ આવી બધી અગત્યની બાબતોમાં દુર્લક્ષ સેવ્યું છે અને ખોટી ઉતાવળ કરી MOU કરેલ છે તેથી ખુબ જ આશ્ચર્ય-આઘાત લાગે તેમ છે.**

૯) MOU ક્લોઝ નંબર ૪ પ્રમાણે ડેવલપરે બે છાપામાં જાહેર નોટિસ આપી અનંતછાયાની પ્રોપર્ટી અંગે કોઈ દાવાઓ હોય તો તેવી જાણકારી મંગાવવાની રહે છે.

**નોંધ : ડેવલપરે હજી સુધી તેમ કર્યું નથી. શું તેમને દહેશત છે કે કોઈ જ્ઞાતિજન દ્વારા આ પ્રોપર્ટી સાધારણ ખાતાની કલમ ૧૯(O)ના હેતુઓ પુરતી સીમિત છે તેવો દાવો કરવામાં આવશે તો તેનો જવાબ આપવામાં મુશ્કેલી પડશે અને ચેરીટી કમીશ્નર સમક્ષ પણ તે મુદ્દો હલ કરવામાં બાધા આવશે?**

૧૦) MOU ક્લોઝ નંબર ૭માં (કાર) પાર્કીંગની જગ્યાઓ અંગે જોગવાઈ છે.

**નોંધ : કાર પાર્કીંગની કેટલી જગ્યાઓ અપાશે તેમાં વિગત ખાલી રાખવામાં આવી છે.**

૧૧) ઉપરોક્ત ક્લોઝ નંબર ૭માં અને અન્ય એક જોગવાઈ અને ક્લોઝ નંબર ૧૫ અને ૨૦ની જોગવાઈઓના સંયુક્ત અર્થઘટન મુજબ ભાડુતોને ૨૫ મહીનામાં (છેલ્લો ભાડુત/કબજેદાર પોતાનો ફ્લેટ ખાલી કરે ત્યારથી) નવી જગ્યાનો કબજો ડેવલપર આપશે. જે માટે ૩૦૦૦ ચો.ફુટ જેટલા બાંધકામમાં જે ફ્લેટો થાય તે સીક્યોરીટી તરીકે ટ્રસ્ટ માટે રાખવામાં આવશે. પરંતુ જો ડેવલપર ૨૫ મહીનામાં ભાડુતોને તેમના ફ્લેટોનો કબજો ન આપે અને/અથવા ટ્રસ્ટ માટેના દેરાસરજી અને ઉપાશ્રયનું બાંધકામ પૂર્ણ ન કરી શકે તો ઉપરોક્ત સીક્યોરીટી તરીકે રખાયેલ ૩૦૦૦ ચો.ફુટ ટ્રસ્ટીઓ વેચી શકશે અને તેની ઉપજમાંથી ભાડુતો માટેના ન બંધાયેલ / ન તૈયાર થયેલ ફ્લેટો / મકાનો અને ટ્રસ્ટ માટેના દેરાસરજી અને ઉપાશ્રયનાં બાંધકામ પૂર્ણ કરવા ટ્રસ્ટ હકદાર રહેશે. તે દરમ્યાન રૂા.૪૫ કરોડ મળ્યેથી ટ્રસ્ટે ડેવલપર કે તેની એસાઈનીની તરફેણમાં પ્રોપર્ટીનું કન્વેયન્સ કરી આપવું પડશે.

**નોંધ : કન્વેયન્સ કરી આપવાથી આખી પ્રોપર્ટીનો કબજો પણ ડેવલપર કે તેની નોમીની/એસાઈની પાર્ટીને મળી જશે. એ નોમીની પાર્ટી કોણ હશે તેના હર્તાકર્તાઓ કેવા પ્રકારના ડેવલપર-બીલ્ડર હશે તે ભવિષ્યમાં ભાડુતો (જેઓ ફ્લેટો ખાલી કરી બહાર અન્યત્ર રહેતા હશે) સાથે કેવો વ્યવહાર કરશે તે એક પ્રશ્ન છે. અલબત, ક્લોઝ ૧૮ પ્રમાણે અત્યારના ડેવલપર જો તેમના હક કોઈ અન્ય નોમીનીને સોંપશે તો તેમાં ઓછામાં ઓછો ૫૦% હિસ્સો પોતાનો રાખશે તેવી જોગવાઈ છે. પરંતુ બાકીના ૫૦% હિસ્સો ખરીદનાર પાર્ટી ભાગીદારી પેઢી કે કંપનીમાં પોતા માટે કેવા અધિકાર રાખશે.**

તે મુદ્દે પણ ભાડુતોના હકો કેટલી હદે સુરક્ષિત રહેશે તે પણ એક પ્રશ્ન છે. અને પ્રોપર્ટીનો કબજો ડેવલપર કે તેની નોમીની પાર્ટી પાસે (કન્વેયન્સ મેળવ્યા પછી) હશે અને ઉપર જણાવ્યા પ્રમાણેનું બાકીનું બાંધકામ કરવાના સંજોગ ટ્રસ્ટ માટે ભવિષ્યમાં ઊભા થાય તો ટ્રસ્ટને તે પ્રોપર્ટી પર પ્રવેશ કરવા દેશે તે માટેની MOUમાં કોઈ જોગવાઈ ન હોતાં એવી પરિસ્થિતિ પણ સર્જાઇ શકે કે ભાડુતો બહાર હોય, તેમને ટેમ્પરરી જગ્યાના ભાડાના ચેકો મળવા બંધ થાય, ડેવલપર કે તેની નોમીની પાર્ટી તેમના ફ્લેટોના મકાનોના બાંધકામ ન કરે કે અધવચ્ચે છોડી દે અને પોતાને મળનાર મુક્ત વેચાણના ફ્લેટોવાળું મકાન/ટાવર તૈયાર કરી તેમની વેચાણ કિંમત લઈ કબજો આપી ચાલતી પકડે તો ટ્રસ્ટ અને ભાડુતો બંને લાચારીમાં આવી જાય. તે માટે MOUમાં "Time essence of contract" જેવી અતિ આવશ્યક જોગવાઈ ન હોતાં, કોર્ટ પણ અમલ બજવણીના મુદ્દે ટ્રસ્ટને કે ભાડુતોને તાત્કાલિક રાહત આપે તેવી સંભાવના ઓછી થઈ જાય છે. આ બાબતે ટ્રસ્ટીઓ યોગ્ય કાનૂની સલાહ મેળવવાથી વંચિત રહ્યા છે તે ચિંતાજનક બીના છે.

૧૨) ક્લોઝ નંબર ૨૨ મુજબ આ MOU હેઠળ ડેવલપરને કોઈ પણ હક મળતા નથી કે મળશે નહીં. જ્યારે ચેરીટી કમીશ્નર પરવાનગી આપશે ત્યારે જ એ હક ઊભા થશે.

**નોંધ : ચેરીટી કમીશ્નરની પરવાનગી ન મળે ત્યાં સુધી ડેવલપરને કોઈ પણ હક મળતા ન હોવાથી ટ્રસ્ટે કે ભાડુતોએ ડેવલપર સાથે જે પણ વ્યવહાર કર્યો છે તેને કાયદાકીય રીતે કોઈ સમર્થન મળતું નથી. બીજી દ્દષ્ટિએ વિચારીએ તો ટ્રસ્ટીઓ હજી પણ જ્ઞાતિના વિશાળ હિતમાં ને સાધારણ ખાતાની કલમ ૧૯(O) મુજબ જ કાર્યવાહી કરવાનું તેમના માટે ફરજિયાત હોતાં, અનંતછાયાનું રીડેવલપમેન્ટ વૈકલ્પિક રીતે કરી શકે છે જેમાં કાં તો આ ડેવલપર સાથેનો વર્તમાન કરાર રદ કરી નવેસરથી બીજો કરાર કરી શકે છે (જેમાં આંશિક રીતે ઉક્ત કલમ ૧૯(O) સચવાઈ જાય) અથવા તો જ્ઞાતિજનોના સહયોગથી ઉચિત પગલું લઈ શકે છે.**

**૧૩) અનંતછાયાના ભાડુતોના સંમતિપત્રો**

ભાડુતોએ આપેલ કન્સેન્ટ લેટર પ્રમાણે ડેવલપર, ટ્રસ્ટ અને ભાડુત વચ્ચે થનાર કરારનામાની સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફીનો ખર્ચ ભાડુતોએ ભોગવવાનો રહેશે.

**નોંધ : સામાન્ય રીતે સ્ટેમ્પ ડ્યુટી વિગેરેનો ખર્ચ ડેવલપરે જ કરવાનો હોય છે. શું અનંતછાયાના ભાડુતોએ ખરેખર એ ખર્ચ ભોગવવાનું કબુલ્યું છે?**

**મનોમંથન :**

(આસરે ૬૦ વર્ષો પહેલાં) શ્રી અનંતનાથજી મહારાજના ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિના ગરીબ અને જરૂરીયાતમંદ ભાઈઓને રાહતના દરે રહેઠાણો ભાડે આપવા અનંતછાયાની જમીન લેવામાં આવેલ. જમીનનો કબજો લેવા માટે પણ ખૂબજ માથાફોડ કરવી પડેલ. કબજો લેવા માટે તે વખતના એક મા.. ટ્રસ્ટી શ્રી નાયક જેઠાભાઈએ એકલપંડે ટ્રેસપાસર / અસમાજીક તત્વોની સામે હિંમતભેર મુકાબલો કરીને ખૂબ જ જહેમત ઉઠાવેલ. પહેલાં ૪૦ બ્લોકો ધરાવતું એક જ મકાન બંધાયું. બાદમાં ૧૬/૧૬ બ્લોક ધરાવતા ૪ મકાનો (૬૪ બ્લોક) બંધાયા. રહેઠાણો કોને અને ક્યા ધોરણે એલોટ કરવા તે બાબત મા.. ટ્રસ્ટીઓ વચ્ચે વાદ થતાં, બાબત કોર્ટે ગઈ, અને આસરે ૭/૮ વર્ષો સુધી બ્લોકો બંધ રહ્યા. આખરે કોર્ટની દરમ્યાનગીરીથી એલોટમેન્ટની ફોર્મુલા નક્કી થઈ અને બ્લોકોનું એલોટમેન્ટ થયું. એક ભાડૂત સ્વ. શ્રી હેમરાજ મૈશેરીએ અન્યત્ર રહેઠાણ ખરીદતાં, એમણે સ્વેચ્છાએ પોતાનો બ્લોક ટ્રસ્ટને કોઈ પણ જાતના વળતર વગર સુપ્રત કરી દીધેલ. એક ચેરીટેબલ ટ્રસ્ટની મિલકતમાં ભાડુત તરિકે લાભ મેળવ્યા પછી ટ્રસ્ટનું ઋણ ભૂલ્યા વિના ને કાયદેસરના હકો મળતા હોવા છતાં તે સ્વેચ્છાએ ત્યજીને એક ખાનદાન ગુણીયલ જ્ઞાતિજન તરિકેનો આ પ્રકારનો એકજ કિસ્સો નોંધાયો છે.

અત્યારે ત્યાં ૧૦૪ ફ્લેટો છે. મ્યુનીસીપાલીટી અને સરકારના નિયમોમાં સુધારાઓ થતાં વધારાની FSI મળી શકે. જેનાથી ઓછામાં ઓછા ૧૦૦-૧૨૫ વધારાના ફ્લેટો બાંધીને અન્યત્ર તકલીફમાં વસતા જ્ઞાતિબાંધવોને નવા ફ્લેટોમાં વસાવી શકાય.

અત્યારના બાંધકામના ખર્ચાઓ જોતાં, વધારાના ફ્લેટો બાંધવાની ટ્રસ્ટની નાણાંકિય ક્ષમતા નથી. તેથી કોઈ બીલ્ડર કે ડેવલપરનો આસરો લેવાય એ જરૂરી છે. કોઈ પણ બીલ્ડર કે ડેવલપર પોતાના ધંધાના ભોગે ટ્રસ્ટની મકાન બાંધકામની સેવા ન કરે એ સ્વીકારવા જેવી બાબત છે. બીલ્ડર, ડેવલપર અને મકાન માલીક વચ્ચે રીડેવલપમેન્ટ બાબત વિવિધ ગોઠવણો શક્ય છે.

પરંતુ અત્યારના મા.. ટ્રસ્ટી સાહેબોએ અનંતછાયાના વેચાણની જે પધ્ધતિ અપનાવી છે તે ખરેખર અસ્વિકાર્ય છે. આ પધ્ધતિથી ટ્રસ્ટ અનંતછાયાની જમીન તથા અત્યારના પાંચ મકાનો જેમાં ૧૦૪ ફ્લેટોનો સમાવેશ થાય છે તે તથા દેરાસરની માલીકી ગુમાવશે. ડેવલપર માલીક બનશે. ટ્રસ્ટને રૂા.૪૦/૪૫ કરોડ મળશે અને અત્યારના ભાડૂતોને મફતમાં અત્યારના ભાડૂતોને ફ્લેટોના બદલામાં ઓનરશીપ ફ્લેટો મળશે. તે સીવાય ટ્રસ્ટને અન્ય કંઈ ફાયદો થશે નહીં. મહામહેનતે મેળવેલ જમીન અને તે પર બંધાયેલા મકાનોની માલીકી અને કબજો ટ્રસ્ટ ગુમાવશે.. તદ્‌ઉપરાંત ડેવલપર દ્વારા જે ફ્લેટો બંધાશે તે ડેવલપર દ્વારા ઓનરશીપથી વેચાશે જેમાં જે જ્ઞાતિજનો શક્તિમાન હોય તેજ ફ્લેટો ખરીદી શકશે.. નહીં તો બીનજ્ઞાતિજનો ત્યાં રહેવા આવશે.. ટ્રસ્ટની સ્કીમની કલમ ૧૯(O) જે ગરીબ અને જરૂરીયાતમંદ જ્ઞાતજિનોને રાહતના દરે રહેઠાણો ભાડે આપવાનો પ્રબંધ કરે છે તેનો છડેચોક ભંગ થશે.

વૈકલ્પિક રીતે વિચારી શકાય કે, જમીનની માલીકી ટ્રસ્ટની જ રહે. જે વધારાના ફ્લેટો બંધાય, તેમાંથી અમુક ફ્લેટો ટ્રસ્ટને મળે. જે ફ્લેટો ગરીબ અને જરૂરીયાતમંદ જ્ઞાતિજનો જે દૂરના પરાઓમાં અગવડ ભરેલી હાલતમાં રહેતા હોય તેમને લીવ-લાયસન્સના ધોરણે "પારસી પંચાયત" દ્વારા જે કડક શરતોએ અમુક વર્ષ માટે અપાય છે તેવી રીતે અપાય.. બાકીના ફ્લેટો ડેવલપર દ્વારા ઓનરશીપથી વેચાય., ખરીદવા ઇચ્છુક જ્ઞાતિજનોને અગ્રતા અપાવ.. બીલ્ડરે કે ડેવલપરે ટ્રસ્ટને રૂા.૪૦/૪૫ કરોડ (કરતાં ઓછી રકમ ચૂકવાની રહે) અત્યારના ભાડૂતોને બદલામાં ઓનરશીપથી જગ્યા મળે, પણ તેનું ભવિષ્યમાં વેચાણ કરતી વખતે ટ્રસ્ટને પણ તેનો અમુક હિસ્સો મળે તેવી જોગવાઈ કરવી ઘટે. આ પ્રકારની વૈકલ્પિક યોજનાઓ પણ ઘણાં ઠેકાણે અમલમાં મૂકાય છે. બીલ્ડર/ડેવલપરને અમુક નક્કી કરેલ એરીયા કમર્સીયલ તરીકે બાંધવાનો અને વેચવાનો હક્ક મળે.

આ ઉપરાંત અન્ય વૈકલ્પિક યોજનાઓ પણ વિચારી શકાય.. જમીનની માલીકી ટ્રસ્ટ પાસેજ રહે એ જરૂરી છે.

આપણા જ્ઞાતિમાં ઘણા ભાઈઓ અનુભવી બીલ્ડર અને ડેવલપર્સ તરીકે વ્યવસાય કરે છે. એમની સલાહ અને જરૂરી સાથ અને સહકાર જરૂર મળી રહેશે.. અને જો તેઓ તૈયાર થાય તો બીલ્ડર/ડેવલપરની જવાબદારી પણ ધંધાકીય રીતે તેમને સોંપી શકાય.

**વર્તમાન ટ્રસ્ટના એક ટ્રસ્ટી પણ બીલ્ડર-ડેવલપર છે અને તેમણે તો થોડા વર્ષો પૂર્વે જૈન સમાજ (દશા-વીશા)ના જ્ઞાતિજનો માટે ૫૦૦ ફ્લેટ પોતા તરફથી અનુદાનના સ્વરૂપે ભેટ આપવાની જાહેરાત કરેલ તેઓ પણ પરોક્ષ રીતે સહકાર્ય કરી શકે તેમ છે.**

**આ બાબત ફક્ત અનંતછાયાના ભાડૂતોનેજ સ્પર્શતી ન હોવાથી સમસ્ત જ્ઞાતિને વિચાર વિનિમયમાં આમેજ કરી વિશ્વાસમાં લેવી જોઈએ. મા. ટ્રસ્ટી સાહેબો પોતાને "અનંતછાયા"ના માલીકો સમજીને સ્વછંદતાથી ન વર્તે અને જ્ઞાતિને વિશ્વસમાં લે એ ઇચ્છવા યોગ્ય છે.**

## આરોગ્ય-પ્રકાશ : ચોમાસામાં સૂંઠ, તુલસી અને અજમાથી રોગપ્રતિકારક શક્તિ વધારી સ્વસ્થ રહો.

ચોમાસું બેસવામાં છે. વરસાદને કારણે આપણી પાણીની જરૂરિયાત પૂરી થાય છે. પણ સાથે-સાથે પાણીજન્ય અને પાણીમાં પનપતા જંતુજન્ય રોગોની શક્યતાઓ વધી જાય છે. એટલે જ ચોમાસાને રોગચાળાનો સમય ગણવામાં આવે છે. મોટા ભાગે પાણીનાં ખાબોચિયાં, કીચડ અને મચ્છરોને કારણે ફેલાતી ગંદકી સ્વાસ્થ્ય માટે નુકસાનકારક બની રહે છે. કોલેરા, કમળો, ડેન્ગ્યુ, મલેરિયા, ફ્લૂ, લેપ્ટોસ્પાઈરોસિસ જેવા રોગોનો વાવર આ સીઝનમાં એકાદવાર તો આપણે ત્યાં લટાર મારી જ જાય છે. જો જરાક પણ ગાફેલ રહ્યા તો કોઈનેય અડફેટે લઈ શકે. જો થોડીક પ્રાથમિક કાળજી રાખવામાં આવે અને શરીરની રોગપ્રતિકારક શક્તિને વધારવાના આગોતરા પ્રયત્નો કરવામાં આવે તો ચોમાસાની સીઝનમાં પણ હેલ્થ સારી રહી શકે છે.

બેક્ટેરિયા અને વાઈરસ બન્નેનો ફેલાવો આ સીઝનમાં સરળતાથી થાય છે અને એટલે શરીરમાં આ બન્નેનો સામનો કરી શકે એવી આંતરિક શક્તિ એટલે કે ઇમ્યુન સિસ્ટમ વિકસાવવી જરૂરી છે. રોજેરોજ કેટલીક ઘરગથ્થુ ચીજોનું સેવન શરીરને અંદરથી લોખંડી બનાવી શકે છે.

૧. **સૂંઠ** : વરસાદની સીઝનમાં સૂંઠ જેવાં ઉષ્ણ અને વાતહર દ્રવ્યો ખૂબ જ હિતાકારી છે. જરાક અમથી તબિયત નરમગરમ થાય તો સૂંઠ ઘરના વૈદ્ય જેવું કામ આપશે. આમ તો આદુમાંથી જ સુંઠ બને છે, પરંતુ સૂંઠ સુકાયેલી હોવાથી એમાં પ્રજીવકો નહીંવત પેદા થતાં હોય છે. આદુ જમીનમાં ઊગે છે ને ચોમાસામાં જમીનની અંદર ઊગતી ચીજોમાં હાનિકારક બેક્ટેરિયા હોવાની શક્યતાઓ વધારે હોય છે એટલે તમે જ્યાં-જ્યાં પણ આદુંનો ઉપયોગ કરતા હો, ચોમાસામાં એને સૂંઠથી રિપ્લેસ કરવું. સૂંઠ વાતનાશક તેમ જ કફનાશક તરીકે ખૂબ જ ઉપયોગી ગણાય છે. સૂંઠ ગ્રાહી ગુણ ધરાવે છે એટલે સોજા, ઝાડા અને પાણીની ખરાબીને કારણે પેદા થતા રોગોમાં ખૂબ જ સારું કામ આપે છે. ચોમાસામાં પાણીને કારણે ફેલાતાં ઇન્ફેક્શન્સનું પ્રમાણ ખૂબ વધારે હોય છે.

ચોમાસામાં રોજ ઉકાળીને ઠારેલું પાણી પીવું જ હિતાવહ છે. જોકે એમાંય રોજ દિવસમાં ઓછામાં ઓછા બે ગ્લાસ સૂંઠ નાખીને ઉકાળેલું પાણી પીવું. સૂંઠના ચૂર્ણને બદલે સૂંઠની આખી ગાંગડી જ પાણીમાં નાખીને ઉકાળવી અને ઠરે એટલે ગાંગડી કાઢી લેવી. ડિસેન્ટરી કે ફૂડ-પોઈઝનિંગને કારણે પાણી જેવા પાતળા જુલાબ થતા હોય ત્યારે સૂંઠ ઉત્તમ છે.

**નિત્ય ઉપાય** : કોઈ પણ રોગ ન હોય છતાં ચોમાસાના ચાર મહિના માટે રોજ સુંઠ, ગોળ અને ઘીની લાડુડીનો પ્રયોગ જરૂર કરવો. સૂંઠ કરતાં અડધી માત્રામાં ગોળ લેવો અને એ મિશ્રણ બરાબર લાડુ જેવું બની શકે એટલા પૂરતું ગાયનું ચોખ્ખું ઘી મેળવવું. બરાબર મસળીને એની વટાણા જેટલી ગોળ લાડુડી બનાવવી.

૨. **તુલસી** : તુલસીનાં ચારથી પાંચ પાનમાં બેક્ટેરિયા અને વાઈરલ ઇન્ફેક્શનને દૂર ભગાવવાની ગજબની તાકાત છે. આયુર્વેદમાં વ્યક્તિએ પોતાની પ્રકૃતિના આધારે તુલસીના ઉકાળાનું સેવન કરવાનું કહેવામાં આવ્યું છે. મલેરિયાને ઢૂંકડો ન આવવા દેવો હોય તો તુલસી રોજ લેવી. એનાં કાચાં પાન અથવા તો ઉકાળો કંઈ પણ.

**નિત્ય ઉપાય** : ચાર ગ્લાસ પાણીમાં એક મુઠ્ઠીભર તુલસીનાં પાન નાખી ધીમે તાપે ઉકાળવું. અડધોઅડધ પાણી બળી જાય એટલે આંચ પરથી ઉતારી ઠરવા દેવું. એ પછી ગાળીને પીવું. વાત પ્રકૃતિવાળી વ્યક્તિઓએ આ ઉકાળામાં લીંડીપીપર અને સૂંઠ નાખવાં. પિત્ત પ્રકૃતિવાળા લોકોએ સૂંઠ નાખવી અને કફ પ્રકૃતિવાળા લોકોએ સૂંઠ, કાળાં મરી અને લીંડીપીપર ઉમેરીને આ ઉકાળો લેવો. ઉકાળો ન બનાવી શકાય તો રોજ તાજાં તુલસીનાં પાંચ પાન તોડી, ધોઈને એની સાથે બે કાળાં મરી ચાવી જવાં.

૩. **અજમો** : ચોમાસામાં પાચનક્રિયા નબળી હોવાથી અપચો અને ગેસની સમસ્યા વધે છે. ખાધા પછી જાણે ગેસ ઉપર ચડતો હોય એવું લાગે છે. આ સમયે અજમાનો અર્ક ઉત્તમ નીવડે છે. બજારમાં અજમાનો અર્ક તૈયાર મળે છે, બાકી ઘરે અજમાનું પાણી બનાવીને પણ લઈ શકાય. અસ્થમાના દરદીઓ માટે ચોમાસામાં અવારનવાર દમના હુમલાથી બચવાનો આ ઉત્તમ ઉપાય છે.

**નિત્ય ઉપાય** : ચાર ગ્લાસ પાણીમાં એક ચમચી અજમો નાખીને બરાબર ઉકાળવું. લગભગ બે ગ્લાસ જેટલું પાણી બચે એટલે ગેસ પરથી ઉતારીને ઠંડું પાડી દેવું. જમતાં પહેલાં ત્રણથી ચાર ચમચી આ પાણી પીવું. એમ કરવાથી પાચન યોગ્ય રીતે થાય છે, ભૂખ લાગે છે અને વાયુ ઉપર ચડતો નથી.

ચોમાસામાં આ ઉપચાર સેવન સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે.

## Weight Loss... Weight Loss...
## V. Care Weight Loss Clinic

માટુંગામાં અમારા કેન્દ્રમાં હીટીંગ, ઇંચ લોસ, આમ ટક, ટમી ટક, થાઈ ટક, હીપ ટક, બોડી મસાજ, વેકયુમ મસાજ અલ્ટ્રા લીયો લાઈસની ખાસીયત. એક સીટીંગમાં બે ઇંચ ઘટાડો અને ફેસ ટાઇટનીંગ કરી યુવા (Young) બનો. એકવાર પધારી અવશ્ય મુલાકત લો.

**V. CARE SLIM & TRIM CENTRE**

૩૫૧, લીલા નિવાસ, ચંદાવરકર ક્રોસ રોડ, "પ્રમાણિક"ની પાછળ, માટુંગા (સે.રે.) મુંબઈ-૧૯.
(સમય : સવારના ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી)

**સૌ. વૈશાલી ચેતન દંડ** - 09870353509

શ્રી ગોવિંદજી (મંગલભા) ખીમજી દંડ - લાલાના (પુત્રવધુ)


## હાર્દિક અભિનંદન !
## "કચ્છ શક્તિ" ૨૦૧૨ એવોર્ડ વિજેતા



**શ્રી સતીશ દેવજી મૈશેરી**
(નલીયા-બેંગ્લોર)

દક્ષિણ ભારત એકમના માનદમંત્રી શ્રી સતીશ દેવજી મૈશેરીને આ વર્ષે "કચ્છ શક્તિ" તરફથી સામાજિક સેવા ક્ષેત્રે રાષ્ટ્રીયસ્તરે લબ્ધ પ્રતિષ્ઠિત એવોર્ડ અષાઢીબીજ કચ્છી નવા વર્ષે મુંબઈમાં પ્રદાન થયેલ. આ ગૌરવવંતી સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને વધુ યશસ્વી ભાવિની શુભેચ્છાઓ.

**-: શુભેચ્છક :-**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બેંગ્લોર**

## સોની પરિવાર સુથરીનું ગૌરવ



**કુ. નેહા હીરેન મેઘજી સોની (સુથરી-ભાંડુપ)**

ચિ. નેહાએ T.Y.B.Com. (Banking & Insurance) માં 63.91% ગુણાંક મેળવીને First Class ઉત્તિર્ણ થઈ છે એ બદલ હાર્દિક અભિનંદન અને ભવિષ્યમાં વિશેષ ઉન્નતિ સાથે સફળતાના શિખરો સર કરે એવી શુભેચ્છાઓ...

**-: શુભાશિષ :-**

દાદી-દાદા : **સૌ. હીરાબેન મેઘજી લખમશી સોની**
નાની-નાના : **ગં.સ્વ. ધનબાઈ શીવજી લોડાયા** (નલિયા-ઈટારસી)
મમ્મી-પપ્પા : **સૌ. ચંદનબેન હીરેન મેઘજી સોની**
કાકી-કાકા : **સૌ. પ્રીતી ભાવેશ સોની અને શીરીષ**
બહેન-ભાઈ : **જિનલ, પાર્થ અને ઓમનાં**
હાર્દિક અભિનંદન...

## એકતા લેન્ડ ડેવલપર્સ-નલીયા (કચ્છ)

**એકતા નગર-૧ છઠ્ઠા લકી ડ્રોનું પરીણામ**

**મુખ્ય ઈનામ**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી વિજેતા | ગામ/શહેર |
|---|---|---|---|
| 146 | એ.સી.(1.5ટન) | નિરેનભાઈ કે.વિકમશી | વડાલા |

| ટોકન | ઈનામ | ટોકન | ઈનામ |
|---|---|---|---|
| ૧૫૫ | રેફ્રીજરેટર | ૧૬૯ | મીક્ષર ગ્રાઈન્ડર |
| ૭૫ | માઇક્રોવેવ ઓવન | ૧૩૩ | મીક્ષર ગ્રાઈન્ડર |
| ૩૩ | ડી.વી.ડી. પ્લેયર | ૧૦૯ | મીક્ષર ગ્રાઈન્ડર |
| ૯૧ | સીલીંગ ફેન | ૨૧૪ | ટ્રાવેલીંગ બેગ |
| ૧૩૯ | સીલીંગ ફેન | ૫૦ | ટ્રાવેલીંગ બેગ |
| ૧ | સીલીંગ ફેન | ૭૧ | ટ્રાવેલીંગ બેગ |
| ૬૧ | નોકીયા મોબાઈલ | ૮૪ | ફેમિલી ટીફીન |
| ૧૨૯ | નોકીયા મોબાઈલ | ૫૯ | ફેમિલી ટીફીન |
| ૧૪૦ | નોકીયા મોબાઈલ | ૧૩૦ | ફેમિલી ટીફીન |
| ૧૨૬ | ડીનર સેટ | ૬૫ | ઈલેક્ટ્રીક પ્રેસ |
| ૧૯૭ | ડીનર સેટ | ૭૩ | ઈલેક્ટ્રીક પ્રેસ |
| ૪૧ | ડીનર સેટ | ૧૧૩ | ઈલેક્ટ્રીક પ્રેસ |

॥ નમામિ જ્ઞાતિમૈત્રે ॥

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

કાર્યાલય : C/o. સેક્રેટરી જનરલ, ૧૯-૨૦ મોનાણી સદન, નહેરૂ રોડ, મુલુન્ડ (વે.), મુંબઈ-૮૦
ફોન : ૦૨૨-૨૫૯૦૧૩૧૪/૧૫/૧૬ E-mail : samastmahajan@yahoo.com

## ટ્રસ્ટ બોર્ડની સભાનો પરિપત્ર

સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડના સર્વે સભ્યો જોગ,

સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડની બેઠક **રવિવાર તા.૧૫-૭-૧૨નાં સવારે ૧૦.૦૦ કલાકે** જગન્નાથ બેંકવેટ હોલ, લાલબહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦૦૭૮ એ સ્થળે એકત્ર મળશે. જેમાં નિમ્નલિખિત કાર્યસુચી પર કામકાજ હાથ ધરાશે. સર્વે ટ્રસ્ટીશ્રીઓને સમયસર પધારવા વિનંતી છે.

**કાર્યસૂચિ :** ૧. ગત તા.૮-૪-૧૨ની બેઠકની મિનીટસ્‌નું વાંચન અને બહાલી.

૨. જ્ઞાતિ જનજાગરણ-સંપર્ક અભિયાન અંતર્ગત પ્રાપ્ત થયેલ જ્ઞાતિજનોના સલાહ-સુચનો અંગે રજુઆત અને તેના પર ચર્ચાવિચારણા કરી અમલીકરણ માટે પગલાં લેવા જેમાં મુંબઈમાં અતિથીગૃહના નિર્માણને અગ્રતાક્રમે હાથ ધરવા બાબત.

૩. અત્યાર સુધીના પત્રવ્યવહારની રજુઆત અને તે વિષે ચર્ચા કરી ઘટતું કરવા બાબત

૪. સભા પ્રમુખશ્રી કે તેમની મંજુરીથી જે કંઈ રજુ થાય તે બાબત.

## મહાસમિતિની સભાનો પરિપત્ર

સમસ્ત મહાજનની મહાસમિતિના સર્વે સભ્યો જોગ,

જ્ઞાતિ સમસ્ત મહાજનની મહાસમિતિની એક બેઠક **રવિવાર તા.૧૫-૭-૧૨ બપોરે ૨.૦૦ કલાકે** જગન્નાથ બેંકવેટ હોલ, લાલબહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ-૭૮ એ સ્થળે એકત્ર મળશે. જેમાં નિમ્નલિખિત કાર્યસુચી પર કામકાજ હાથ ધરાશે. સર્વે સભ્યોને સમયસર પધારવા વિનંતી છે.

**કાર્યસૂચિ :** ૧) તા. ૨૮-૧૨-૧૦ની બેઠકની મિનીટનું વાંચન અને બહાલી.

૨)મેનેજીંગ ટ્રસ્ટીઓની કાર્યકાળ મુદત બંધારણ મુજબ બે વર્ષની છે તે વધારીને પાંચ વર્ષની કરવી અર્થાત સેક્રેટરી જનરલના કાર્યકાળ જેટલી જ રાખવી જેથી કાર્યો કરવામાં સરળતા રહે. આ બાબતને ટ્રસ્ટબોર્ડે મહાસમિતિની મંજુરીને આધીન સંમતિ આપી છે. જે બંધારણ સુધારા પર ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવા.

૩)અત્યાર સુધી કાર્યવાહીનો અહેવાલ.

૪)સભાપ્રમુખશ્રી દ્વારા કે તેમની મંજુરીથી જે કંઈ રજુ થાય તે પર ચર્ચા વિચારણા.

**નોંધ :** બંધારણ કલમ ૧૨(૪) મુજબ સભાની કાર્યસાધક હાજરી મહાસમિતિના ૧/૫ સભ્યોની રહેશે. કાર્યસાધક હાજરીના અભાવે મુલતવી રહેલ સભા એજ દિવસે એજ સ્થળે મુકરર સમયથી ૧ કલાક બાદ ફરી મળશે. જેને કાર્યસાધક હાજરીની આવશ્યકતા નહીં રહે.



## "તેજ જો અવાજ" કાર્યક્રમ

જ્ઞાતિગૌરવ **કવિ શ્રી તેજ**ના અમૃત મહોત્સવ વર્ષ નિમિતે **શ્રી લાલ રાંભીયા અને સાથી કલાકારો** દ્વારા પ્રસ્તુત **"તેજ જો અવાજ"** કચ્છીયતના સાંસ્કૃતિક રંગતનો કાર્યક્રમ રવિવાર **તા.૧૫-૭-૧૨ના સાંજે ૭ થી ૧૦ દરમ્યાન** રહેશે. કવિશ્રી તેજના અમૃત મહોત્સવે જ્ઞાતિ વતી તેમનું **ગૌરવ બહુમાન** કરવામાં આવશે. સાંજે ૬.૩૦ થી ૬.૩૦ દરમ્યાન ચૌવિહાર ભોજન રહેશે.

**કાર્યક્રમ શુભ સ્થળ :** જગન્નાથ બેંકવેટ હોલ, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, ડ્રીમમોલ અને કુકરેજા વચ્ચે, આઈ.સી.આઈ.બેંકની ઉપર, ૫મે માળે (લીફ્ટ સુવિધા છે), ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦૦૭૮.

***(સ્થળ મર્યાદા અને વ્યવસ્થાની દ્રષ્ટિએ કાર્યક્રમ આમંત્રિતો પુરતું સિમીત છે.)***

*ચીમન મોતા (સેક્રેટરી જનરલ)*

નમો જિણાણં

# THE SCIENCE OF DIVINE LIVING PRESENTS LIFE MANGEMENT THRU

# નમસ્કાર મહામંત્ર યોગ

- શું આપ મનની શાંતિ ચાહો છો ?
- શું આપ આર્થિક ઉન્નતી ચાહો છો ?
- શું આપ પરિવારમાં સુમેળ ચાહો છો ?
- શું આપ આધ્યાત્મિક વિકાસ ચાહો છો ?
- શું આપ શારિરિક સ્વાસ્થ્ય તથા રોગ મુક્તિ ચાહો છો ?

## વિજ્ઞાન, યોગ પદ્ધતિ તથા સંગીત માધ્યમ દ્વારા નવકાર મંત્રનો PRACTICAL ઉપયોગ

## ધર્મ, સંપ્રદાય,પંથ તથા જ્ઞાતિથી પર TOTAL LIFE MANAGEMENT

**મંત્ર એટલે શું? મન + યંત્ર = મંત્ર,યંત્ર એટલે સાધન.**

મનના ધ્યેય માટે જે માર્ગ બનવાનું સાધન બને તે મંત્ર, એટલે કે દરેક ધ્યેય માટે અલગ મંત્ર હોય છે.

**મહામંત્ર એટલે શું?**

મનુષ્ય જીવનના કોઈ પણ ધ્યેયને પ્રાપ્ત કરાવી **પરમ ધ્યેય** સુધી લઈ જાય તે **મહામંત્ર (Master Key)** છે.

નવકાર મંત્ર એ મહામંત્ર છે, તે કઈ રીતે છે ? કઈ રીતે આપણા ધ્યેયની પ્રાપ્તિ આપણા જીવનમાં થાય, એની પ્રક્રિયા શું છે અને સહજ (Effortless) રીતે એ કેવી રીતે છે. તે આ કાર્યક્રમની વિશેષતા છે. નવકાર મંત્ર યોગ દ્વારા જીવનનો All round વિકાસ થાય છે.નવકાર મંત્ર એ મહામંત્ર છે માટે આજની વૈજ્ઞાનિક થેરેપીઓ એની અંદર કેવી રીતે સમાયેલી છે તે પ્રેક્ટીકલી શીખીશું. **નવકાર મંત્ર એ સનાતન અને યુનિવર્સલ (Universal) છે, એને કોઈ ધર્મ કે સંપ્રદાય સાથે સંબંધ નથી.**

**Scienctific Therapies in Navkar Mantra : Music Therapy, Colour Therapy, Physiotherapy, Psychotherapy, Socio Therapy, Spiritual Therapy.**

**નવકાર મંત્રમાં શાસ્ત્રીય યોગો: નાદ યોગ, મંત્રયોગ, જપયોગ, લય યોગ, પતાંજલી યોગ, રાજ યોગ, ભક્તિ યોગ. જ્ઞાન યોગ, કર્મ યોગ, ક્રિયા યોગ, અધ્યાત્મ યોગ.**

## નવકાર મંત્રને જીવનમાં પ્રેક્ટિકલી ઉતારવાની ૯ સત્રની શિબીર (sessions)

| સેંટર | મુલુંડ (વેસ્ટ) | માટુંગા (સેન્ટ્રલ) | પાર્લા (વેસ્ટ) | કાંદિવલી (વેસ્ટ) |
|---|---|---|---|---|
| સમય | સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ | બપોરે ૩.૦૦ થી ૬.૩૦ | સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ | બપોરે ૩.૦૦ થી ૬.૩૦ |
| તારીખ | ૦૮ – જુલાઈ થી | ૦૮ – જુલાઈ થી | ૧૫ – જુલાઈ થી | ૧૫ – જુલાઈ થી |
| સંપર્ક | 9833283911<br>9869862373 | 9869052507<br>9821313813 | 9833133266<br>9322235233 | 9987503512<br>9619955447 |

આયોજક : પરમ સુખ જીવન વિકાસ કેંન્દ્ર, મુંબઈ www.namojinanam.org

## હાર્દિક અભિનંદન !
## "કચ્છ શક્તિ" ૨૦૧૨ એવોર્ડ વિજેતા



**શ્રી સતીશ દેવજી મૈશેરી**

(નલીયા-બેંગ્લોર)

દક્ષિણ ભારત એકમના માનદમંત્રી શ્રી સતીશ દેવજી મૈશેરીને આ વર્ષે "કચ્છ શક્તિ" તરફથી સામાજિક સેવા ક્ષેત્રે રાષ્ટ્રીયસ્તરે લબ્ધ પ્રતિષ્ઠિત એવોર્ડ અષાઢીબીજ કચ્છી નવા વર્ષે મુંબઈમાં પ્રદાન થયેલ. આ ગૌરવવંતી સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને વધુ યશસ્વી ભાવિની શુભેચ્છાઓ.

**-: શુભેચ્છક :-**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-હુબલી**


Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી,**
**રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા લેવામાં આવશે.

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ


॥ પિતૃ દેવો ભવ ॥

## ભાવભરી શ્રધ્ધાંજલી

જન્મ
૨૨-૨-૧૯૩૪



અરિહંતશરણ
૨૯-૬-૧૧

**સ્વ. વિસનજી દામજી ઘરમશી** (સાંધાણ-બારસી)

શબ્દો નથી મળતા, શું લખીએ શ્રધ્ધાંજલિમાં, નથી તૈયાર મન માનવા, તમો નથી હવે આ જગમાં !
અમ સર્વે કુટુંબીજનોને, આવે છે યાદ પલ પલમાં, કેમ લીધી અણધારી વિદાય તમો સિધાવવા સ્વર્ગમાં?
કાંટા કરી સહન જીવનમાં, પાથર્યા ફુલો પરિવારમાં, દુઃખને દાબી નિજ દિલમાં, જરી ન છલકાયા સુખમાં,
ઈશ્વરને કરીએ ફરિયાદ, આવી દયા અમારી કેમ ના? કરીએ છીએ ફરી-ફરી યાદ, વસો છો સદા અમ અંતરમાં...

**-: શ્રધ્ધાંજલિ સુમન અર્પણ :-**

**ગં.સ્વ. માતુશ્રી દમયંતી વિસનજી ઘરમશી**

પુત્રવધુ-પુત્ર : **સૌ. મનિષા મહેંદ્ર ઘરમશી**

દિકરી-જમાઈ : **સૌ. ચારૂલતા કેતન લોડાયા ● સૌ. યોગિતા વિપુલ નાગડા**

પૌત્ર : **ચિ. પ્રિત મહેંદ્ર ઘરમશી** ● પૌત્રી : **કુ. સ્મિતલ મહેંદ્ર ઘરમશી**

**સમસ્ત ઘરમશી પરિવારની શ્રધ્ધાંજલિ.**

## પ્રકાશ-સમીક્ષાના માનદ પ્રતિનિધિ : શ્રી લહેરચંદ વેલજી મૈશેરી (લાલા-ભાંડૂપ)

શ્રી લહેરચંદભાઈએ મેટ્રીક સુધીનો અભ્યાસ શેઠશ્રી નરશી નાથા બાળાશ્રમ-નલીયા ખાતે કર્યો. ગૃહપતિ શ્રી વિનોદરાય વોરાના માર્ગદર્શને સંગીત, લેખન અને વાંચનના શોખે કવિ, લેખક, સંગીતકાર, વક્તા-પ્રવકતા જેવી સાહિત્ય કળાઓ સંપાદન થઈ. ભાંડૂપમાં અનંતસિધ્ધિમાં રહેવાનું થતાં ધાર્મિક પ્રવૃતિઓ વધી. શ્રમણો સાથે નિત્ય સાંનિધ્ય સાંપડયું. આ.ભ.શ્રી ગુણસાગરસૂરીજી મ.સા.ને ***"ગુરૂજી અમારો-અંતરનાદ અમને આપો આશિર્વાદ"*** સ્લોગન સાથે **"વીર કુંવર નાના"** જેવા ગીતો અર્પણ કરતાં તેમણે **"કવિ"**ની ઉપમા આપી તેઓશ્રીના કાળધર્મ પછી આ.ભ. કલાપ્રભસાગરસૂરીજી મ.સા.ને તેઓશ્રીના સાંનિધ્યે ગીત, ગહુલીઓ, ટુચકા, શીઘ્ર રચના કરી આપતાં શીઘ્રકવિની ઉપમાએ નવાજ્યા.



મહાજનશ્રીના વ્યવસ્થાપક સમિતિમાં લગાતાર ૨૫ વરસો સુધી સભ્ય રહેતાં વિવિધ સમિતિઓમાં ઉલ્લેખનીય કાર્યો થયા. જ્ઞાતિજનોના સ્વપ્ન ધૃત, લાગા બાકી હોય તેવો જ્ઞાતિજન મહાજનશ્રીની સેવાઓનો લાભાર્થી ન બની શકે. જે માટે વિરોધ વચ્ચે ઠરાવ પાસ કરાવ્યો આજે એનું ઉચિત ફળ સમક્ષ છે!

સમુહ લગ્નના ધારાધોરણો ઘડવાથી સમિતિનાં સભ્ય રહી લગાતાર ૬૧ સમુહ લગ્નોમાં પ્રવક્તા તરીકે સેવા આપી. મહાજનશ્રીના ૬ પ્રમુખો સાથે કાર્ય કરવાનું સૌભાગ્ય મળ્યું. હાલમાં પ્રમુખશ્રી નયન ભેદાના હસ્તે એ બદલ સન્માનીત કરાયા.

શ્રી કચ્છી જૈન સંઘ-ભાંડૂપના ૨૭ વરસ સુધી મંત્રી, પાઠશાળાના ૩૭ વરસ મંત્રી, પ્રકાશ-સમીક્ષાના ૫૦ વરસથી પ્રતિનિધિ લાલા ગામે ચંદ્રપ્રભુ જિનાલયે ૭૫ વરસના આઠ દિવસની ઉજવણી મહોત્સવમાં તેમજ બે ચાતુર્માસે ઉલ્લેખનીય જવાબદારી નીભાવી.

વિવિધ સામાયિકોમાં ગીતો, ચર્ચાપત્રો, લેખો લખતાં રહ્યા છે અને વિવિધ પ્રવૃતિઓ બદલ અનેક સન્માનો પ્રાપ્ર કર્યા છે. નિબંધ સ્પર્ધામાં વિજેતા થયા. સુંદર લેખાંકન અને મરોડદાર અક્ષર હોતાં સેંકડો સ્નેહીઓને લેખીત શુભેચ્છાઓની મેટરો બનાવી આપવાનું કામ પણ કર્યું છે. જ્ઞાતિપ્રેમ, ગામપ્રેમ અને વતનપ્રેમ માટે જાગૃત સ્વભાવે, કવિ જીવ, સાલસ, મળતાવળા, ગુણાનુરાગી, નમ્ર અને વિવેકી છે.

કચ્છી ભાષામાં પ્રાસાનુપ્રાસ શીઘ્ર જવાબ અને જોડણી રચના કરવામાં માહેર.

પ્રાઈવેટ સર્વીસ, અને આર્થીક અડચણો જેવા વિપરીત સંજોગોમાં પણ ૫૫ વરસોથી સામાજીક સેવાકાર્ય કરી રહ્યા છે. જે ઉલ્લેખનીય છે લગ્નોત્સુક પાત્રોના સગપણો બાબત પણ સારી નાતસેવા કરી છે.

છેલ્લા દશેક વરસથી મહાજનશ્રી દ્વારા સન્માનીય જ્ઞાતજિનોને અપાતા મોમેન્ટોનું અલંકારિક ભાષામાં લખાણ કરવાનો પણ લાભ લીધેલ છે. છેલ્લે ૯૯ની યાત્રાએ સંઘપતીઓ, કાર્યકરોના સ્મૃતિચિન્હના લખાણ એમણે કરી આપ્યા.

મહાકાલીમાના સંખ્યાબંધ ગીતો રચ્યા છે. તેમાંય કચ્છી ભાષામાં લખાયેલ *"મહાકાલીમા આંજી આરતી ઉતારીયું"*. તો નાત તેમજ ક.વી.ઓ. સમાજના કૂળદેવીઓ, ક્ષેત્રપાળ, પીરો વગેરે સૌમાં એ આરતી હવે વધુ લોકપ્રિય બની છે. *"મુંકે ભાવ ખપે"* હર મહિલા મંડળમાં ગમતું ગીત છે.

૧૯૬૧માં પ્રકાશ સમીક્ષાના પ્રતિનિધિ તરીકે જોડાતાં લવાજમ ઉઘરાણી ઉપરાંત મૌલિક લેખો, ગીતો, કાવ્યો, ચર્ચાપત્રો, સમાચારો વગેરે લખતા રહ્યા છે અને છેલ્લા કેટલાય વરસથી "ઝૂકી તો જવાય ને" કોલમને લોકપ્રિય કરી અનેક દષ્ટાંતરૂપ જ્ઞાતિજનોની અનુમોદના કરી છે. પ્રકાશસમીક્ષાના છેડાભવન કાર્યાલયની નજીક જ સર્વીસની જગ્યા હોઈ લેખ, સમાચાર, સમયસર મોકલતા રહ્યા છે. પ્ર.સ.નાં ગ્રાહકો બનાવવામાં પણ હંમેશા સક્રિય રહી વધુમાં વધુ પરિવારોને જોડયા છે. તંત્રીશ્રી સત શાહ સાથે સમીપતાના કારણે મળતાં અનેક નાતપ્રશ્નો સમીકરણો, સૂચનોની ચર્ચાની નોંધ લેતાં જ્ઞાતિમાં એમને સૌ કોઈ પ્ર.સ.ના માધ્યમે સારી ઓળખાણ છે. દેશાવરમાં સૌ કોઈ પ્ર.સ.ના લોકપ્રિય લેખક તરીકે ઓળખે અને માન આપે છે.

જ્ઞાતિમાં પાસ થયા, વિશેષતા પ્રાપ્ર કરી તે માટે પ્ર.સ.માં જાહેરાતો કરો એવું સૂચના કરેલ તે પછી ઘણી જાહેરાતો આવતી થઈ. ઘણાંને જા.ખ.ની બાબતો બનાવી આપી છે. જેનો આત્મસંતોષ છે. ઘણા ચર્ચાપત્રો, લેખોને પ્રતિભા પરિચય અને સૂચનો માટે પ્રતિસાદ સાંપડયો છે. હાલમાં છેલ્લે પખાવાજ વિષે પણ ઘણાંએ અભિનંદન પાઠવ્યા છે.

છેલ્લા પાંચ દાયકાથી "પ્રકાશ"ના માનદ પ્રતિનિધિ પરિવારમાં જોડાઈ સમાજસેવા બદલ હાર્દિક અભિનંદન.

## ભાવભીની શ્રધ્ધાંજલિ



**સ્વ. ડોલર મુરજી છેડા**

(સુથરી-વર્ધમાનનગર)

ઉમર વર્ષ ૧૭ અરીહંતશરણ ૨-૬-૧૨

સુર્યની ઉદય અને અસ્ત એ તો નિત્ય ક્રમ છે. પરતું સુર્યનું મધ્યાને અસ્ત થવું એ અકુદરતી છે. તું અચાનક અમને છોડીને ચાલ્યો ગયો એ અસહ્ય આઘાતજનક છે. પરમાત્મા આપનાં આત્માને ચિર શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના...

**-: શોકમગ્ન :-**

**સ્વ. શા. નરશી રતનશી મોતા પરિવાર**

(લાલા – રાધણજર)


“મહાવીર”-માટુંગા “મહાવીર”-માટુંગા “મહાવીર”-માટુંગા

## ONLY REAL JARI

- સાચી જરીનાં ઘરચોળા
- સાચી જરીની સાડીઓ-ચણીયા-ચોલી
- સાચી જરીનાં પટા
- સાચી જરીની આરીની સાડીઓ ચણીયા-ચોલી
- સાચી જરીની કાંજીવરમ સાડીઓ

**સારા ભાવે વેંચાતા લઈશું.**

**રોકડા પૈસા આપવામાં આવશે.**

**મહાવીર’સ એમ્બ્રોઈડરી**

મહાવીર કંપાઉન્ડ સ્ટેશન પાસે, માટુંગા

ફોન : 2402 5070 / 6504 6030

મો. 86522 39537

(રવિવારે બંધ)

“મહાવીર”-માટુંગા “મહાવીર”-માટુંગા “મહાવીર”-માટુંગા


## લગ્નસંબંધી

મુલુન્ડ સ્થિત, જન્મ ૪૨, હાઈટ ૫’-૧૧”, લગ્નથી તુરન્ત છૂટા થયેલા નિર્દોષ ડિવોર્સી, સારી જોબ ધરાવતા **સી.એ.** યુવક માટે સંસ્કારી ખાનદાનની દીકરી આવકાર્ય. વડીલો સંર્પક કરે. મો.09819906062

E-mail : kishorshah@mtnl.net.in


**K. Dixit**

**રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.**

**કૌશિક રાયચંદ શાહ (પટેલ) - સાંધાણ**

**982045 7676**

417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E), Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in






## જન્મદિન મુબારક

જન્મદિન : ૬ જુલાઈ ૨૦૦૩

**આજના આનંદના અવસરે હાર્દિક વધામણાં...**

**ચિ. પૂજા રાકેશ લોડાયા** ~ શુભાશિષ ~

દાદી-દાદા : **શીલા માણેકજી લોડાયા**

કાકી-કાકા : **પૂર્વી કેતન લોડાયા** (ભાંડુપ-કોઠારા)

માતા-પિતા : **રાખી (પ્રેરણા) રાકેશ લોડાયા**

**R.K. INVESTMENTS -** BHANDUP

## લગ્નસંબંધી

હુબલી (કર્ણાટક) સ્થિત **ઘરમશી** અટક, જન્મ ૧૧-૪-૮૩, અભ્યાસ B.Com. ઉંચાઈ ૬ ફૂટ પોતાનો સ્વતંત્ર ધંધો, માસિક આવક રૂા.૩૦,૦૦૦/- બહારગામ કે મુંબઈની કન્યાના વડીલો સંપર્ક સાધે.

સંપર્ક : **અંજના બી. ઘરમશી :**

**ફોન : 09731711455 / 08362366402**

**ચેતન બી. ઘરમશી : 09036044799**

## કવિ તેજની કચ્છી કાવની સરવાણી – મણકો ૧૧    સંકલનકાર : સોમ ધરમશી

નરસિંહ, મીરાએ જ નહીં પણ આધુનિક યુગનાં કવિઓની કવિતામાં રંગરંગીલો છેલછબીલો કૃષ્ણ ક્યાંકને ક્યાં દેખાવાનો જ. નરસિંહ-મીરાંથી કરી આજ સુધીના કૃષ્ણ કાવ્યોનું લિસ્ટ બનાવીએ તો બહુ લાંબુંલચક બને પણ અતિ જાણીતી ગુજરાતી રચનાઓનો કવિને યાદ કરી સ્વાદ માણી આપણે કવિશ્રી તેજની કૃષ્ણભક્તિને માણીશું.

**નરસિંહ મહેતા** – "જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા...."

**મીરા** – "મેરે તો ગિરિધર ગોપાલ દૂસરા ન કોઈ..."

**દયારામ** – "ચિત તું શીદને ચિંતા ધરે,
કૃષ્ણને કરવું હોય તે કરે"

**રાજેન્દ્ર શાહ** – "હો સાંવર થોરી અંખિયન મેં
જોબનિયું ઝુકે લાલ... નાગર સાંવરિયો

**વેણીભાઈ પુરોહિત** – "સાંવરિયા કાહે હોત નઠોર
ઠાકુર મેં ઠુમરી હું તેરી, કજરી હું ચિતચોર

**મકરન્દ દવે** – "રાજ મુગટ પહેરો કે મોટો કરો
ધનુષ ટંકાર,
મોરપિચ્છ ધરી જમના કાંઠે વેણુ વાજ્યો હો."

**પ્રિયકાન્ત મણિયાર** – આ નભ ઝુકયું તે કાનજી,
ને ચાંદની તે રાધા રે..."

**વંચિત કુકમાવાળા** – "મારી હરિ ખોલશે ડેલી,
અનિમેષ નયનોથી ઊભા સકળ ભાવ સંકેલી."

**હરીન્દ્ર દવે** – "કુલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં, માધવ ક્યાંય નથી મધુવનમાં..."

**રમેશ પારેખ** – "મારા સપનામાં આવ્યા હરિ,
મને બોલાવી, ઝુલાવી વહાલી કરી..."

**સુરેશ દલાલ** – "મેં તો પૂછી પૂછીને લીધો રે,
આ કૃષ્ણ ઉછીનો લીધા રે
થોડો નરસિંહ કનેથી, થોડો મીરા કનેથી,
માંગી માંગીને રસ પીધો રે..."

**અસાતજી** – "ઈતના તુ કરના સ્વામી,
જબ પ્રાણ તનસે નિકલે;
ગોવિંદ નામ લેકર
ફિર પ્રાણ તનસે નિકલે..."

આ કૃષ્ણનું પાત્ર ન હોત તો ઘણા કવિઓની કલમ સુકાઈ જાત.. કવિ તેજે પણ કૃષ્ણ પર કચ્છીમાં રચનાઓ કરી આપણને તરબોળ કર્યાં છે. ગીતાના રચયિતા કૃષ્ણને ભજવાનો, તેમાં રંગાઈ જવાનો પણ એક લ્હાવો છે.

પ્રથમ કાવ્યમાં જ કવિ ગોપી રૂપે જશોદા મૈયાને કહે છે તારો નટખટ કાનુડો ગાયોને ચરાવતો વૃંદાવનમાં મળી જાય છે. તેનાં વાંસળીના સુર મારા ચિતડાનું ભાન ભુલાવી દે છે. ગોકુળના ગામવાસી ગાયોના ધણની વાટ જુએ છે અને જુઓ તો આ આખે આખું ગાયોનું ધણ એની વાંસળીના મોહક સુરોમાં ડોલી રહ્યું છે. હાથ જોડી વિનંતી કરીએ તો પણ બંસી બંધ કરતો નથી. જશોદા મા, જરા કાનને કહે જે કે આવો જુલમ કેમ સહેવાય..!

### જશોદા! તૉજો કનૈયો...

જશોદા! તૉજો કનૈયો ગોંઇચાનમેં પેઓ રુલે;
ગોંઇયનમેં પેઓ રુલે મુંકે રોજ વૃંડાવનમેં મિલે...
જસોડા! તૉજો કનૈયો...
બુલબુલ જૅડો બાલુડો તૉજો જડેં ડિસોં તડેં પેઓ ખિલે;
ખિલે તેરતાં લગે એડો જાણે જમનાજો જલ છિલે...
જસોડા! તૉજો કનૈયો...
કડેં ઘટામેં લિકી-લિકી મુંકે બધી બંસીસેં જલે;
સૂર સૂરીલા સુણી-સુણીને મુંજો ચિતડેજો ભાન ભુલે...
જસોડા! તૉજો કનૈયો...
ભલેં ખુસીસેં વજાય બંસી પણ ભંધ કરે ન-તો ડીં ઉલે;
ગોકુલ ગોંઇચેંજી વાટ ન્યારે ઉતે ધણ સજો પેઓ ડુલે...
જશોદા ! તૉજો કનૈયો...
છેડા વિજી ચોં બંસી ભંધ કર, અરજી ન-તો લિખ સુણે;
"તેજ" ગોપી ચેં જરા ચોજ જસોડા તું હૅડો જુલમ કીં હલે?
જસોડા ! તૉજો કનૈયો...

ગોકુળની ગોપીઓ યમુનાં નીર ભરવા જતી ત્યારે અચુક ઝાડમાં છુપાયેલો કૃષ્ણ કાંકરી મારી તેમની મટકી ફોડતો.. ઘણીવાર તો જે ગોપીની મટકી એકેવાર કાનાની કાંકરીથી ન ફુટી હોય તે ગોપી પોતાને અભાગણ માનતી, એ તેમનાં માખણ ચોરી જતો, રસ્તા વચ્ચે ઉભો રહી જોહુકમીથી હપ્તા માંગી લેતો (કાનુડો દાણ માગે) પણ તે છતાં ગોપીઓને કૃષ્ણની વાંસળીનાં સુર મધુરાને મીઠા લાગતા તે સાન ભાન ભુલી જતી.. આ બધું શ્રી તેજની કલમે જોઈએ.

કાનુડો કકરિયું મારે
હોજી રે! માડી કાનુડો કકરિયું મારે,
મારે કકરિયુંને જીવડો મુંજો બારે, હોજી રે...
પે'રે આસમાની ઓઢણી ને મથે ખણી હેલ,
આઉં જૅર વિઝાં ભરેલાય પાણી;
તરાજી પાર મથે પિપરજી ડાર ચડી,
કાનુડો તૅર વ્યૅતો જાણી;
આઉં વટાઈયાં ને કકરિયું ઉલારે,
હોજી રે ! માડી કાનુડો કકરિયું મારે...

## Treat for All...

### ગણિત ગમ્મત

**Numerical Test:** Fill Figures to Reach the Destination

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | × | | × | 2 | = | 50 |
| + | ■ | × | ■ | × | ■ | |
| 3 | + | | + | | = | 9 |
| + | ■ | + | ■ | × | ■ | |
| | × | 5 | × | | = | 60 |
| = | ■ | = | ■ | = | ■ | |
| 14 | | 20 | | 12 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 14 | × | | ÷ | | = | 7 |
| - | ■ | × | ■ | × | ■ | |
| | + | 7 | × | | = | 28 |
| + | ■ | - | ■ | + | ■ | |
| | + | | + | 6 | = | 15 |
| = | ■ | = | ■ | = | ■ | |
| 11 | | 9 | | 14 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 14 | × | 2 | ÷ | 4 | = | 7 |
| - | ■ | × | ■ | × | ■ | |
| 7 | + | 7 | × | 2 | = | 28 |
| + | ■ | - | ■ | + | ■ | |
| 4 | + | 5 | + | 6 | = | 15 |
| = | ■ | = | ■ | = | ■ | |
| 11 | | 9 | | 14 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 5 | × | 5 | × | 2 | = | 50 |
| + | ■ | × | ■ | × | ■ | |
| 3 | + | 3 | + | 3 | = | 9 |
| + | ■ | + | ■ | × | ■ | |
| 3 | × | 5 | × | 4 | = | 60 |
| = | ■ | = | ■ | = | ■ | |
| 14 | | 20 | | 12 | | |

ANSWER

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ■ | ■ | | | | | | |
| | ■ | ■ | | | | | ■ | ■ | | | |
| | | | | ■ | ■ | | | | | | |
| | | | | ■ | | | | ■ | ■ | | |
| ■ | ■ | | | | | | | ■ | | ■ | ■ |
| 2 | 4 | 6 | ■ | | | ■ | | | | | |
| | ■ | | ■ | | | ■ | | | | | ■ |
| | ■ | | | | ■ | | ■ | | | | |
| | | ■ | ■ | ■ | ■ | | ■ | ■ | ■ | | |
| | | | | ■ | ■ | ■ | | | | | |
| | | | | | ■ | | ■ | ■ | | ■ | ■ |
| ■ | | | ■ | ■ | | | | | | | ■ |

**Figures Forest**

Put appropriate figures given below in blank boxes. We have already given figure 246 for start.

2 digits : 15, 29, 49, 54, 65, 56, 73, 75, 86, 89

3 digits : 123, 158, 246, 219, 363, 635, 764, 824, 929

4 digits : 1492, 2398, 3155, 4285, 3864, 5168, 5237, 5314, 7926, 7927, 8194, 8647, 9168

5 digits : 14968, 18296, 38954, 43572, 53472, 76475, 78355

6 digits : 163857, 247851, 329184, 753894, 823641, 951462

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 9 | 4 | ■ | ■ | 1 | 6 | 3 | 8 | 5 | 7 |
| 6 | ■ | ■ | 3 | 8 | 6 | 4 | ■ | ■ | 2 | 1 | 9 |
| 4 | 2 | 8 | 5 | ■ | ■ | 9 | 5 | 1 | 4 | 6 | 2 |
| 7 | 9 | 2 | 7 | ■ | 3 | 6 | 3 | ■ | ■ | 8 | 6 |
| ■ | ■ | 3 | 2 | 9 | 1 | 8 | 4 | ■ | 1 | ■ | ■ |
| 2 | 4 | 6 | ■ | 1 | 5 | ■ | 7 | 6 | 4 | 7 | 5 |
| 4 | ■ | 4 | ■ | 6 | 5 | ■ | 2 | 3 | 9 | 8 | ■ |
| 7 | ■ | 1 | 5 | 8 | ■ | 5 | ■ | 5 | 2 | 3 | 7 |
| 8 | 9 | ■ | ■ | ■ | ■ | 4 | ■ | ■ | ■ | 5 | 6 |
| 5 | 3 | 1 | 4 | ■ | ■ | ■ | 3 | 8 | 9 | 5 | 4 |
| 1 | 8 | 2 | 9 | 6 | ■ | 7 | ■ | ■ | 2 | ■ | ■ |
| ■ | 7 | 3 | ■ | ■ | 7 | 5 | 3 | 8 | 9 | 4 | ■ |

ANSWER

## પ્રકાશ–મંજુષા : આપણે કચ્છ દેશમાં કેમ ગયા?

***તંત્રી નોંધ :*** *(જેમ વખત વીતતો જાય છે તેમ ક્યો સમુદાય કે ક્યાંથી ક્યાં આવ્યો? કેમ આવ્યો? વગેરે વાતો વિસરાતી જાય છે. સાથે સાથે કેટલાક લોકો માટે તે કોપડા ઉકેલવા બહુ રસપ્રદ બની જાય છે. જ્ઞાતિના દરેક દાયકે આ માટે પ્રયત્ન થયા છે. ૧૯૩૩માં થયેલ યાદો એક પ્રયત્ન જૂની માહિતી સાથે તે વખતની દ્દષ્ટિએ ઇ.સ.૧૮૫૦ સુધીની માહિતી આપવાનો પ્રયત્ન કરે છે. તે નોંધપાત્ર છે. "પ્રકાશ"ના પોષ ૧૯૮૯ (સને ૧૯૩૩) અંકમાં આ લેખ પ્રગટ થયેલ છે.)*

સને ૧૯૩૫ની સાલમાં પારકરના દેશપાલી શહેરના શ્રાવકો, એક મોટો દુકાળ પડવાથી, લગભગ પાંચ હાજર ઘર તે ગામ છોડીને સિંધુ પ્રદેશમાં અનાજ છુટથી મલે છે એવું ધારીને ત્યાં ગયા. ત્યાં મહેનત કરીને પોતાનું ગુજરાન ચલાવવા લાગ્યા. કાળે કરી બે ત્રણ પેઢીઓ પછી તેઓ પોતાની ધર્મકરણી ભૂલી ગયા કારણ કે તે પ્રદેશમાં કોઈપણ ધર્મ ઉપદેશક હતો નહિ. તેઓને એટલું જ યાદ રહ્યું કે તેઓ અમુક અમુક ગોત્રના જૈનો હતા.

લગભગ ૧૭૦૦ની સાલમાં અચલગચ્છના યતિશ્રી ફરતા ફરતા કચ્છના રાવ પાસે પહોંચ્યા અને કહ્યું જે મારો આદરમાન કરો તો હું વાણીઆઓની એક મોટી વસ્તી રાજ્યમાં લાવી આપું. રાજાએ ઇનામમાં જાગીર આપવાનું તથા ગુરૂભાવ રાખવાનું વચન આપ્યું. તે પરથી પેલા યતિ સિંધમાં પહોંચ્યા અને ત્યાંના શ્રાવકોને મલીને પૂછ્યું કે તેઓ સુખી હતા કે દુઃખી જવાબમાં તેઓએ જણાવ્યું કે ત્યાંના મુસલમાન લોકો તેમને બહુજ સતાવતા હતા. કોઈ જાનવર બીમાર પડે તો કાજીને ખબર આપવી પડતી જે જલદી આવી તે જાનવરના ગળા પર તરત છુરી ફેરવી દેતો. એટલું જ નહિ પણ તેમનામાંના ઘણાંખરા તો ક્યારના મુસલમાન થઈ ચુકયા હતા. આ કથન સાંભળીને પેલા યતિએ તેમને પોતાની સાથે કચ્છ દેશમાં રાવખેંગાર પાસે જવાની સૂચના કરી અને તે શ્રાવકો યતિની સાથે કચ્છ તરફ રવાના થઈ ગયા. રાવખેંગારે તેમને સુથરી, નલીઆ, જખૌ આદિ ગામોમાં વસવાની સગવડ કરી આપી અને તેમને બહુ માનપાન આપ્યું અને પોતે યતિ રાજ્યના માનીતા જાગીરદાર થયા. એક તો રાજમદ અને બીજું વિનામૂલ્યે જાગીર મળી એટલે એ યતિએ ઉપદેશ વિગેરે આપવાનું બંધ કર્યું. શ્રાવકો ખેતી કરવા લાગ્યા તેથી કાળે કરી તેમની સ્થિતિ છિન્ન ભિન્ન થઈ. ગચ્છ તેથી રાજાએ પોતાના પુરોહિત-રાજગુરૂને તે લોકાના પણ ગુરૂ બનાવી દીધા. જન્મ, લગ્ન યા મરણ એવા દરેક સારા નરસા પ્રસંગે આ બ્રાહ્મણો પોતાના ઘર ભરવા લાગ્યા. તેમણે શ્રાવકોને પાપલીલા શીખવી અનેક દેવ દેવીઓ પૂજાવવા લાગ્યા. એ સઘળા લોકો ખેતી કરતા હોવાથી એમાંથી કોઈ પણ ધનવાન ન હતા. કારણ લખ્યું છે જે -

***વાણીજ્યે વર્ધતે લક્ષ્મી કિંચિત કિંચિત કર્ષણે ।***
***અસ્તિ નાસ્તિ ચ સેવાયાં ભિક્ષા નૈવચ નોચચ ॥***

અર્થાત વ્યાપાર કરવાથી લક્ષ્મી વધે છે, ખેતીથી કોઇવાર પૈસો મળે છે (તો કોઇવાર વરસાદ ન પડે એવા પ્રસંગોએ કરજ પણ થઈ જાય છે). નોકરીથી પૈસો મળ્યા ન મળ્યા જેવો છે જ્યારે ભીખ માગનાર તો કોઇ દિવસ પણ ધન ભેગું કરી શકતો નથી.

એ રીતે ત્યાં એ લોકો ગુજરાન ચલાવતા હતા તે વખતે અંગ્રેજોએ મુંબઈ બંદર વસાવ્યું. તે અરસામાં અચલગચ્છના પૂજ્ય શ્રી રત્નસાગરના દાદા ગુરૂ સંવત ૧૮૦૦ ની સાલમાં કચ્છ દેશમાં પધાર્યા. તે પહેલાં તેઓ મારવાડમાં વિચરતા હતા. તેઓ જે જે ગચ્છોને પ્રતિબોધતા તેમને દરેક યુક્તિથી પોતાના પક્ષમાં ખેંચી શકતા. તેમણે કચ્છમાં પણ ઉપદેશ દેવાનું શરૂ કર્યું.

સંવત ૧૮૦૦ ની સાલ લગભગ વસ્તી છોડી જવાનું થતા કન્યાઓની અછતના કારણે કચ્છના શ્રાવકોએ પુનર્લગ્નો કરવાનું શરૂ કર્યું. તેવે સમયે ઉપરોક્ત સાધુ મુનીએ તેમને ઉપદેશ આપ્યો કે ખેતીમાં મહાપાપ છે. ઘણા ભાઈઓને સોગંદ આપી મુંબઈ મોકલ્યા. ત્યાં જેઓ શરીરે મજબુત બાંધાના હતા તેઓ મજુરી કરીને પોતાનું ભરણ પોષણ કરવા લાગ્યા. વખત જતાં પૈસોવધતાં તેમણે વેપારી કંપનીઓ ઉભી કરી. ધન વધવા સાથે તેમની કળા પણ વધવા લાગી. શેઠ નરશી નાથા પ્રથમ લક્ષાધિપતી ધર્માત્મા થયા તેમણે પોતાથી બનતી દરેક મદદ આપી પોતાની ન્યાતને સુધારી. તેમણે જુદી જુદી જગ્યાઓએ ઘણો પૈસો ખર્ચી દેરાસરો, ધર્મશાળાઓ બંધાવી. જે બંધાવ્યાને લગભગ દોઢસો વર્ષો થવા છતાં હજુ કાયમ છે. કચ્છી શ્રાવકો જેટલું માનપાન સાધર્મીક ભાઈઓને આપે છે તેટલું ભાગ્યે જ બીજું કોઈ આપે છે. દશા ઓશવાળ ન્યાતમાં થતા પુનર્લગ્નો શેઠ નરશી નાથાએ બંધ કરાવ્યા. સૌ જણ ધાર્મીક કાર્યોમાં રસ લેવા લાગ્યા. પરંતુ લક્ષ્મી વધવાથી એક ખરાબ પરિણામ આવ્યું અને તે કુસંપ, છતાં કચ્છી દશા ઓશવાળ ફક્ત અચલગચ્છમાં જ માનનારા છે. જ્યારે મંડવી બંદર મારવાડ આદી અન્ય ગામોમાં વ્યાપાર્થે જે વિશા ભાઈઓમાંથી આવી વસ્યા તેમાંના સેંકડો ઘરો ખડતર ગચ્છમાં માનવા લાગ્યા, અને ગુજરાતના જૈનો જેઓ કચ્છમાં ગયા તેઓ તપાગચ્છમાં માનવા લાગ્યા.

**- પી.ડી.**




## અબડાસાની પાંજરાપોળો

કચ્છી જૈન સમાજ દ્વારા જીવદયામાં દાનનો પ્રવાહ સારો વધી રહ્યો છે. અબડાસામાં જ્ઞાતિની કોઠારા, જખૌ, સુથરી, નલીયા તથા તેરા વગેરે સ્થળે પાંજરાપોળો વ્યવસ્થિત ચાલી રહી છે. જેમને કચ્છી જૈન સમાજના દાનના પ્રવાહથી વ્યવસ્થા જાળવવામાં સારી મદદ થાય છે. એક જ્ઞાતિબંધુ તરીકે આ સમાચાર જાણી આનંદ થયો. આપણી પાંજરાપોળના વ્યવસ્થાપકો, ટ્રસ્ટીઓ અને અધિકારીઓને નમ્ર વિનંતી કે પોતાની સંસ્થાની વાર્ષિક બેલેન્સશીટ "પ્રકાશ-સમીક્ષા"માં પ્રકાશિત કરવી જોઈએ જેથી જ્ઞાતિને સારી રીતે ચાલી રહેલ વહીવટની જાણ થાય આશા છે સંસ્થાના અધિકારીઓ વાર્ષિક બેલેન્સશીટ બહાર પાડી જ્ઞાતિને સંસ્થાઓની પુરી માહિતી આપશે.

દરેક સંસ્થાએ અવારનવાર માહિતી-અહેવાલ મોકલવા જોઈએ. દરેક પાંજરાપોળની ઢોર સંખ્યા, દૈનિકખર્ચ અને બેંક A/c. નંબર મોકલવા જેથી લોકો સારા-નરસા પ્રસંગે સ્મૃતિમાં જીવદયા ફંડ માટે રકમ સીધેસીધી ભરી શકે. ઘણી સંસ્થા પાસે આવકવેરા રાહત રૂપ ૮૦જીનું સર્ટીફીકેટ પણ હશે.

***વડાલા ૧૬-૬-૧૨*** ***ઉત્તમચંદ લક્ષ્મીચંદ લોડાયા***

## ચક્ષુદાન-દેહદાન સંદેશ

ચક્ષુદાન-દેહદાન, સ્કીન ડોનેશન આદિ મહત્વનો મેસેજ આમજનતા સુધી પહોંચાડવા શ્રીમતી લીના હીરેન લોડાયા (વરાડીયા-મુલુંડ) પ્રાર્થનાસભામાં છેલ્લી ૫ મિનિટ બાકી હોય ત્યારે અસરકારક શૈલીમાં વક્તવ્ય આપવાની સેવા કરે છે. જે ખરેખર અનુમોદનીય છે.

મુલુંડ, ભાંડુપના વિસ્તારમાં આ બાબત સેવા મેળવવા શ્રીમતી લીનાબેન લોડાયાનો ૯૮૬૭૭૫૪૯૨૮ ઉપર સંપર્ક કરી શકાશે.

***મુલુન્ડ ૨૬-૬-૧૨*** ***કુલીનકાંત લુઠીયા***

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

## અનંતછાયાનું રીડેવલપમેન્ટ

"અનંતછાયા"ના વેચાણ માટે શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ લીધેલ નિર્ણય જ્ઞાતિના હિતોનું કેટલી હદે નિકંદન કરે છે તે વિષે જેટલું લખીએ તેટલું ઓછું છે!

"અનંતછાયા" ઘાટકોપરમાં જે રોડ પર આવેલું છે તેમાં તેનાથી પાંચેક મકાન દૂર જય મહાવીર કો-ઓપ. સોસાયટીએ તેમની મિલકત સ્વતઃ ડેવલપર કરી તેની પ્રશંસા કરતો લેખ તાજેતરમાં "જન્મભૂમિ"માં પ્રકાશિત થયો છે તેનો અમુક અંશઃ અહીં પ્રસ્તુત છે.

"૨૦૦૫માં સોસાયટીના સભ્યોએ આંખી ઇમારત જાતે ડેવલપ કરવાનો નિર્ણય કર્યો. આ હિંમતભર્યો નિર્ણય હતો, કારણકે સામાન્ય રીતે કોઈ ડેવલપરને સોંપવાનો અભિગમ હોય, સોસાયટીના રહેવાસીઓ જાતે બિલ્ડિંગ બાંધે અથવા બાંધવા તૈયાર થાય એવું ભાગ્યે જ બને છે, પણ જય મહાવીર સોસાયટીના કિસ્સામાં શક્ય બન્યું છે. આ શક્ય થવાનું એક કારણ એ કે સોસાયટીમાં કેટલાક બીલ્ડરો રહે છે. તેમણે જાતે ડેવલપ કરવાથી લોકોને શો ફાયદો થશે તેની સમજણ આપી. ૩૫ ફ્લેટની જગ્યાએ ૫૦ ફ્લેટ બન્યા. પરાંમાં બે એફએસઆઈ મળે છે અને બીલ્ડરનો નફો આ બન્ને લાભ સોસાયટીના સભ્યો વચ્ચે વહેંચાયો, જે લોકોને પોતાના મૂળ ફ્લેટ કરતાં વધારે જગ્યા જોઈતી હતી એ ફાયદો મળ્યો અને જે લોકોએ પોતાની જગ્યા જેટલી જ જગ્યા લીધી તેમને કોમ્પેન્સેશન મળ્યું."

આપણી જ્ઞાતિમાં તો અનેક અનુભવી અને સેવાભાવી બિલ્ડરો છે. અત્યારના ટ્રસ્ટબોર્ડમાં પણ મુખ્ય ટ્રસ્ટી ખુદ બીલ્ડર છે, જેમણે કેટલાક સમય પહેલાં દશા-વીશા જ્ઞાતિને ૫૦૦ ફ્લેટો નિઃશુલ્ક આપવાનું વચન આપેલ (જે વિષે ત્રણેક વર્ષ થયાં પણ તેમણે ચૂપકીદી રાખેલ છે. જે મુંબઈ મહાજનના સન્માનીય હોદ્દાની પ્રતિષ્ઠાને ઝાંખપ લગાડે છે) તેઓ પણ પોતાનું પ્રદાન કરી શકે તેમ છે. બીજા કેટલાક ટ્રસ્ટીઓ અને વ્ય. સમિતિના સભ્યો અને મહાજનશ્રીના અધિકારીઓ શેહમાં આવીને અને ડરના માર્યા, "અનંતછાયા" ના વેચાણ અંગે મનમાં નારાજ છે પણ નૈતિક હિંમત બતાવી શકતા નથી કે નથી રાજીનામું આપી છુટા થતા! આથી જ્ઞાતિને વધારે ને વધારે નુકસાન થઈ રહ્યું છે.

***૨૪-૬-૧૨ મુંબઈ*** ***- એક ભૂતપૂર્વ ટ્રસ્ટી***

## ગરવા ગુરૂરાજ : આચાર્ય શ્રી હરિભદ્રસૂરી

*– શ્રી જીવરાજ દેવજી મોતા, બી.એ.*

આ મહાન આચાર્યે જે ૧૪૪૪ ગ્રંથો રચ્યાં છે તેમાંના ઉત્તમોત્તમ ગ્રંથોનો આજે ઘણો ભાગ ઉપલબ્ધ થતો નથી. આજે કાળના દોષને લીધે, ભારતવર્ષ ભર થએલા યવન આક્રમણોને લીધે, આ ગમે તે કારણે એ મહાત્માના માંડમાંડ ૫૦-૬૦ ગ્રંથો વિદ્યમાન જોવામાં આવે છે. જેટલા ગ્રંથો મળી આવ્યા છે તેટલા પણ અર્થગૌરવવાળાં, ગંભીર વિષયોની ચર્ચાવાળાં, અત્યારે જૈનસમાજમાં જે વિષયો બહુ ચર્ચાસ્પદ થઈ પડ્યા છે (દીક્ષા પ્રકરણ, દ્રવ્ય પૂજા, ભાવ પૂજા આદિ) તે વિષયોને સારી રીતે બુધ્ધિપૂર્વક છણનારા, ઉત્તરપક્ષ તથા પૂર્વપક્ષની દલીલોનું નિરાકરણ કરનારા, શુદ્ધ સ્યાદ્વાદ શૈલીનું પ્રતિપાદન કરનારા છે. શાસ્ત્રના અભ્યાસ માટે, જૈન ધર્મનું સ્વરૂપ સમજવા માટે, સમ્યકજ્ઞાન મેળવવા માટે, આટલા ગ્રંથો પણ આજીવન આપણા માટે બસ છે.

પૂર્વે હિંદુસ્થાનમાં ચરિત્ર લખવાનો રિવાજ પ્રાયઃ ન હતો. તેથી ભૂતકાળના મહર્ષીઓના જીવનચરિત્ર સંબંધી આપણને બહુ થોડું જાણવાનું મળી આવે છે. તેમના અનેક ગ્રંથો વિદ્યમાન હોય છે, પણ ગ્રંથકર્તાની જન્મભૂમિ, માતાપિતા, કાળ, ચારિત્ર વગેરેનું બહુ અજ્ઞાન આપણને મળી શકે છે. આજની વસ્તુના નાયક સંબંધી પણ આપણે એવી લાચાર સ્થિતિ અનુભવીએ છીએ.

હરિભદ્રસૂરીના કાળના નિર્ણયમાં પણ બહુ મતભેદ જોવામાં આવે છે. વળી હરિભદ્રસૂરીના નામના ઘણા આચાર્યો થઈ ગયા છે. છતાં પ્રસ્તુત હરિભદ્રસૂરીના વિષયમાં તેમણે "મહત્તરા સુનુ" તથા "વિરહ" શબ્દના અંક વડે દરેક ગ્રંથાં જે સ્પષ્ટ રીતે ઉલ્લેખ કર્યો છે તેથી તેમને કતિઓ ઓળખવામાં આપણને અપરોક્ષપણે ઘણી સહાય્ય મળી રહે છે.

હરિભદ્રસૂરી વિક્રમના છઠ્ઠા સૈકામાં વિદ્યમાન હોય એમ જણાય છે. તેઓ ચિતોડના રાજા જીતારીના પુરોહિત બ્રાહ્મણ હતા. વિદ્યાભ્યાસમાં કુશળ હતા અને વેદોના પારંગામી હતા. સ્વભાવે વિદ્યાના મદ વડે ગર્વિષ્ટ હતા. "મને જીતવાને કોણ સમર્થ છે?" એવો એમના મનમાં ગર્વ હતો. પોતાને અભેદ્ય, અજિત માનતા હતા. સર્વ વાતે પોતાને હોશિયાર, પારંગત માનતા હતા. તેમણે પ્રતિજ્ઞા કરી હતી. કે "બીજો જે કાંઈ બોલે તેનો અર્થ હું સમજી નહિ શકું તો મારે તેના શિષ્ય થઈ રહેવું." આ પ્રમાણે જ્ઞાનના મદોન્મત્ત થઈને તેમજ રાજસન્માન વડે વિશેષ માની બનીને વિચરતા હતા. માન અને ગર્વ કોઈનું રહ્યું નથી. શેરને માથે સવાશેર હમેશ હોય છે. ભલભલા જ્ઞાનીઓના માનનું મર્દન થયું છે, તો પછી હરિભદ્રસૂરી અપવાદરૂપ કેમ રહી જાય? એક પરમજ્ઞાની સાધ્વી એમના માનનું મર્દન કરવા કારણભૂત થયાં. હરિભદ્ર વિપ્રના જીવનમાં નવો પલટો આણનાર એ મહા સાધ્વી એમના આત્મ હિતસાધક બન્યા. આ પ્રસંગ નીચે છે.

એક સમયે હરિભદ્રસૂરી વિપ્ર કોઈ ઉપાશ્રય સમીપ થઈને જતા હતા. ત્યાં યાકિની મહત્તરા નામે મહા પવિત્ર સાધ્વીના મુખથી નીચેની ગાથા સાંભળી :

*ચક્કી દુગં હરી પયાગં,*
*પયાગં ચક્કીણ કેસવો ચક્કી;*
*કેસવ ચક્કી કેસવ,*
*દુ ચક્કી કેસીઅ ચકીઅ ॥૧॥*

**અર્થ** : બે ચક્રવર્તી થયા, પછી પાંચ વાસુદેવ થયા, પછી પાંચ ચક્રવર્તી, પછી એક વાસુદેવ, પછી એક ચક્રવર્તી, પછી એક વાસુદેવ, પછી એક ચક્રવર્તી, પછી એક વાસુદેવ, પછી બે ચક્રવર્તી, પછી એક વાસુદેવ અને છેવટે એક ચક્રવર્તી એમ આ અવસર્પિણી કાળે ભરતક્ષેત્રમાં કાળક્રમે બાર ચક્રવર્તી અને નવ કેશવ (વાસુદેવઃ) થયા. આવો અર્થ આ ગાથાનો થાય છે. પણ હરિભદ્રને આ અર્થ સમજાયો નહિ. તેથી અભિમાનમાં આવી જઈને તેમણે સાધ્વીને પૂછ્યું "રે સાધ્વી, આ શું ચકચક કરી રહી છે? આર્યા યાકિની મહત્તરા સમયજ્ઞ હતાં. તેમણે પણ હરિભદ્ર વિપ્રને જડબાંતોડ જવાબ આપ્યોઃ

**"નવ લિમં ચિક ચિકાયતે"** એ પ્રમાણે દ્વિઅર્થી બોલ્યા. "નવું લીપેલું ચકમકે તેમ નવો નિશાળીઓ છે તેથી મારૂં બોલવું તને ચકચક રૂપે લાગે છે." એમ એને ઓળંભો આપ્યો. હરિભદ્ર શકિની મહત્તરાના વચન સાંભળી ભોંઠો પડ્યો. બીજાની મશ્કરી કરવા જતાં પોતે હાંસીપાત્ર બન્યો. હરિભદ્ર તત્વજિજ્ઞાસુ હતો. પ્રકૃતિએ સરળ અને સત્યગ્રાહક હતો. ોતાની પ્રતિજ્ઞા પ્રમાણે યાકિની મહત્તરા સાધ્વી પાસેથી અર્થ શ્રવણ કરીને તેમનો શિષ્ય થવા કહ્યું. મહાન્ વિદ્વાન સાધ્વીએ હરિભદ્રને પોતાનો આચાર સમજાવ્યો. પુરૂષોને શિષ્ય બનાવવાનો પોતાને અધિકાર નથી, પણ ધર્માચાર્ય શ્રી જિનભદ્રાચાર્ય પાસેથી યતિ ધર્મની દિક્ષા ગ્રહણ કરવા હરિભદ્ર વિપ્રને પ્રેરણા કરી. હરિભદ્રે તમે જ મારા ગુરૂ છો." એમ વારંવાર કહ્યા છતાં તેને સમજાવી જિનભદ્રાચાર્ય પાસેથી દિક્ષા અપાવી. દિક્ષા અપાવવા પહેલાં શ્રી હરિભદ્રસૂરીને સાધ્વીજી જિનમંદિરે દર્શને તેડી ગયા હતા. સ્તુતિ કરતાં હરિભદ્રસૂરી નીચેની ગાથા બોલ્યા :

*વપુરેવ તવાચષ્ટે ભગવન્ વીતરાગતામ્*
*ન હિ કોટરે સંસ્થેઽગ્નૌ તરુર્ભવતિ શાદ્વલ ॥૧॥*

અર્થઃ- અહો ભગવન્ ! આપનું શરીર જ આપનો

વિતરાગ ભાવ પ્રદર્શિત કરે છે. કારણ કે જો વૃક્ષના ગટરમાં અગ્નિ હોય તો તે નવપલ્લવિત કેમ થઈ શકે? વગેરે શ્લોકો વડે સ્તુતિ કરીને યાકિની મહત્તરાએ જિનભદ્રાચાર્ય પાસેથી તેમને જૈન ધર્મની દિક્ષા અપાવી. જૈન ગ્રંથોમાં "યાકિની મહત્તરા સૂનુ" એ બિરૂદ વડે તેઓ પ્રસિદ્ધ છે. તેમણે આવશ્યક નિર્યુકિતની ૨૨૦૦૦ શ્લોકની ટીકા રચી છે અને આ પ્રસંગને યાદ કરીને "ચક્કીદુગ." એ શ્લોક ઉપર વિસ્તારપૂર્વક બોધદાયક અને આનંદજનક વિવેચન કર્યું છે. શ્રીમાન્ હરિભદ્રસૂરીએ રચેલ "ષડ દર્શન સમુચ્ચય"ની ઉપર ટીકા લખનાર શ્રી ગુણરત્નસૂરીએ મંગલાચરણમાં હરિભદ્રસૂરી સંબંધી નીચે પ્રમાણે લખ્યું છે.

યાકિની મહત્તરા વચના વ બોધ લબ્ધ બોધિ બંધૂર ।।

પુનિત સાધ્વી યાકિની મહત્તરાના વચનવડે બોધ પામી જેમણે બોધિબીજ અર્થાત્ સમ્યકત્વ પ્રાપ્ત કર્યું છે એવા શ્રી હરિભદ્રસૂરી... વગેરે.

હરિભદ્રસૂરી વિદ્વાન તો હતા જ અને ગર્વનું ખંડન થતાં પાત્રતા મેળવી. એમણે ગુરૂગમથી અનેક વિદ્યાઓ સંપાદન કરી. તેઓએ રહસ્યમય લબ્ધિઓ મેળવી. સુવર્ણસિદ્ધિ, સિદ્ધપુરુષ સિદ્ધિ, પાતાળગામિની વિદ્યા, આકાશગામિની વિદ્યા, પરકાય પ્રવેશ વિદ્યા, આકર્ષણ વિદ્યા, જગપ્રવેશ ગુટીકાદિ વિદ્યાઓ સાધી. સાધુ પુરુષોને અણિમા ગરિમાદિ લબ્ધિઓ તો વિના પ્રયાસે સાંપડે છે. પણ તેમાં તેમને લોભ નથી હોતો. જેઓ એ લબ્ધિઓ અને અસાધારણ શક્તિઓમાં લલચાય છે તેઓ આત્મસાધનમાં આગળ વધતાં અટકી પડે છે. જેઓને આ શક્તિઓ, લબ્ધિઓ અનાયાસે પ્રાપ્ત થવા છતાં તેમનો નિર્લેપપણે આત્મવિકાસ પ્રત્યે લક્ષ્યબિંદુ રહે છે તેવા અત્યુત્તમ યોગીઓને આ સંસાર તરી જવો સહેલો છે પણ જેઓ લબ્ધિની મોહીનીના સપાટામાં આવી જાય છે તેઓ કષ્ટસાધ્ય સાધનાઓને ફોક કરે છે. સંસારસાગર તરવાના બદલે સંસારની મોહિની તરફ આકર્ષાય છે. ભોળા જીવો, ચમત્કારને નમસ્કાર કરવાવાળાઓ, તેમને ઘેરી વળે છે. તેઓ પોતાની આસપાસ નવી દુનીયાની જંજાળ ઉભી કરે છે. લોકો તેમની પાછળ પડે છે. સ્ત્રીઓ તેમની પાછળ ફરે છે. અને લોકાને પોતાની શક્તિનું દિગદર્શન કરાવવા જતાં આખરે એ લબ્ધિલિપ્ત આકર્ષણ કરનાર મહાત્માઓ, સાધુઓ અને યોગીઓ પોતે જ સંસારના રંગ નાનાવિધ રંગો વડે લેપાય છે અને અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ જેવા થઈ બન્ને બાજુથી પસ્તાવાને લાયક બને છે. નથી રહેતા તેઓ સંસારને યોગ્ય અને એક વખત પતિત બનવાથી નથી પ્રાપ્ત કરી શકતા સિધ્ધપદને ।

## પાસ થયા – હાર્દિક અભિનંદન !

| | |
|---|---|
| વરૂણ વીરચંદ લાલકા-ઘાટકોપર | SSC-86.60% |
| વામા પંકજકુમાર લાપશીયા-નાંદેડ | SSC-90% |
| હીના (ડોલી) બીપીન મોતા-નાંદેડ | SSC-88% |
| શક્તી ભુપેન પોલડીયા-નાંદેડ | SSC-85% |
| નિકીતા નીરિન નાગડા-નાંદેડ | SSC-70% |
| કરણ દિપક લાપસીયા-નાંદેડ | B.Com. |
| ભાગ્યશ્રી બીપીન મોતા-નાંદેડ | F.Y.B.Com.-% |
| ખુશ્બુ પ્રદીપ નાગડા-હુબલી | PUC-2 - 92.5% |
| અનંત કુમારપાલ ડાઘા-કોઈમ્બતુર | SSC-78% |


વગર દવાએ સરળ ઉપચારથી
રજવાડીઠાઠથી જીવવાની કળા

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થૈરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થૈરાપી એક્યુપ્રેસર થૈરાપી • પાસ થૈરાપી • બુંહાગ ઈન્સ્ટ્રુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થૈરાપીના નિષ્ણાત.

આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે

Raajendra S. Shah (Sr. therapist) Matunga,
Mob.: 9820002953 • Tel.: 022-24121234


## ભાવભીની શ્રધ્ધાંજલિ



**સ્વ. ડોલર મુરજી છેડા**

(સુથરી-વર્ધમાનનગર)

ઉમર વર્ષ ૧૭ અરીહંતશરણ ૨-૬-૧૨

આપનો પરોપકારી માયાળુ સ્વભાવ, કુટુંબ સમાજ વાત્સલ્ય અને ઝિંદાદિલ કાર્યો અમારા અંતર હૃદયમાં હંમેશા અંકાયેલા રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના...

-: શોકમગ્ન :-

**શ્રી મુરજી લક્ષ્મીચંદ છેડા**
**શ્રી હીરાચંદ લક્ષ્મીચંદ છેડા**
**શ્રી હેમંત લક્ષ્મીચંદ છેડા**
**શ્રી દામજી પત્રામલ છેડા**

## અચલગચ્છાધિપતિ ભટ્ટારક શ્રી જીનેન્દ્રસાગરસૂરિશ્વરજીની ટૂંકી જીવનરેખા - *શ્રી નારાણજી મણશી લોડાયા*

કચ્છ ગોધરા મધ્યે શા. કલ્યાણજી જીવરાજ છેડાને ત્યાં સં. ૧૯૨૯ની સાલમાં તેમનો જન્મ થયો હતો. તેમનું નામ જેસંગભાઈ અને તેમની માતાનું નામ લાછબાઈ હતું. લાછબાઈ તેમની બાલ્યાવસ્થામાં સ્વર્ગવાસી થતાં તેમના પિતા પોતે વૈરાગ્યલક્ષિત આત્મા હોઈ તેમને દીક્ષા લેવાની ઇચ્છા થઈ. પણ શીશુ વયના બાળકને નિરાધાર સ્થિતિમાં મુકી પ્રવજ્યા કેમ ગૃહણ કરી શકાય? એટલે તેઓ સંજોગોને આધીન રહી ગૃહવાસમાં રહી પુત્રનું પાલણપોષણ કરવા લાગ્યા.

એક દિવસ એક બ્રાહ્મણ ફરતો ફરતો ભીક્ષાર્થે ત્યાં જઈ ચડ્યો. તેની નજર તે બાળક ઉપર પડતાં તે ચમક્યો. તે સામુદ્રિકશાસ્ત્રનો જાણકાર હોઈ તેને જણાયું કે આ બાળકનાં ચિન્હો, રેખાઓ તેના ભાગ્યમાં રાજ્યોગ લખાયો હોય એમ સુચવે છે. તે વિચારવા લાગ્યો કે આ તો વણિકપુત્ર છે, તેને રાજગાદી મળવાનો સંભવ ક્યાંથી? તેણે હાથ પગ બરાબર જોયા. જ્યારે તેને પોતાની ધારણા માટે ચોકસ ખાત્રી થઈ ત્યારે કલ્યાણજીભાઈને પોતાની માન્યતા જણાવી. આ બ્રાહ્મણનું કહેવું સાંભળી શ્રી કલ્યાણજીભાઈએ નક્કી કર્યું કે શ્રી અચલગચ્છના શ્રી પૂજ્યજી મહારાજશ્રી વિવેકસાગરસૂરીશ્વરજી મહારાજને આ પુત્ર વ્હોરાવી આપું? તો બ્રાહ્મણની ધારણા સત્ય નીવડે અને હું પણ જંજાળ મુક્ત થઈ દીક્ષા ગૃહણ કરૂં.

તેમણે એ વિચારને અમલમાં મેલ્યો. બીજા કુટુંબીઓ આ વિચારમાં સંમત ન થયા. પણ તેમણે તેઓની કશી પરવા કરી નહિ. મહારાજ શ્રી વિવેકસાગરસૂરીજી એ વખતે જખૌબંદર ખાતે બિરાજતા હતા. શ્રી કલ્યાણજીભાઈ ત્યાં ગયા અને સાત વર્ષના બાળકને શ્રીજી મહારાજને અર્પણ કર્યા. સં. ૧૯૩૬ માં મહારાજશ્રીએ તેમના રેખા ચિન્હો વિગેરે જોઈ પોતાના પટધર શિષ્ય તરીકે તેમને કબુલ કરી લીધા અને દતયોગ્ય જ્ઞાન આપવા માંડ્યું.

**દીક્ષાગૃહણ**

શ્રી જેસંગભાઈની બુધ્ધિ કુશાગ્ર હોઈ દરેક વિષયમાં તેમની પ્રગતિ સારી થતી ગઈ. ગુજરાતીનો અભ્યાસ પૂર્ણ થયા બાદ સં. ૧૯૪૦ની સાલમાં તેમના માટે પંજાબના વિદ્વાન શાસ્ત્રીજી શ્રી અમીચંદજીને રોકવામાં આવ્યા. આ વખતે શ્રીજી મહારાજ મુંબઈ શ્રી અનંતનાથજી મહારાજ દેરાસરજીમાં બિરાજતાં હતા.

શાસ્ત્રીજી શ્રી અમીચંદજી પાસેથી પ્રાકૃત, સંસ્કૃત અને ન્યાયનો સારો જેવો અભ્યાસ કર્યો. સં. ૧૯૪૮ની સાલમાં શેઠ ભીમજી શામજી તરફથી શ્રી કેસરીયાજીનો સંઘ નીકળ્યો, તેમાં પુજ્યપાદ શ્રી વિવેકસાગરસૂરીશ્વરજી મહારાજ પધાર્યા. રસ્તામાં તેઓને ઝામરાનું દર્દ થયું. ત્યાંથી મુંબઈ પાછા પધારતાં તે દર્દ વધવા માંડ્યું. અનેક વૈદો-ડોક્ટરોની સારવાર છતાં સારૂં ન થયું. એઓશ્રીને જણાયું કે હવે આ દેહ ટકે તેમ નથી એટલે શ્રી સંઘને એકત્ર કરી શ્રી જેસંગભાઈને દીક્ષા આપી દેવાનું નક્કી કર્યું. શેઠ નરશી નાથાને ત્યાંથી દીક્ષા મહોત્સવનો સરઘસ કહાડી દેરાસરજીમાં જેસંગભાઈને પધારાવવામાં આવતાં શ્રી વિવેકસાગરસૂરીશ્વરજી મહારાજના હસ્તે દીક્ષા આપવામાં આવી. અને તેમનું નામ શ્રી જીનેન્દ્રસાગરજી યોજવામાં આવ્યું. બાદ થોડા સમયમાં એટલે ફાગણ સુદ ૩ના રોજ મોટા મહારાજ સાહેબજી કાળધર્મ પામ્યા.

**ગચ્છનાયક :**

એજ સાલની શ્રાવણ સુદ ૨ના રોજે મોટી ધામધુમથી શ્રી જિનેંદ્રસાગરજી મહારાજનો પાટ મહોત્સવ થયો એટલે તે દિવસે શ્રી જિનેંદ્રસાગરજી મટી શ્રી જિનેદ્રસાગર સુરીશ્વરજી થયા. ગચ્છનાયક ગચ્છેશ પદ મલ્યું.

શ્રીજી સાહેબની ઉમર આ વખતે માત્ર ૧૯ વર્ષની હતી. પણ તે વખતની એમની વિદ્વતા અપ્રતિમ હતી. એમનું વ્યાખ્યાન સાંભળી પાશ્ચિમાત્ય સંસ્કારવાલાઓનું હૃદય ઝુકી પડતું.

**કલેશ ઉદ્ભવતાં પાટનો ત્યાગ**

શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિમાં આ વખતે બ્રાહ્મણોના ઝઘડા ચાલતા હતા. સં. ૧૯૫૦ની સાલમાં આ ઝઘડાઓનું સ્વરૂપ કાંઈક ઉગ્ર થયું. જ્ઞાતિમાં બે તડ પડી ગયા. બ્રાહ્મણોના તરફદારોનો પક્ષ બહુ હતો. તેમાં પણ શેઠીઆઓ હતા ખરા. પર્યુષણના દિવસોમાં સાત દિવસ તો દુખે કે સુખે પસાર થઈ ગયા પણ શ્રી પર્વ ભાદરવા સુદી ૫ ના દિવસે બ્રાહ્મણ પક્ષવાળાઓએ સવારમાં શ્રીજી મહારાજ સાહેબજી પાસે આવી કહ્યું કે "અમારા વિના વ્યાખ્યાન વાંચશો નહીં" વિગેરે.

શ્રીજી મહારાજ પરિસ્થિતિ સમજી ગયા હતા કે આજે જરૂર કાંઈક તોફાન થવાનાં ચિન્હો જણાય છે એટલે બપોરના ૧૧ વાગ્યા લગી તેઓશ્રી બારસોસૂત્ર વાંચવા નીચે પધાર્યા નહીં. શ્રાવક સમુદાય વધવા લાગ્યો. બાર વાગ્યે ઉપાશ્રયનો હોલ ચિકાર ભરાઈ ગયો. શેઠ કેશવજી નાયકના વિધવા પણ આવ્યા. તેમણે તથા બધાએ સાથે મળી શ્રીજી મહારાજને વ્યાખ્યાન વાંચવા પધારવા

વિનંતી કરી.. સાહેબજીએ બધી વસ્તુ તેઓને સમજાવી, એટલે શેઠીઆઓને ખાસ માણસો તેડવા માટે મોકલવામાં આવ્યા પણ તેઓ આવ્યા નહિં. એક વાગે શ્રીજી મહારાજ પાટ પર પધાર્યા.

શેઠ કુંવરજી જીવરાજે આખા સંઘને પૂછયું કે "આજે વ્યાખ્યાન વાંચવું કે નહિં?" સમસ્ત સંઘના "વાંચવું વાંચવું" ના પોકારોથી હોલ ગાજી ઉઠ્યો.. શેઠ કુંવરજી જીવરાજ, શેઠ નરસી કેશવજી વિગેરે આખા સંઘે સાહેબજીને વ્યાખ્યાન વાંચવા આગ્રહ કર્યો.

ત્યાં બ્રાહ્મણ પક્ષવાલાઓએ તોફાન મચાવ્યું અને વ્યાખ્યાન અટકાવવા આવ્યા.. ગરબડ વધી પડી.. વ્યાખ્યાન અટકાવવના પ્રયત્ન થયા.. તેમાં વિવેક ભૂલાયું, મર્યાદા ભુલાઈ, ધર્મ ચૂકાયો.. કવાણી ઠવાણી ઉપાડી રસ્તામાં ફેંકી દેવાની તજવીજો થઈ અને એક શખ્શે બારસો સૂત્રના પાના શ્રીજી મહારાજના હાથમાંથી લઈ લેવાનો પણ પ્રયત્ન કર્યો.

બસ થઈ ચુક્યું. શ્રીજી મહારાજ પાટ ઉપરથી ઉતરી ગયા.. એક વિશુધ્ધ હૃદય ચારિત્ર્યશીલ ગાદીપતિની આશાતના થઈ અને તેનું પરિણામ અનિષ્ટ આવ્યું તે સર્વ કોઈ સમજી જાણી શકે છે.

શ્રીજીને ફરી પાટ ઉપર બિરાજમાન થવા વિનવવામાં આવ્યા પણ તેઓશ્રી કબુલ ન કર્યું. શ્રી વીશા ઓશવાળ સંઘ, શ્રી મહિમાસાગરજી આવ્યા, ભાયખલાથી મોતીશા શેઠવાલા આવ્યા, ગોડીજીથી તપાગચ્છનો સંઘ આવ્યો, અને દરેકે પોતાને ત્યાં પધારવા વિનંતી કરી પણ ગાદીપતિએ ક્લેશ ઉપજવાના કારણે મુંબઈ તજી દેવાનો કરેલો નિશ્ચય ન ફેરવ્યો. છઠ્ઠનું પારણું કર્યા વિના તેઓએ મુંબઈ તજી. તેઓના હાથમાંથી પાના ઝુંટવનાર તરફ આખા સંઘનો ભારે તિરસ્કાર ઉપજ્યો અને પોતાના ઝઘડાઓમાંથી આવું ભયંકર પરિણામ આવતું જોઈ દરેકને ખુબ જ લાગી આવ્યું. પણ હવે ઉપાય ન હતો.. શ્રીજી છઠ્ઠના દાદર પધાર્યા અને ચોમાસું પૂર્ણ થતાં કચ્છ તરફ સીધાવ્યા.

**કચ્છ તરફ પ્રયાણ :**

તેઓએ દેરાસર છોડ્યું તે દિવસથી માતાજીની મૂર્તિમાંથી પાણી ઝરવા માંડ્યું. દરરોજ એક પ્યાલો ભરી પાણી ઝરતું. આ દેખાવ અને બનાવથી સંઘમાં કેટલો ભયોત્પાદક થયો હશે. તે તે વખતના જોનારા જ સમજી શકે. એક સાધુ ચરિત્ર મહાપુરૂષની છેડતી થઈ અને તેનું પરિણામ સર્વત્ર સુવિદિત જ છે.

મુંબઈ તજી તેઓશ્રી કચ્છ પધાર્યા. ત્યાં ભુજપુર, ગોધરા, માંડવી, જખૌબંદર અને તેરામાં ચોમાસાં રહ્યા. એમની વિદ્વતા, વ્યાખાન શૈલી અને રાજ્યવૈભવમાં રહેવા છતાં એમની ત્યાગદશા જોઈ જૈન અને જૈનેતરો મંત્રમુગ્ધ બનતા.

તેઓશ્રી જ્યાં જ્યાં પધાર્યા ત્યાં ત્યાં હજારો મનુષ્યો એમના ઉપદેશથી ધર્મમાં દ્રઢીચિત થયા.. શ્રી કલ્યાણસાગર સૂરીશ્વરજી કે જેઓ સત્તરમાં સૈકામાં શ્રી અચલગચ્છના મહાન ચમત્કારી અને સમર્થ ગાદીપતિ થઈ ગયા.. અનેક વિશ્વ સંપ્રદાયી અને શીવપંથીઓને પુનઃ જૈન ધર્મમાં આણ્યા અને કચ્છના ના.. મહારાવશ્રીને પોતાની વિદ્વતા અને ચમત્કારથી ભક્ત બનાવ્યા.. તેઓ નામદારે તેથી પ્રસન્ન થઈ પોતાની જૈન પ્રજા ઉપર લાગા કરી આપ્યા; એ સંબંધમાં ચરિત્ર નાયક શ્રી જિનેંદ્રસાગરસુરીશ્વરજીના વખતમાં ભદ્રેસર પાસે વડાલા ગામ છે ત્યાં આ હક લાગાઓની બાબતમાં વાંધો પડતાં રાજ્ય સત્તાથી તે ગામવાલાઓ પાસેથી હુકમી વસુલ કરવામાં આવ્યો. (શં. ૧૯૫૨).

**તબીયતમાં બગાડો અને ગાંડપણ**

તેરા ખાતે તેઓશ્રી ચોમાસુ કરી રહ્યા હતા ત્યારે તેઓની તબીયત નરમ થઈ. ગમે તે થયું હોય પણ તેમને માનસિક અશાંતિ થતાં લગભગ દોઢ મહિનો તેમને ચિંતામાં વ્યતિત થયો.. તે દરમિયાન નિંદ્રા અને ખોરાક બહુજ અલ્પ લેવાના કારણે મગજ ચલચિત્ત થઈ ગયું અને લગભગ ગાંડપણ આવી ગયું. આ દરમિયાન તેમની મિલકતોનો ખુબ જ નાશ થયો.. જેને જ્યાં ફાવ્યું ત્યાંથી લોકો હાથ મારવા લાગ્યા.. શુભચિંતકોએ આ સ્થિતિ મટાડવા ખુબ જ પ્રયાસો કર્યા પણ પરિણામ કંઈ ન આવ્યું. તેરા ખાતે મોટી રકમો ખવાઈ ગઈ. નોકર ચાકર સર્વેને રજા આપવામાં આવી.

સં. ૧૯૬૦ની સાલમાં તેઓશ્રી ભુજપર ખાતે સ્થિર વાસ કરીને રહ્યા.. આ વખતે તેઓશ્રીની તબિયત સુધરતી જતી હતી શં. ૧૯૬૩માં શેઠ માણેકભાઈ ચાંપશી સાંયરાવાલાના પ્રયત્નથી ભુજપર ખાતે કચ્છના તમામ યતિઓ એકઠા થયા.. ત્રણ મારા ત્યાં બધા બેઠા પણ સાહેબજીને પોતાના સમાજમાં પુરેપુરો વિશ્વાસ ન હોવાથી નિવૃતિમય જીવન ગાળવાનું જ વધુ પસંદ કર્યું.

એ જ સાલમાં શેઠ ખેતશી ખીઅસી તરફથી મેળો થયો ત્યારે સુથરી ગામે પોતાના અસલી રજવાડી રીતે તેઓ પધાર્યા હતા.. પણ તે પ્રસંગ પૂરતું જ. શં. ૧૯૬૯ની સાલમાં જખૌ મુકામે શેઠ લખમશી લધાએ મેળો કર્યો ત્યાં પણ તેવી જ રીતે પધાર્યા હતા.. પણ તે પણ તેટલા સમય પૂરતું.

આ વખતે શેઠ ખેતશી ખીયશી તરફથી પાલીતાણાનો સંઘ કહાડવામાં આવ્યો. ત્યારે સંઘમાં પધારવા માટે ખુબ આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવી. શેઠશ્રીની ચાહના બહુ જ હતી. તેઓએ શ્રીજીને પધારવા ખુબ ખુબ પ્રયાસો કર્યા. પણ વૈભવપૂર્વક આવવાની તેઓએ ના પાડી. વૈભવો પ્રત્યે તેઓશ્રીનું મન ઉડી જ ગયું. "સામૈયાઓ થાય, ઠાઠમાઠ સ્વાય તો નહિ જ આવું" એમ કહી દીધું.

આ ત્યાગવૃત્તિના મહાન પુરૂષે પોતાનો નિશ્ચય ન તજ્યો. સામૈયા, સત્કારો તેમને ગમતા નથી. એવી બાબત આગળથી જ એમના ખ્યાલમાં આવતાં તેઓ ઇરાદાપૂર્વક તેને ટાળી દેતા. વર્તમાન સમયમાં તેઓશ્રી મુંબઈ પધાર્યા ત્યારે થએલો સત્કાર તેમની ઇચ્છા વિના જ થએલ છે. એમને એ બાબતની અગાઉથી ખબર હતી જ નહિ-અને જો ખબર પડી ગઈ હોત તો જરૂર સમય ચુકાવી જતે. બાહ્ય વ્યવહારો અને રંગઢંગો પ્રત્યે એમને જરાય મોહ ન હતું. ***("પ્રકાશ"ના જુના અંકમાંથી)***

## અગત્યની સુચના

***પ્ર.સ.માટેની સર્વ બાબત લેખિત સ્વરૂપે નામ-સરનામા ફોન સહિત મુંબઈ ફોર્ટ કાર્યાલયે મોકલવી. નેટથી મોકલેલ બાબતે યોગ્ય સબ્જેક્ટ હેડીંગ (દાત. B/W Advt./News/Jivanchakra ના નામ સાથે મોકલવી. આપની રીતે તૈયાર કરી મોકલાતી બાબતો/જાહેરાતો pdf, jpg, cdr ફોરમેટમાં પ્રિન્ટઆઉટ સાથે મોકલવી અને ફોન કરી જણાવવું.***

***દરેક મહાજને / સંસ્થાએ સમયસર સમાચાર મોકલવા અનુરોધ છે. જ્ઞાતિને દરેક સમાચાર જાણવાનો અધિકાર છે. અને તે નિયમિત મોકલવાની આપણા સૌની ફરજ છે. પ્ર.સ. માટે આપના સુચન આવકાર્ય છે. આપના સરનામા ચેક કરી સુધારા-વધારા જરૂર જણાવો.***

## જોઈએ છે...

અમારી સંસ્થા શ્રી તેરા પાંજરાપોળ માટે કમીશન ધોરણે ફંડ-ફાળો ઉઘરાવી આપનાર વ્યક્તિ. નીચેના સરનામે વિગતવાર સ્વહસ્તે લિખીત અરજી કરવી : સરનામું : શ્રી તેરા પાંજરાપોળ, તેરા(કચ્છ)-370 600. ટેલિ. (02831) 289223 / 24 અથવા

શ્રી તેરા પાંજરાપોળ, નરેન્દ્ર શામજી દંડ, ૧૯, શાંતિભુવન, ત્રીજે માળે, વિશ્વમહાલ હોટલની ઉપર, મુલુંડ (વે), મુંબઈ-૮૦. ટેલિ. 25647572

## કાવ્ય-પ્રકાશ : ઇચ્છા

ના ઈચ્છતો બનું પુષ્પ ને મહેંકું સદા, ખીલું સદા,
કંટક બની કોઈ વાડનો, રક્ષું સદા એ ફૂલડાં...
ઈચ્છતો મંત્રી બનું કોઈ પ્રાંતનો,
વાપરી સત્તા, કરું બહુ ભાષણો
ખેડુ બની કોઈ ગામના એક ખેતનો
મહેનત કરી, ઉકેલ લાવું ધાન્યનો
ના ઈચ્છતો આંસુ કદી કોઈ દંભના કે દુ:ખના,
દયા પશ્ચાતાપનું રૂદન સહી હું ઈચ્છતો

***- શાહ મધુકાન્ત વિશનજી (ઘાટકોપર)***

## મહાપુરુષોને પણ લોકોના સહકાર વિના નથી ચાલ્યું!

આપણે દુનિયાના કેટલાક મહાપુરષોની સિધ્ધિ વિશે વિચારીએ...

ગાંધીજી કે લિંકન કે ચર્ચિલે પોતાનું નેતૃત્વ પોતાની આંતરિક શક્તિથી ઘડયું કબૂલ પણ તેમણે જે પરિણામો સિધ્ધ કર્યા તેની પાછળ એમના અનુયાયીઓનું પીઠબળ હતું તે જ કારણે ! ગાંધીજી ભારતને સ્વરાજ્ય અપાવી શક્યા કારણ કે તેમની પાછળ અસંખ્ય અનુયાયીઓનું બળ હતું. ચર્ચિલ ઈંગ્લેન્ડ માટે બીજું વિશ્વયુધ્ધ જીતી શક્યા કારણ કે તેમને લશ્કરના વડાઓનો સાથ સહકાર હતો.

લિંકન અમેરિકામાં ગુલામીની પ્રથા નાબૂદ કરી શક્યા કારણ કે પોતાની કોંગ્રેસ (અમેરિકાની પાર્લામેન્ટ)ના સભ્યોનો ટેકો મેળવી શક્યા હતા. તો મહાપુરુષને પોતાનું ધ્યેય હાંસલ કરવા માટે અસંખ્ય લોકોના ટેકાની જરૂર પડતી હોય તો એ સત્ય આપણને પણ એટલા જ પ્રમાણમાં લાગુ પડે છે.

તો તમે કહેશો : કબૂલ, મારે જે કંઈ સિધ્ધિ મેળવવી છે તેમાં લોકોનો સાથ સહકાર અનિવાર્ય છે એ બને કઈ રીતે?

એનો એક જ ઉત્તર છે : લોકો પ્રત્યે તમે કેવું વલણ દાખવો છો તેના પર એ આધાર રાખે છે. તમે લોકો પ્રત્યે સાચું અને તંદુરસ્ત વલણ દાખવો તો તમને એમના તરફથી સાથ સહકાર આપોઆપ મળતા રહેશે.

***સંકલન : ડૉ. ઠાકરશી મૈશેરી (આણંદ)***

શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## ચીંથરે બાંધ્યાં રત્નો

ગુજરાતમાં યોગ શિબિરના પ્રવાસ દરમ્યાન નેહાબેનનો પરિચય થયો. અઢી દિવસ સાથે રહ્યા, ટુકડે ટુકડે પરિચયાત્મક વાતોની સાથોસાથ આત્મીય તાણાવાણા બંધાયાં, મન પર એક અમિટ છાપ લઈને છૂટા પડ્યા મુંબઈમાં ફરી મળવાના સંકલ્પ સાથે.

એઓ જે સ્કૂલમાં સ્વયંસેવા બજાવે છે તે જોવાનું મને કુતૂહલ હતું; કારણ કે એ શાળા વિશે એમણે મને ઘણી વાતો કરી હતી - એ ઝૂંપડપટ્ટીના બાળકોને ભણાવતી શાળા અંગે.

એક સુંદર સોહામણો દિવસ મળ્યો-એમની સાથે સ્કૂલે ગઈ. ખરે આ શું?! નાના નાના બાળકો અલગ અલગ સમૂહમાં લાઈનસર બ્લ્યુ સ્કર્ટ / પેન્ટમાં ફૂટપાથ પર બિછાવેલી ચટાઈ પર શિસ્તતાથી અભ્યાસમાં મગ્ન દેખાયા !

હા ! નેહાબેન મને લાવ્યા હતા સફળતાનો માર્ગ મોકળો કરતા ફૂટપાથ કોચિંગ ક્લાસમાં !

સામાન્ય રીતે સ્લમ્સના બાળકો શાળાએથી આવીને, કામ પર જતા માતા-પિતાની ગેરહાજરીમાં સમય વેડફતા હોય છે. આવા બાળકોને શોધી શોધીને, એમના મા-બાપને વિશ્વાસમાં લઈને આ કોચિંગ ક્લાસ શરૂ કરવામાં આવ્યા હતા. અંધેરી પશ્ચિમના સાત બંગલો પાસે બે બાળકોથી શરૂ થયેલા આ ક્લાસમાં આજે ૯૫૦ વિદ્યાર્થીઓ, આઠ અલગ અલગ જગ્યાએ, ૪૩ સવેતન શિક્ષકો ને ૨૦ સ્વયંસેવકો સુધી વિસ્તર્યા છે. મુંબઈના રસ્તાઓની અશાંતિ આ શાળાના દૃઢ મનોબળ ધરાવતા શિક્ષકો અને બાળકોને નડતી નથી. એક નાનકડા ફોલ્ડિંગ બ્લેકબોર્ડ અને ચટાઈઓના સામાન્ય સાધનો માત્રથી ચાલતી આ શાળાના બાળકોને સર્વાંગીણ વિવિધલક્ષી શિક્ષણ આપવાના પ્રયાસો કરવામાં આવે છે.

ફૂટપાથ શાળાનું બીજ સેવનાર પ્રા. કે. ડી. શર્મા માને છે કે જો બાળકો આપણા સુધી ભણવા ન આવી શકતા હોય તો આપણે તેમની પાસે જવું જોઈએ. ૧૯૯૫માં આ બીજને રોપવા માટે એમણે એમના મિત્રોનો સહયોગ લીધો અને આશાકિરણ ટ્રસ્ટનો જન્મ થયો.

શાકભાજી વેચનારા કે રસ્તા પરથી કાગળ વીણતા માતા-પિતાના બાળકો પણ અહીં જીવનના અમૂલ્ય પાઠ ભણી રહ્યા છે. મોટે ભાગે નિમ્ન મધ્યમ વર્ગની મહિલા શિક્ષકો અહીં ભણાવે છે. શરૂઆતમાં વિરોધ કરનારા ટ્રાફિક પોલિસો પણ હવે આ શાળાના ઉદ્દેશને સલામ કરે છે.

છેલ્લા ત્રણ વર્ષથી સ્વયંસેવિકા તરીકે અહીં અંગ્રેજી ભણાવતા નેહાબેન બાળકોને રસ પડે અને ઉપયોગી થાય એવી ભેટો લાવે છે. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પ્રોત્સાહિત કરે છે. અને માતૃતુલ્ય વાત્સલ્ય-ભાવથી બાળકોની કાળજી લે છે.

શિખર વગરના આ શારદા મંદિરની મુલાકાત મારા માટે ભવ્ય શિખરવાળા મંદિરના ભગવાનના દર્શનથી થતી પ્રસન્નતાથી વિશેષ હતી ! આ ફૂટપાથ સ્કૂલનો બાળક ક્યારેક કોઈ શિખરે પહોંચશે ત્યારે.. આ ભૂમિની ધૂળને, કેટલા નમન કરશે...

(પ્રબુદ્ધ જીવન માંથી સાભાર)


।। શ્રી ગોડિયા પાર્શ્વનાથાય નમઃ ।।

**રાપરગઢ-નાનીસિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ**

**હાર્દિક આમંત્રણ**

માદરે વતન કચ્છ રાપરગઢ નગરે પર્યુષણ પર્વની આરાધનાની ઉજવણી કરવા સર્વે ગામવાસીઓ તથા નીયાણી બહેનોને સહપરિવાર પધારવાનું હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

**પર્યુષણ પર્વ પ્રારંભ તા.૧૪-૮-૨૦૧૨ (મંગળવાર)**

દરેક ગામવાસીઓ તથા નીયાણી બહેનોને સહપરિવાર પોતાની રીતે ગામમાં પધારવાનું રહેશે, સ્થાનિકે ઉતારાની અને ભોજનની વ્યવસ્થા સામુહિક રીતે કરવામાં આવેલ છે.

✻ નિમંત્રક ✻

**રાપરગઢ-નાનીસીંધોડી ક.દ.ઓ. જૈન સંઘ**

**તૃતિય પુણ્યતીથીએ શ્રધ્ધાંજલી**



**સ્વ. રાજેન્દ્ર ચીમનલાલ નાગડા**

સ્વ. તા. ૦૯/૦૭/૨૦૦૯.

ચોમાસાનો આનંદ માણતા જન હૈયા
વર્ષાના હ્રદયે વહે અશ્રુની નૈયા
ત્રણ ત્રણ વર્ષોના વ્હાણા વાયા
ન દીઠી સ્વપ્નમાં પણ સ્નેહલ છાયા
પુત્ર પૌત્રોના વિયોગે થઈ માતની જીર્ણ કાયા
બાળ દેવની પપ્પાને પૂછે થઈશ એન્જીનિયર પણ
આપની યાદના આસુ કોણ લુ છે.
બેનો કૃપાધારાનો સહીયારો સાથે
વિશાલ આકાશનો સથવારો, દાદી કસ્તુરબાઈનો હૈયા ધારો
નાગડા પરિવારની આ કરૂણાભીની શ્રધ્ધાંજલી
માસી હિરાની અશ્રુભીની હ્રદયાંજલી

<u>શોકાતુર</u>

ગં.સ્વ. કસ્તુરબાઈ ચીમનલાલ નાગડા પરિવાર નાંદેડ(તેરા)
અ.સૌ. ઉર્મીલાબેન ઉતમચંદ મુનવર પરિવાર મલકાપુર(કોઠારા)

## જૈનો, નાતજાતના વાડાઓ તમારી પ્રગતિને બાધક છે.

બાર લાખ જેટલા જૈનો પણ નાની નાની નાતો અને જુદાં જુદાં ગચ્છોમાં વહેંચાયેલા પોતાના સમાજને એક કરવાની વૃત્તિ ધરાવતા નથી એ કેટલું શોચનિય છે? ધંધાના કારણે તથા રહેવાના સ્થળફેરના લીધે આ વિભાગો પડ્યા છે એ પ્રશ્ન હવે નિર્વિવાદ છે; છતાં ઓશવાળ, પોરવાડ, શ્રીમાળી, દશા, વિશા, પાંચા વિગેરે અનેક વિભાગો અને પેટાવિભાગો રૂપી ખાબોચીઆઓમાં દરેક જૈન પોતાની દુનિયાનો જગતનો સમાવેશ થઈ ગયેલો માને છે. એ વિભાગોને તોડવાનો વિચાર એને ઉદ્‌ભવતો જ નથી. અનેક રૂઢિઓ અને બદીઓથી ખદબદતા આ ખાબોચીઆઓમાં રાતદિવસ સબળતા કીડાઓ રૂપી રહેવા માટે જૈનો પોતાની જાતને ભાગ્યશાળી માને છે! તેઓ એકબીજાને ઉચ્ચનીચ માને છે, તેઓ પોતાની બેટીઓને અરસપરસ આપતા-લેતા નથી. કૂપમંડૂકોની પેઠે પોતાનું જીન ગટરની ઉપમાં આપીએ એવા પંથ, ભેદ કે તડમાં રહી વીતાવ્યાં કરે છે. કેટલું બધું ખેદજનક !

દરેક આવી નાતોની અંદર સંસ્કારી, શિક્ષિત, વિવેકી માણસો થોડા પણ હોય છે. પરંતુ આ લોકો એટલા બધા સ્વાર્થી બની રહે છે, પેટ ભરવાની જ એક ફિકરમાં એટલા બધા મગ્ન રહે છે કે પોતાની નાતને વિનાશના માર્ગેથી ઉન્નત્તિનાં પંથે દોરવામાં જરાયે ભાગ લેતા નથી લેતા હશે તોયે પોતાનો અમુક સ્વાર્થ સાધવા પૂરતો જ. હવે જેઓ નાતમાં આગેવાનીભર્યો ભાગ લે છે. તેઓ મુખ્યત્વે જૂના જમાનાથી ચાલી આવતી રૂઢિઓને આંખ મીચીને અનુસરવા સિવાય કાંઈ કરી શકતા નથી. નરમેઘ યજ્ઞની પેઠે અસંખ્ય કન્યાઓને ભરખી રહેલાં કન્યાવિક્યનાં અનિષ્ટને દફે કરવા, માયકાંગલી સંતતિને જન્મ આપવામાં યુવતીવર્ગને અકાળે બૂઢી ડોકરીઓ બનાવનારાં બાળલગ્નોનો પ્રતિબંધ કરવા, ઘરાં હાલ્લાં કુસ્તી કરતાં હોય છતાં કુલીનતાના મોહમાં કરજના નાગપાશમાં ફસાવેનારાં સાંસારિક પ્રસંગે લખલૂટ ખર્ચાઓ કરવાની બદીઓ નાશ કરવા એકપણ પ્રયાસ કરવાનું તેમને સૂઝતું નથી. નાતનો ખજાનો-જુવાન વર્ગ તેને પેટપૂરતું મળી રહે એવાં સાધનો સજાવવાનું, આવતીકાલનાં નાતીલાઓ-બાળકાને કેળવી ઉત્તમ નાગરિકો બનાવાનું, જ્ઞાતિજનોમાં સંસ્કાર રેડવાનું કશુંયે કરવાનું એમને વિચાર થતો નથી. એમને તો કોઈનાં સુખેથી ચાલતાં ઘરો ભાંગવાનું, કન્યાઓની દલાલી લઈ તેને ગમે ત્યાં પધરાવી દેવાનું ગરીબ ને અનાથો પાસે પરાણે સ્વામીવાત્સલ્ના નામે પ્રેતભોજનો કરાવવાનું, નિરાધાર અને પક્ષહીન અસહાય માણસના ગમે તેવા નજીવા ગુન્હાઓ શોધી તેમને દંડી નાખવાનું, આવું આવું તેમને સૂઝે છે! આવાં કામો કરવામાં તેઓ રાતના ઉજાગરાઓ વેઠે છે, અદાલતોમાં લડે છે, નાતબહારનાં ફરમાનો કાઢે છે અને પોતાનું સઘળું શૂરાતન હાલવી દે છે.

કિંતુ આવી ગુલામીમાંથી, આવા સ્વાર્થી અને ફોગટિયા આગેવાનોના પંજામાંથી છૂટવાનું નાતીલાઓને પોતાને ગમતું નથી. જેમને એવી કચ્છી થાય છે તેઓ નાહિંમત રહી "પાંજો કરો" કહી બેસી રહે છે અને રૂઢિના સાણસામાં જકડાઈ રહી પોતાનું જીવન બરબાદ કરે છે. સેંકડે નવ્વાણું માણસોનાં જીવન જુઓ. પ્રથમ તો પોતે કેળવણી સંપાદન કરી નથી એટલે અજ્ઞાનતા અને મૂર્ખતાનો પાર નથી. સારાસારની વિવેકદષ્ટિ એ કેળવી શકતો નથી. આગળથી ચાલ્યું આવે છે તે બરાબર છે - બરાબર હશે માની લઈ પોતે એજ રિવાજોનું અક્ષરેઅક્ષર પાલન કર્યે જ જાય છે. તે નુકશાન અનુભવે છે છતાં નવો ચીલો કહાડવાની તેનામાં હિંમત નથી-જોમ નથી. પોતાનાં બાળલગ્ન થયેલાં હોવાથી, હામથી કુટુંબનું ભરણપોષણ કરવાની કે નવું સાહસ ખેડવાની તેનામાં હિંમત રહી નથી. માતાપિતા પાછળ નાતીવાઓને જમાડવામાં, છોકરાં છોકરીઓને પરણાવામાં ખોટી આબરૂનાં લોભે હજાર પંદરસોને કરજ કરી, ઘરબાર ગીરો મૂકી નાતને બે ટંકનું જમણ આપી તેને "વાહવાહ" કહેવડાવવી છે. પોતે જેમ નાની વયમાં લગ્નનો "લ્હાવો" લીધા તેમ પોતાનાં દુર્બળ બાળકોને પણ લાકડે માંકડું વળગાડી બાળલગ્નની વેદિમાં નિર્દય રીતે હોમી દીધાં છે. દેખાદેખી, છેલબટાઉપણું, મિથ્યા કુળભિમાન, વગેરે બૂરાઈઓ પાછળ કરેલા કરજને વાળવા દીકરી તરફ નજર રફેરવી તેને ભારોભાર રૂપિયે વેંચે છે! બીજે વધુ પગાર તેમજ વધુ સગવડો મળતી હોય છતાં કૂપમંડૂકની માફક નાતીલાઓની પેઢીઓમાં જ "ચાન્સ"ની આશામાં ને આશામાં જ સવારનાં સાતથી રાતનાં દશ સુધી ગદ્ધાવૈતરું કરી શરીરને ભરજુવાનમાં જ ગાળી નાખતો જ્ઞાતિજન જીવનની પાયમાલી કરે છે. સર્વત્ર ગુલામીમાં જકડાએલો હોવાથી સ્વમાનનો તેનામાં છાટોયે નથી. આમ જ્ઞાતિરૂપી

ખાબોચીઆમાં રહેતા પુરુષનું જીવન એક કીડા કરતાં જરાયે સારું નથી.

જ્યાં પુરુષોની જ દશા આવી હોય ત્યાં સ્ત્રીઓની સ્થિતિ વિષે કલ્પના કરવી મુશ્કેલ નથી. પુરુષવર્ગથી દબાયેલી, રાંક, અભણ એ બિચારીને જીંદગીભર સહન કેરી કરીને અકાળે મરતે શરણ થવું પડે છે. જીવનમાં તે એકેય ઉલ્લાસ માણી શકતી નથી. પોતાના એક્ય આશા કે કાડ તે પૂરા કરી શક્તી નથી.

આવું છતાં અગાઉ હું કહી ગઈ તેમ આ, મનુષ્યોને કૂપમંડૂક થઈ સડયા કરવાનું કેમ ગમે છે? તેના થોડાં કારણો તપાસીએ. પહેલે તો તેમનામાં સારું નરસું પિછાનવાની ટેવ નથી. વિશાળ દષ્ટિએ જોવાની બુદ્ધિ નથી. જગત કયે માર્ગે વિચરી રહ્યું છે તે જાણવાનું, જોવાનું કે વિચારવાનું તેમને સૂઝતું નથી. સૂઝે છે તોયે તેઓ ઝાઝો સમય એ વિચારને મગજમાં સ્થાન આપતા નથી. તુલનાશક્તિનો તો અભાવ તેઓમાં હોય છે. ખરૂં ખોટું પારખવાની, અમુક વાત કે રિવાજને બન્ને બાજુથી જોઈ, તપાસી, વિચાર બાંધવાની તેમને પડી નથી. સંસ્કારના અભાવે ઉંચી ભાવનાઓ તેઓમાં હોતી નથી. પેટ પૂરતું રળી ખાવામાં જ જીંદગીના સાફલ્યતા તેઓ માને છે, દુનિયામાં ક્યાંએ આવવું-જવું નહિ, છાપાંચોપાનીઆં વાંચવાં નહિ. બીજાઓના વિચારો જાણવાની ટેવ નહિ. તેમને તો અમારા બાપદાદા કરતાં આવ્યા એમ કરવું બરાબર છે એ જ એક ધૂન લાગી પડી હોય છે, પછી ભલે તે વખતના અને અત્યારના સંજોગોમાં વિરોધી તત્વો હોય! પોતાનું, પોતોની સંતતિનું સુખ શેમાં છે તે જાણવાની તેમને ફુરસદ નથી. તેમને તો જ્યારે ત્યારે "લ્હાવા" લેવાની જ પડી હોય છે, ખોટી આબરૂ સાચવવાની તેમને વિશેષ ફિકર છે. સંતાનોને કેળવવા કરતાં પરણાવવાની તેમને વિશેષ લગની છે. નવીનતા ગ્રહણ કરવાનો તેમને વિચાર જ થતો નથી. "જૂનું સોનું છે" એ જ એક અંધશ્રદ્ધાએ સારું નરસું પિછાણવાની વિવેકબુદ્ધિને તેઓ અનુસરતા નથી. સાહસ, લાભ, નીડરતા, તેમનામાં નથી. નવે રસ્તે ચાલવાના સાહસ માટે જોઈતો ભોગ આપવો પડે એ તેમને જરાયે પાલવતું નથી. છોકરાં રખે વણપરણ્યાં મરી જશે કે માબાપ પાછળ અને લગ્નની ઉજવણી પાછળનાં જમણો જમ્યા વિના જ્ઞાતિજનો દુર્બળ બની જશે એ વિચારે આ કૂપમંડૂકોને જ્ઞાતિની ગટરમાંથી નીકળવા કે સડો સાફ કરવા માટે આગેવાનો સામે થવાનું જરાયે પાલવતું નથી, એટલા બધા તેઓ નિર્બળ અને ગુલામ છે.

નાતરૂપી ખાબોચીઆમાં ગાળવી પડતી કંગાળ, નિસ્તેજ અને ઉલ્લાસ વગરની જીંદગીથી બહેતર છે કે જીંદગી જ ન હોય. એવા દુર્ગંધથી ભરેલી ગટરમાં પડ્યા રહેવા કરતાં તેમાંથી પુરુષાર્થ કરી સડો સાફ કરવો અગર તેમાંથી તદ્દન બહાર નીકળી જઈ પોતાની ઉન્નતિનો માર્ગ ખોળી લેવો પસંદ કરવા યોગ્ય છે. જીંદગીનો ઉલ્લાસ ને આનંદ માણવો હોય, નવયુગના કલ્યાણકારક તત્વોનો લાભ લેવો હોય તો દુઃખના ડુંગર તળે દાટી દેનાર પોતાના કુટુંબીઓ અને નાતનો ત્યાગ કરે જ છૂટકો. કુટુંબીઓને તો તમે એમના જેવા કેમ બનો એ જોવાની મજા પડે છે. એ જંજાળમાંથી મુક્ત થયેથી જ તમે સુખી થઈ શકશો. કુટુંબીઓ અને નાત જેટલાં ઉપયોગી છે તેથી વિશેષ તે તમારા જીવવનો, તમારાં સુખ અને કલ્યાણનો નાશ કરે છે. સારીયે જીંદગીમાં લાભહાનીનો સરવાળો કરશો તો તરત જ જણાઇ આવશે કે નાતમાં રહેવાનાં જે ફાયદા છે તેથી ગેરફાયદા વિશેષ છે. કુટુંબીઓની ઓથ તમે જેટલી વધુ શોધશો તેટલા તમે વધુ દુઃખી અને હેરાન થશો. જેને બુદ્ધિ છે, જેને સારા નરસાની તુલના કરી જોવાની શક્તિ છે તે પોતાના આડોશી પાડોશીઓનાં જીવનની સમાલોચના કરી જોશે તો ખાત્રી થશે કે સગાઓએ, નાતે તેમને જેટલો અન્યાય કર્યો છે તેટલો અન્યાય જો તેઓ તેમાંથી મુક્ત હતે તો નહીં થતે. સૌ કાઈ મનમાં સમજે છે, પણ દંભી બની ખુલ્લો રીતે કબૂલ કરશે નહિ.

અગર તો નાતના કઢંગા, પ્રગતિના માર્ગમાં હરકતકર્તા રિવાજોને તોડી નાખવા જેટલી હિંમત રાખી પુરુષાર્થ કરવાનું વાજબી છે. જેમને ખોટાં ખર્ચોમાંથી બચવું હોય, બાળલગ્નની ભટ્ટીમાં સેકાતાં બાળકોની જેમને દુવા આવતી હોય, નરમેઘ યજ્ઞરૂપી કન્યાવિક્રયમાં બળિ થતી કન્યાઓની આહ જેના કાને દુઃખ ઉપજાવતી હોય, લગ્ન, જન્મ, મરણ વગેરે સાંસારિક પ્રસંગોએ ભલતાં ખર્ચમાંથી ઉગરવું હોય, દંભ વગરનું, કુલિનતાના મિથ્યા અભિમાનને છોડી નૈસર્ગિક જેવું હોય તેવું જીવન, જેને જીવવું હોય, તેણે નાતને તેવે રસ્તે ચઢાવવાની અગર તેમાંથી મુક્ત થવાની સબળ કોશિશ કરવી જોઈએ. એમાં જ એની ઉન્નતિ છે.

***- એલ. સી. શાહ***

***("પ્રકાશ"ના ૮૦ વર્ષના અંકમાંથી "જૈન એક્તા" વિષેનો આ લેખ આજે પણ એટલોજ પ્રસ્તુત છે)***

## મ્યુઝિક થેરેપી : સારવાર સૂર-સાજના સથવારે... - *મનીષ ડાઘા (મુલુન્ડ)*

મુંબઈ મહાજનશ્રી દ્વારા શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના ઉપક્રમે ગત ૨૦મી મે ૨૦૧૨ના ષણમુખાનંદ હૉલ મધ્યે યોજાયેલ મ્યુઝિક થેરેપી પર આધારિત **"Sound of Music... ગીત ગાતા ચલ"** કાર્યક્રમની સફળ રજુઆત બાદ લોકોનું સંગીતથી મેડીકલ ઉપચાર પધ્ધતિમાં રસ વધી ગયો છે. કાર્યક્રમમાં હાજર ન રહી શકેલ મુંબઈ અને બહારગામનાં ઘણા લોકોએ મ્યુઝિક થેરેપી વિષે ફોન કરીને પુચ્છા કરી છે. હાજર રહેલ લોકોમાંથી થોડાએ મ્યુઝિક થેરેપી વિષે વધુ જાણ્યાની ઇચ્છા દર્શાવી.

જૈનાચાર્ય વિજય નંદીઘોષસૂરીશ્વરજી મ.સા.એ ગત મહિને એલ.ડી. ઇન્ડોલોજી, અમદાવાદની શિબિરમાં જણાવ્યા પ્રમાણે જૈનો માટે મ્યુઝિક થેરેપી એટલે કે સંગીત ચિકિત્સા કંઈ નવી પદ્ધતિ નથી તેમણે જણાવ્યું કે તીર્થંકર પરમાત્મા **માલકોશ** રાગમાં દેશના આપે છે. ચરક ઋષિએ તો સિધ્ધિ સ્થાન નામનાં ગ્રંથમાં સંગીતના ઔષધિ ઉપચાર અંગે જણાવ્યું છે. બીજી તરફ આજનાં વિજ્ઞાન અલ્ટ્રાસોનિક લેન્સથી કીડનીમાં રહેલી પથરીનો ચૂરો કરી નાખતો હોય તો માલકોશ રાગથી પથ્થર પિગળી શકે તેમાં નવાઈ પામવા જેવું નથી. તાનસેને **તોડી** રાગથી હરણને બોલાવ્યા અને તેના ગળામાં ફૂલનો હાર પહેરાવ્યો ત્યારે બૈજુ બાવરાએ **મૃગરંજની** રાગ ગાઈને તે હરણને પાછું બોલાવી ગળામાંથી હાર કાઢ્યો હોવાનો ઉલ્લેખ છે. વડનગરમાં થઈ ગયેલી **તાના-રિરિ** બહેનોએ **મલ્હાર** રાગ ગાઈને વરસાદ વરસાવ્યો હતો અને તાનસેનને **દીપક** રાગથી જે શરીરમાં દાહ હતો તે ઠંડો કરી દીધો. સંગીતની આ તાકાતનો ઉપયોગ સદીઓથી તબીબી ક્ષેત્રે કરવામાં આવે છે. ઇશુના જન્મના ૪૦૦ વર્ષ પહેલાં એમના ફાધર ઓફ મેડિસીન ગણાતા હિપ્પોક્રેટસ તેમની પાસે આવતા મનોરોગીઓની સારવારમાં સંગીતનો ઉપયોગ કરતા. તેરમી સદીમાં હોસ્પીટલોમાં દરદીઓના લાભ માટે અલગ સંગીત રૂમ રાખતાં. પહેલા અને બીજા વિશ્વયુદ્ધ પછી ખાસ કરીને ઇંગ્લેન્ડની હોસ્પિટલોમાં મ્યુઝિક થેરેપીનો ઉપયોગ કરવામાં આવતો. ત્યાંની વિવિધ હોસ્પિટલોમાં સંગીતનો ઉપયોગ થતો અને યુદ્ધની ઘાતક અસરોને કારણે લાગણીશીલ અને માનસિક રીતે ત્રસ્ત થઈ ગયેલા સૈનિકો સમક્ષ સંગીત વગાડી તેમને પીડામુક્ત કરાતાં.

સંગીત ચિકિત્સાનો ઉપયોગ તાણ, ડિપ્રેશન સહિત અન્ય માનસિક સમસ્યા, બ્લડપ્રેશર, હૃદયની વિવિધ તકલીફ, સ્ટ્રોક, મૂડ ડિસઓર્ડર, ડાયાબિટીસ, અનિદ્રા, માથાનો દુખાવો, સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ, આર્થ્રાઈટિસ, અસ્થમા, પાચન ક્રિયા સહિત અનેક બીમારીઓમાં કરવામાં આવે છે.

**ક્યા રોગ માટે ક્યા ક્યા રાગનું મિશ્રણ કરાય?**

| રોગ | રાગનું નામ |
|---|---|
| ટાઈફોઈડ, મોસમી તાવ, મલેરીયા | હિંડોલ, મારવા, પૂરિયા |
| ખાંસી | ભૈરવી |
| સરદર્દ, કાન દર્દ, દાંતમાં દર્દ | સોહની, કામોદ, પરજ, પીલુ |
| હાઈ બ્લડપ્રેશર | પૂર્વી, તોડી |
| લો બ્લડપ્રેશર | માલકોશ, આશાવરી |

નોંધ : "ગુજરાત સમાચાર તા. ૨૧-૬-૧૨નાં અંકમાં પ્રકાશિત સમાચાર મુજબ લંડનમાં બ્રેઈન હેમરેજ બાદ સાત વર્ષની ચાર્લોટ નેમ નામની બાળકી માથામાં સખત ઈજા થતાં કોમામાં સરી પડી હતી. ડોક્ટરોના મત મુજબ તેના જીવિત રહેવાની શક્યતા નહીવત હતી. પણ તેની માતા લેલાએ ચાર્લોટના બેડ પાસે બન્નેનું મનપસંદ ગીત ગાવાનું ચાલુ રાખતા ચાર્લોટે હસવાનું શરૂ કર્યું. બે માસ સુધી સતત ગીત સાંભળતા ચાર્લોટ ચાલતી પણ થઈ ગઈ, બોલી પણ શકે છે અને ઝાંખું ઝાંખુ જોઈ પણ શકે છે... This is the power of faith and Music.

*(મ્યુઝિક થેરેપી વિષે થોડી અવનવી વાત હવે પછીનાં અંકોમાં...)*


**એક્ઝીબીશન કમ સેલ**

***Consumer Shopee Presents...***

એક્ઝીબીશન કમ સેલ રક્ષાબંધન સ્પેશીયલ

**તા.૨૮ જુલાઈથી ૧લી ઓગસ્ટ સવારે ૧૧ થી ૮**

**સ્થળ : ચેમ્બુર મહિલા સમાજ હોલ, સાંઈબાબા મંદિરની બાજુમાં, ડી.કે. સન્દુ રોડ, ચેમ્બુર (ઈ), મુંબઈ.**

**(સ્ટોલ બુકીંગ ચાલુ)** જુજ સ્ટોલ બાકી છે. પહેલો તે પહેલોના ધોરણે જલદીથી સંપર્ક કરશો.

**સંપર્ક : જીજ્ઞા-74980 32535 / 74988 68120**

## The moment of awakening-The award goes to Indian Working Woman

***- Pravinchandra Shamji Dharamash (Surat) 09978903247***

Some time back I was watching a business channel on T.V about an award function, where in the Chief Executives, Chairmen, Managing Directors, Presidents, Vice Presidents and such high level officials of Industry and Commerce were being felicitated for their out standing achievements. Perhaps they were being awarded **"The Best Manager of The Year"** award. I started wondering whether they really deserve this award. I my self am an executive and have worked in the Industry for about three decades, so I am well aware about the work these so called managers (Including me) dof So I believe that I am qualified to comment on this subject.

One of my bosses (He was General Manager) had bectme my friend off the office hours. He once jokingly accepted that, most of the time he does only general work and for all specific work, there are various departments to do it. He quipped "A general manager is a person who does not do any specific job". These so called C.E.O. (I will use this term which covers all high ranking officials) usually have enormous punitive powers as well as are entitled to a number of fringe benefits such as chauffer driven car, air conditioned cabin, personal secretary and a host of subordinates to help them on various matters. They can even be ruthless to cancel a sanctioned leave of subordinates in case of difficult situation and even can terminate the services of subordinates, as they wield enormous punitive power. **These CEOs hardly do any work themselves, they get it done. With all these support, authority and power, if they are able to achieve something, do they really deserve to be honoured? I asked myself. My candid and the honest conclusion as well as the answer to this question is NO. Then the question stood unanswered, *who deserves to be the Best. CE. 0. of the Year?***

I pondered over this question and after deep thinking, **in the moment of awakening** the answer I got is **"The Indian Working Woman". My wife, my daughter and my daughter-in-law, all are working women.** I have seen them doine all sorts of work **almost single handedly.** stru2slin2 and racine asainst the time. Be it purchase, house hold cleaning, cooking, paying various bills, taking care of the children as well as elderly, teaching the children, managing the finance, managing resources within the income and tracking the expenses. The list is endless. In spite of their hectic schedule, they even manage to entertain guests and devote sometime for their professional pursuit, stealing some minutes from their sleep! Eight hour sleep is a luxury for them. They are assisted by maids for some house hold chores, but on many occasions; the maid does not turn up. (They can not cancel the leave). They pull on even when they are tired, or have minor illness. **Are they not the successful CEO for the year, but of the entire life? This question is the answer to my question, *who deserves to be the Best C.E.O. of the Year?***

I salute all Indian Working Women for their managership. **Not only they manage but do themselves almost all house hold tasks.** I have specifically chosen Indian Working Women, as the working women in advanced countries get **tinned food, ready to cook food** and now ready to eat food to help them. While Indian- Working .Women mostly cook fresh food to cater to our typical as Indian mentality for hot and freshly prepared food. Some foodies eat only when the food served is steaming hot!

I am trying to spread the message to all Indian Working Women that **keep it up.** After reading this article„ may be someone in your family may appreciate the task you are doing and help you. Here is joke about "THE BOSS" or "THE C.E.O.".

A person was selling three parrots which were able to talk to human and understand our language. They were priced at Rs. 5000/-, Rs. 7000/- and Rs. 10000/-. So, some one asked the seller for the reasons about the different price of the parrots. The seller explained. "The first parrot, priced at Rs. 5000/-, knows how to operate the personal computer. The second parrot, priced at Rs. ; 000/- knows how to operate the personal computer as well as how to use internet. The third parrot, priced at Rs. 10000/- does not know how to operate the personal computer but the other two parrots address him as "Sir" and they obey his commands. This is C.E.O! This is boss! Haa, Haa...

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

સમસ્ત મહાજનના ઉપક્રમે રવિ. તા.૧૫-૭-૧૨નાં સવારે ૧૦ વાગે ટ્રસ્ટ બોર્ડની મીટીંગ, બપોરે ૨ વાગે મહાસમિતિની મીટીંગ, સાંજે ૪ વાગે જ્ઞાતિ જનજાગરણ સંપર્ક અભિયાન અંતર્ગત મુંબઈમાં પ્રથમ સભા (મેળાવડો) અને સાંજે ૭ થી ૧૦ દરમ્યાન કવિ તેજના અમૃત મહોત્સવ નિમિતે ગૌરવ સન્માનસહ શ્રી લાલ સંભીયા અને સાથી કલાકારો દ્વારા કવિ તેજની કાવ્યરચનાઓ આધારીત કચ્છીયત રંગતનો સાંસ્કૃતિક કાર્યક્રમ રહેશે. બધાજ કાર્યક્રમો જગન્નાથ બેંકવેટ હોલ, આસીઆસીઆઈ બેંકની ઉપર, શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વે), મુંબઈમાં રહેશે. જનજાગરણ સંપર્ક અભિયાન કાર્યક્રમમાં પધારવા સૌને આમંત્રણ છે. મુંબઈની આ શુભારંભ બેઠક છે તે પછી પરાંઓમાં ક્રમશઃ બેઠકો યોજી જ્ઞાતિજનોમાં જનજાગરણ અને સંપર્ક વધારવાની ભાવના છે. કવિ તેજના કાર્યક્રમમાં પ્રવેશ સ્થળ મર્યાદાના કારણે આમંત્રિતો પુરતું પ્રવેશપાસથી મર્યાદીત છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – અમલનેર

તા.૨૨-૫-૧૨ના ગં.સ્વ. ભારતીબેન ધનજી લોડાયાનાં ઘરે બહેનોએ મહાકાળીની ભાવનામાં રમઝટ જમાવી. તા.૨૭-૫-૧૨નાં શ્રી નિલેશ તારાચંદ લોડાયાનાં જન્મદિન નિમિતે સમુહ સામાયિક અને જાપ રાખવામાં આવેલ. તેમના તરફથી પ્રભાવના થઈ. તા.૨૦-૬-૧૨ના શ્રી શાંતિલાલ લખમશી લોડાયાના જન્મદિન નિમિતે સમુહ સામાયિક અને જાપ કરાયા ત્યારબાદ કચ્છી નવા વર્ષની અરસપરસ શુભેચ્છાઓ અપાઈ અને એમના પરિવાર તરફથી પ્રભાવના હતી.

### શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ–વડોદરા

મંડળ દ્વારા જ્ઞાતિ છાત્રોને રાહતદરે માત્ર રૂા.૫૦ના પ્રતિ ડઝનના દરે નોટબુકો તથા પાઠ્યપુસ્તકોનું વિતરણ કરાયું. કંપાસ અને પેનસેટ નિશુલ્ક અપાયા. આ કાર્યમાં શ્રી નરેન્દ્ર ડી. મોમાયા અને દર્શિત અજય લોડાયાએ સુંદર સહયોગ આપ્યો. દાતાઓએ ઉદારમને શિક્ષણ માટે રાહત આપી અનુમોદનીય કાર્ય કર્યુ છે. સતત ૩૫ વર્ષથી આ પ્રવૃતિ સુંદર રીતે થઈ રહી છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન–યવતમાલ

કચ્છી નવા વર્ષે અષાઢી બીજ તા.૨૧-૦૬-૧૨ના મે. ઉદય કોટન ફાયબર પ્રા. લી.ની જીનમાં શ્રી ઘણીદાદા તેમજ શ્રી ભલારાદાદાની સમૂહ પહેડી સાથે બન્નેના પાઠ પણ રાખવામાં આવેલ અને સાંજનું જ્ઞાતિજમણ રાખેલ. ત્યારબાદ ભાવના હતી. જ્ઞાતિના ૬૦ જણાંની હાજરી રહેલ. અષાઢી બીજના કાર્યક્રમનો સંપૂર્ણ લાભ શ્રી પારસ લહેરચંદ શામજી નાગડા (નલિયા-યવતમાલ) પરિવારે લીધેલ. તેમજ એમના તરફ હાઉઝી ગેમ અને ઇનામો અપાયાં.

### સુજાપરમાં અષાઢી બીજ ઉજવાઈ

શ્રી કિશોરભાઈ જીવરાજ સાંયા અને સૌ. તારાબેન કિશોર સાંયાએ વતન સુજાપરમાં પ્રાથમિકશાળામાં તેમજ આંગણવાડીમાં જઈ અષાઢી બીજ નિમિતે બાળકોને બિસ્કીટના પેકેટ આપી મીઠું મોઢું કરાવેલ અને બાળકોને અષાઢી બીજના પર્વ વિશે માહિતી આપેલ.

શાળાના આચાર્ય શ્રી વાલાભાઈ બારડ, શિક્ષક મુકુન્દભાઈ ડોરીયા તેમજ આંગણવાડીના સંચાલિકા ચંદ્રીકાબા જાડેજાએ સહકાર આપેલ અને શાળામાં પ્રભાવના બદલ દાતાશ્રીઓનો આભાર માનેલ.

### નાંદેડમાં ચાતુર્માસ પ્રવેશ

તા.૨૦-૬-૧૨ના આષાઢી બીજે દાદાશ્રી કલ્યાણ સાગરસુરીશ્વરજી મ.સા.ની જન્મજયંતી નિમિતે રાતે શ્રી મહાકાળી માતાજીની ભાવના ચીમનલાલ આણંદજી નાગડા




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

પરિવાર તરફથી રાખવામાં આવેલ. ભાવનામાં શ્રી જૈન મિત્રમંડળ વતી બે કચ્છી વ્યક્તિઓનું અભિવાદનપત્ર શાલ, શ્રીફળ-માળાથી બહુમાનપુર્વક સત્કાર કરવામાં આવેલ. જેમાં શ્રી ભવાનજી મેઘજી લોડાયા, શ્રી ફતેહસીંહ કલ્યાણજી ઠક્કરનો સમાવેશ હતો.

૨૨-૬-૧૨ના સવારે પુ.સા.શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. તથા કોટીગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૨નું ચાતુર્માસ મંગલ પ્રવેશ અતિ આનંદ ઉત્સાહે સારી હાજરીમાં થયેલ મુંબઈ-ઔરંગાબાદ, દલતુંગી, પુર્ણાથી શ્રાવક-શ્રાવિકા પધારેલ. કાર્યક્રમ બાદ શ્રી વીરચંદ ચાંપશી શીયાલ પરિવાર તરફથી સંઘ સ્વામિવાત્સલ્ય જમણ રાખવામાં આવેલ. અને રૂા.૩૦/-નુ સંઘપુજન થયું.

ગુરૂપુજન તથા સુત્ર વહોરાવવાનો લાભ ભંડારી પરિવારે કાંબળી વહોરાવવાનો લાભ શા લીલાધરભાઈ લાપસીયા પરિવારે, અને સૂત્રચરિત્ર વહરાવવાનો લાભ શા. લક્ષ્મીચંદ શામજીભાઈ લાપસીયા પરિવાર લીધેલ.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ.જયલક્ષ્મશ્રીજી મ.સા. પ્રેરીત ટ્રસ્ટ દ્વારા પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. માર્ગદર્શને ટ્રસ્ટની પ્રવૃતિઓ સારી રીતે ચાલે છે. ગરીબોને ભોજન કરાવવાના કાયમી દાતાઓ : કુંવરજીભાઈ રતનશી પટેલ હ. વિજયાબાઈ દેવજી પટેલ અને વિરચંદ ભાટે (ચાલીસગામ), કે.કે. દોશી (ચાલીસગામ), નવીનચંદ્ર ગોવિંદજી દંડના સ્મરણાર્થે (પદમશીભાઈ, કાંતિલાલ, ગોવિંદજીભાઈ અને જગદીશ હીરજી ભારમલ, મુંબઈ), ક.દ.ઓ. જૈન મહાજન ધુલિયા પૂ.જયદર્શિતાશ્રીજી મ.સા.ના દિક્ષાદિન નિમિતે, માતુશ્રી રતનબાઈ હીરજી લોડાયા (મુંબઈ), ગંગાબાઈ લીલાધર મોમાયા, હ. વિજયભાઈ (માટુંગા), પુષ્પાબેન ચંદુલાલ ડાઘા અને હર્ષાબેન વિપુલ ડાઘા (પારોલા), તારાચંદભાઈ દામજી પોલડિયા (બુરહાનપુર), રતનબાઈ જેઠાભાઈ લોડાયા (મલાડ), લક્ષ્મીચંદ કુંવરજી લોડાયા હ. સોનબાઈ (ચાલીસગામ), માંકબાઈ લખમશી ધુલ્લા (મુલુન્ડ)

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ પુના

સંઘ દ્વારા તા.૧૭ જુનનાં સંઘની વાર્ષિક સર્વસાધારણ સભા અને કચ્છી નવ વર્ષની ઉજવણીનું આયોજન થયેલ. નવકારમંત્ર પઠન બાદ ગત વર્ષ દરમ્યાન અવસાન પામેલ સંઘના સભ્યોને શ્રધ્ધાંજલિ અપાઈ. ખજાનચી શ્રી હિરેન મોમાયા દ્વારા ગયા વર્ષના હિસાબો રજુ થયા જેના પર ચર્ચા-વિચારણા થઈ અને હિસાબોને મંજુરી અપાઈ.

માનદમંત્રી શ્રી મિલન પટેલ દ્વારા ગત વર્ષનો સંઘની કાર્યવાહીનો અહેવાલ સાદર થયો. વર્ષ દરમ્યાન યોજાયેલ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની માહિતી અપાઈ. પુનાના ઇતર જ્ઞાતિજનોને વિવિધ ક્ષેત્રે તેમના વિશિષ્ટ કાર્યો માટે મળેલાં સન્માન અને એવોર્ડસ્‌નો ઉલ્લેખ કરવામાં આવ્યો. જેમાં શ્રી બીરેન ધરમશી અને શ્રી ચેતન ખોનાની કંપનીને "ઈ-લર્નિંગ" ક્ષેત્રે મળેલી સિધ્ધિ, શ્રી ખુશાલ મૈશેરીને જૈન સોશયલ ગ્રુપ તરફથી મળેલ એવોર્ડસ્‌, શ્રી સંજય ધરમશીએ શ્રી મુંબઈ મહાજનશ્રીને "યુરેનિયમ ડોનર" તરીકે આપેલ યોગદાન અને શ્રી પ્રશાંત લાલકા દ્વારા શરૂ કરાયેલ અનોખા "આર ક્યુબ ચેરીટી શોપ" વિશે સભ્યોને માહિતી કમ્પ્યુટર માધ્યમે રજુઆત કરીને અપાઈ. વર્ષ દરમ્યાન સંઘમાં સભ્યોને ત્યાં જન્મેલા બાળકોને સ્લાઈડ શૉ દ્વારા આગમન આવકાર આપવામાં આવ્યો. સંઘની વાર્ષિક સભા, સંપુર્ણપણે કમ્પ્યુટર ટેકનોલોજીના ઉપયોગ દ્વારા વિવિધ સ્લાઈડ શૉ અને વિવિધ પ્રેઝેન્ટેશન્સ્‌ને કારણે નવી પ્રણાલિકા, નાવિન્યરૂપ અને રસપ્રદ બની રહી. આ અનોખા નવા પ્રયોગ માટે કમીટી સભ્ય શ્રી ધીરજ અજય દંડનો સારો સહયોગ રહ્યો. સભાને અંતે કુ. યામિની છેડા દ્વારા તૈયાર કરાયેલ "યંગતરંગના અનુભવો" નું પ્રેઝન્ટેશન પ્રોજક્ટર સ્ક્રીન પર યામિની અને ધવલ દંડ દ્વારા રજુ કરાયું.

સભાની સમાપ્તિ બાદ કચ્છી નવ વર્ષ અષાઢી બીજની ઉજવણી રૂપે સાંસ્કૃતિ કાર્યક્રમ રજુ કરાયું. જ્ઞાતિજનો દ્વારા વિવિધ કાર્યક્રમો રજુ કરાયા. સંપુર્ણ કાર્યક્રમનું સુત્ર સંચાલન કુ. સલોની સંજય ધરમશી અને ચિ. નૈતિક દુષ્યંત લાપશિયાએ આગવી શૈલીથી કર્યું. જે બધાને બહુજ ગમ્યું.

સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત કુ. ઉર્વી ધરમશી


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN® TOURS & TRAVELS

દાદર મુલુંડ પાર્લા

9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥

તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે
૨૫ વર્ષથી તમારી સાથે...

હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

દ્વારા સરસ્વતી વંદનાથી થઈ. ત્યારબાદ બાળકો માટે "ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં વય ૧ થી ૫ સુધીના ગ્રુપનાં વિજેતા કુ. નિશા હર્ષલ ઘરમશી અને કુ. ખુશી તુષાર લોડાયા રહ્યાં. વય ૬ થી ૧૦ સુધીના ગ્રુપનાં વિજેતા ચિ. દેવ રવિન્દ્ર મુનવર અને કુ. મૈત્રી જયેશ નાગડા રહ્યા. નિર્ણાયક તરીકે સૌ. મીતા પ્રશાંત લાલકા હતાં. ત્યારબાદ કુ. યામિની અને કુ. જીતલ યતીશકુમાર છેડા દ્વારા એક પ્રહસન (SKIT) અને ઈન્સ્ટ્રુમેન્ટલ સંગીત રજુ કરવામાં આવેલ. આ બન્ને આઈટમોને "યંગ તરંગ" કાર્યક્રમમા પણ ઈનામો મળેલ. તા.૧૭ જુનના "ફાધર્સ ડે" નિમિતે સલોની ઘરમશી દ્વારા તૈયાર કરાયેલ એક દ્રશ્ય-શ્રાવ્ય પ્રેઝેન્ટેશન દ્વારા હાજર રહેલ સર્વ પિતાઓને બિરદાવવામાં આવ્યા. ત્યારબાદ વ્યક્તિગત પરફોર્મન્સ થયા. જેમાં સલોની ઘરમશી, ઉર્વિ ઘરમશી દ્વારા ગીત, જ્યારે ઉત્કર્ષ મૈશેરી, રિધ્ધી ઘરમશી દ્વારા ડાન્સ રજુ થયા. શ્રોતાઓએ ઉમળકાભેર તાળીઓ પાડી કલાકારોને પ્રોત્સાહિત કર્યા.

શ્રી જયેશ નાગડા દ્વારા તેમના ફોટોગ્રાફી ના શોખ બાબત એક સ્લાઈડ શૉ દાખવવામાં આવેલ. બધા ફોટોગ્રાફસ્ દાખવી તેની માહિતી આપવામાં આવી. સૌ. ભાવના ખુશાલ મૈશેરી દ્વારા તૈયાર થયેલ ગુજરાતી ગીતોની પિરોડી રજુ કરાયેલ. જેમાં ૬ વર્ષ થી ૬૦ વર્ષની વયના ૧૬ જ્ઞાતિજનોએ જાણીતા ગુજરાતી ગીતોને નૃત્ય સાથે રજુ કર્યા હતાં. જેને પ્રેક્ષકોએ ખુબજ દાદ આપી.

સૌ. હર્ષા હેમલ લોડાયાએ તૈયાર કરાયેલ કચ્છી નાટક "કચ્છડો આય કમાલ!" રજુ કરાયેલ. એક લઘુ નાટિકાને ગરબા-ગજીયા સાથે વણી લઈ દ્રશ્ય-શ્રાવ્ય સાથે રજુ કરવાનો નવતર પ્રયોગ શ્રોતાઓએ લાગણી સભર થઈ માણ્યો અને એ સહુને કચ્છની યાદ તાજી કરાવી ગયું. નાટકના મુખ્ય પાત્રોમાં ચિ. દેવ મુનવર, કુ. જીતલ છેડા, શ્રી મેહુલ ઘરમશી ઉપરાંત સૌ. અમીષા અને રવિન્દ્ર મુનવર હતાં. ગરબા અને ગજીયાની ગુંથણી ધવલ યોગેશ દંડ અને હર્ષા લોડાયાની રહી. નાટીકાના સુત્રધાર સૌ. ડોલી પટેલ હતા.

કાર્યક્રમને અંતે શ્રી માણેકજી લોડાયા દ્વારા સીનીયર સીટીઝનો માટે હિન્દી ફીલ્મો પર આધારિત પ્રશ્નોત્તરી (Quiz)નું આયોજન કરાયું. જેમાં ચાર ટીમ બનાવી વિવિધ પ્રશ્નો સાથે ફીલ્મો ગીતોનો પણ સમાવેશ કરી કાર્યક્રમને રસપ્રદ બનાવ્યો. વિજેતા બે ટીમોને ઈનામ આપવામાં આવ્યા હતાં.

સંઘે બહાર પાડેલ "મોબાઈલ નંબર ડાયરી"ના દાતા શ્રી ખુશાલ પદમશી લાલકાનું બહુમાન કરાયુ હતું. આ ઉપરાંત "યંગતરંગ"માં વિવિધ ઈનામોના પુનાના વિજેતાઓનું બહુમાન કરી તેમને વિશેષ પારિતોષિકો અપાયાં જેમાં યામિની છેડા, જીતલ છેડા, ધવલ દંડ, ઋતુ પટેલ, સલોની ઘરમશી, સંકેત લાલકાનો સમાવેશ હતો. ત્યારબાદ "સાધર્મિક સહાયતા" માટે શ્રી મુંબઈ મહાજનને રૂા.૫૦ લાખનું દાન આપી પોતાનાં કુટુંબ સાથે પુનાની નામના વધારનાર શ્રી સંજય નવીનચંદ્ર ઘરમશીનું સન્માન શ્રી દિનેશભાઈ લોડાયાને હસ્તે કરવામાં આવ્યું. સંઘ દ્વારા "માનપત્ર" અર્પણ કરી સંજયભાઈની સેવાઓને બીરદાવવામાં આવી. આ પછી ઈનામ વિતરણ વિધિ થઈ અને કાર્યક્રમને રસપ્રદ અને યાદગાર બનાવવા બદલ કલાકારો અને કાર્યકરોનો આભાર માનવામાં આવ્યો. અંતે સાંધ્યભોજનનો લાભ લઈ સહુ છુટા પડ્યા.

### શ્રી ક.દ.ઓ. જૈન સમાજ-વડોદરા

તા.૧૭-૬-૧૨ના સવારે ૮ કલાકે વડોદરા તપોવન ગ્રુપના યુવાનોએ શ્રી દશા શ્રીમાળીવાડી ખાતે અષ્ટપ્રકારી પુજાનું આયોજન કરેલ. પુજામાં ભાગ લેવા માટે વડોદરા શહેર ઉપરાંત ડભોઈ-પાદરા-છાણી-અમદાવાદના પાઠશાળાના બાળકો-બાલિકાઓ પધારેલ.

જૈન પાઠશાળાના એક હજાર જેટલા બાળકો-બાલિકાઓએ પુજાના વસ્ત્રોમાં અષ્ટપ્રકારી પુજામાં ભાગ લીધેલ. પૂ. શ્રી ચંદ્રજિનવિજયજી મ.સા. અને પૂ. ધર્મબોધિ વિજયજી મ.સા.ની નિશ્રામાં કરાવવામાં આવેલ.

આ કાર્યક્રમમાં પાઠશાળાના બાળકો-બાલિકાઓ પાઠશાળાના શિક્ષિકાબેન શ્રીમતી ઈન્દીરાબેન છેડા તથા મહિલા મંડળના મંત્રી શ્રીમતી ભારતીબેન નાગડા સાથે ભાગ લીધેલ. ભગવાનની ૧૨૬ પ્રતિમાઓની દુધ-કેસર

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર
(વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

મિશ્રિત ચંદન-પુષ્પ-ધૂપ-દિપક-અક્ષત-નૈવેદ્ય અને ફળ દ્વારા અષ્ટપ્રકારી પુજા કરાવવામાં આવેલ. સંગીત સભર વિશેષ પ્રકારની પુજામાં પુજાના વસ્ત્રોમાં સજજ બાળકો-બાલિકાઓએ ભક્તિસભર માહોલ સર્જાયો હતો. ત્યારબાદ પૂ. ગુરૂભગવંતોની અમૃતવાણીનું રસપાન કરવામાં આવેલ. દરેક બાળકો-બાલિકાઓને પ્રોત્સાહન રૂપે તપોવન ગ્રુપના યુવાનોએ સુંદર થેલીઓની પ્રભાવના કરેલ. અંતે સાધર્મિકભક્તિનો લાભ લઈને છુટા પડેલ.

## સાંયરા

અત્રે તા.૧૩-૬-૧૨ના શા. દામજી નરશી ઘ્રોળની પુણ્યતિથી નિમિત્તે પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા ભણાવાઈ. પરિવાર તરફથી પેંડાની પ્રભાવના થઈ. જનાવરોને ઘાસ, પક્ષીઓને ચણ અને કુતરાઓને લાપસી અપાઈ. માતુશ્રી વાલબાઈ દામજી ઘ્રોળ પરિવાર તરફથી સ્વામીવાત્સલ્ય જમણ રાખવામાં આવેલ અને રૂા.૧૦નું સંઘપૂજન થયેલ.

## કચ્છી યુવા ગ્રુપ-ઇંદોર

ગ્રુપ દ્વારા તા.૬-૫-૧૨ના સભ્યોએ રમતગમત દિવસ મનાવ્યો. જેમાં સમાજના ઉપપ્રમુખ શ્રી સતીષ ગોસર, માનદમંત્રી કીરીટ દેઢીયા, યુવા ગ્રુપના પ્રમુખ જીગનેશ નાગડા અને સમાજના વડીલોએ હાજરી આપી આશીર્વાદ દીધા. આ રમતોત્સવમાં ક્રિકેટ, રૂપવોલીંગ, ખોખો જેવી રમતોનો આનંદ કચ્છી યુવાગ્રુપે લીધો કાર્યક્રમની સંપૂર્ણ વ્યવસ્થા યુવાગ્રુપના મંત્રી શ્રી નિમીશ મૈશેરી, સહમંત્રી શ્રી વૈભવ ખોનાએ ટીમ સાથે સંભાળી. અંતમાં અતીથીઓએ ભાગ લેનારને ભેટ આપી.

## અચલગચ્છાધિપતિશ્રીનો વર્ધમાનનગરમાં ભવ્ય ચાર્તુમાસ પ્રવેશ

સળંગ ૪૪ વર્ષિતપનાં આરાધક તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.પૂ. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા. આદિ ઠાણા-૮ વર્ધમાનનગર મધ્યે ચાતુર્માસ પ્રવેશ કરતાં ભુજ અચલગચ્છ જૈન સંઘ તથા વર્ધમાનનગર જૈન સંઘ દ્વારા ઢોલ-શરણાઈ, બેન્ડ પાર્ટી, શણગારેલા બેડાં, ગહુંલીઓ, ઘોડા-ઉંટ-ધર્મધ્વજા-પતાકા-બેનર, શણગારેલી, ઉંટ ગાડીઓ સહ ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ.

સામૈયામાં જૈનરત્ન શ્રી તારાચંદભાઈ છેડા, કીરીટભાઈ લાપસીયા, હરીશ વીકમશી, કિશોરભાઈ સાંયા વગેરે અગ્રણીએ જોડાયા હતા.

જિનશાસનની જય જયકાર બોલાવતા રળિયામણા વર્ધમાનનગરી મંડપમાં પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવ્યું હતું. ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે યોજાયેલ મુખ્ય કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રી શ્રી વાસણભાઈ આહિર, ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહ, રવિલાલ સંગોઈ, દેવજીભાઈ પાલાણી, રમેશભાઈ દંડ, કિશોર મોતા અને અન્યોએ અતિથિવિશેષ પદ શોભાવ્યું હતું.

શ્રી વાસણભાઈ આહિરે જણાવ્યું હતું કે, પૂજ્યશ્રીની અસીમ કૃપા આપણાં ઉપર છે. તેઓશ્રીએ રાજ્ય સરકાર વતી ચાતુર્માસને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

પૂજ્યશ્રીનાં ગુરૂપૂજનનાં ચડાવાનો લાભ પુષ્પાબેન વિનોદભાઈ ગંગર (ગોધરા), કામળીનો લાભ શ્રીમતી લીલમબેન દેવજી પાલાણી (કોઠારા), સુત્ર ધર્મબિંદુ વહોરાવવાનો લાભ વેલબાઈ લઘુભાઈ લોડાયા (રાપરગઢ) જ્યારે ચરિત્ર વહોરાવવાનો લાભ દેવજી નેણશીં પાલાણી પરિવાર (કોઠારા) એ લીધો હતો.

આ પ્રસંગે સ્વ. હીરાચંદ લીલાધર લાલકાની સ્મૃતિમાં પશુપાલક મિત્ર મુખ્ય દાતા શ્રીમતિ રેખાબેન હીરાચંદ લાલકા પરિવાર દ્વારા જીવદયાનું કાર્ય કરાયું હતું. અબડાસા વિસ્તારમાં પશુઓને પશુ ડોક્ટરી સારવાર ઉપલબ્ધ થાય તેવા હેતુ સાથે એમ્બ્યુલન્સ અર્પણ કરાઈ હતી. જેનું સંચાલન કચ્છ ફીડર ફ્રુટ એન્ડ ફોરેસ્ટ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ શ્રી અબડાસા તાલુકા કૃષિ એવમ્ પશુપાલન વિકાસ પ્રોડયુસર કાું લી. (કોઠારા) કરશે.

આ કાર્ય માટે ગૌ સેવા આયોગ શ્રી સુથરી પાંજરાપોળ ટ્રસ્ટનો પણ સહકાર મળેલ છે. વાહનની ચાવી આ પ્રસંગે સંચાલકોને દાતાપરિવારનાં શ્રી જયેશ લાલકા, વિક્રમ લાલકાની ઉપસ્થિતમાં અર્પણ કરાઈ હતી. વ્યવસ્થા માટે કાર્યકરોએ જહેમત લીધી હતી.

## શ્રી શરદ કાનજી લોડાયા-કોઇમ્બતુર

સંઘના સભ્ય શ્રી શરદ કાનજી લોડાયા, કોઈમ્બતુર કોટન એસોશીયશનના પ્રમુખ તરીકે ત્રણ વર્ષ માટે સર્વાનુમતે ચુંટાઈ આવેલ છે. આ સિધ્ધિ બદલ મહાજનશ્રીના હાર્દિક અભિનંદન.

## મોટા હોસ્પીટલ ખર્ચ માટે સહાયતા

હાલમાં કોર્ટ આદેશાનુસાર મુંબઈની મોટી હોસ્પીટલોમાં જરૂરીયાતમંદોને આવકના દાખલા અનુસાર હોસ્પીટલ ખર્ચમાં રાહત મળી શકે છે. જરૂરી દસ્તાવેજમાં રેશનકાર્ડ, વાર્ષિક આવક ૨૪૦૦૦ તેથી ઓછીનો દાખલો વગેરે હોય તો ખર્ચમાં ૫૦% રાહત મળી શકે છે. આવક દાખલા તહસીલદાર ઓફિસેથી મેળવી લેવા. સ્થાનિક નગર સેવક અને નોકરી/ધંધાના સ્થળેથી આવક દાખલો,

હોસ્પીટલ ખર્ચ અંદાજપત્ર, સરનામા પ્રુફ, વગેરે લઈ આવક દાખલો લઈ લેવો જરૂરી છે. આ જરૂરીયાત પુરી કરવાથી મુંબઈની મોટી નિયત હોસ્પીટલોમાં પણ ખર્ચમાં રાહત મળી શકે છે.

### મોટીસિંધોડી પ્રગતિ મહિલા મંડળ

મોટીસિંધોડી પ્રગતિ મહિલા મંડળ અને નેમ યુથ ફોરમના ઉપક્રમે તા.૩-૬-૧૨ના પેરેડાઈઝ ફેન લેન્ડ રીસોર્ટની એક દિવસીય પિકનીક ગોઠવવામાં આવી હતી. જેમા સારી સંખ્યામાં સભ્યોએ ભાગ લીધેલ. ત્યા વિવિધ જ્ઞાન ગમ્મતની રમતો રમાડવામાં આવેલ અને વિજેતાના ઇનામો અપાયેલ. આખો દિવસ પિકનીકનો આનંદ માણી સૌ ખુશ થયા.

### "અનંતછાયા" કેસની સુનાવણી

ચેરીટી કમીશ્નર સમક્ષ "અનંતછાયા"ના વેંચાણ અંગેની મંજુરી મેળવવા શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ કરેલ અરજીની તથા તે વિરૂધ્ધ વાંધો નોંધાવતી ડો. લક્ષ્મીબેન ખોના અને ચંદ્રસેન મોમાયાની વિરોધ અરજીની સુનાવણી ૨૯-૬-૧૨ના થયેલ તેમાં વિરોધકર્તા અરજદારોએ મૂળ ચૂંટાયેલા ૧૧ ટ્રસ્ટીઓમાંથી બે ટ્રસ્ટીઓએ રાજીનામાં આપેલ તે અંગેનો વર્તમાન નવ ટ્રસ્ટીઓએ ફાઈલ કરેલ ચેન્જ રીપોર્ટ ચે.કમીશ્નરે હજી સ્વીકારેલ ન હોવાથી વેચાણ મંજુરી અંગે કરાયેલ ઉક્ત અરજીની સુનાવણી ન થઈ શકે તે મતલબની રજુઆત કરતા ચેરીટી કમીશ્નરે ટ્રસ્ટીઓના એડવોકેટ શ્રી જાધવને તેનો જવાબ દાખલ કરવા આદેશ આપી સુનાવણી ૯ જુલાઈ ૧૨ના મુલતવી રાખેલ છે.

### બાંદ્રા (વે)માં ચાતુર્માસ પ્રવેશ

પૂ.સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.આ.ઠા.-૩ બાંદ્રા (વે) તા.૨૫-૬-૧૨ના કલ સંઘનાં ભવ્ય સામૈયા સહ ચાતુર્માસ પ્રવેશ કરેલ. સારી સંખ્યામાં ભાવિકો પધારેલ અને પ્રવેશ પ્રસંગે ચૈત્યવંદન અને માંગલિક પ્રવચનનો લાભ લીધેલ.

### ડોંબિવલીમાં નવકાર મહામંત્ર જાપ

૨૪-૬-૧૨ના ડોંબીવલીમાં મેળાવો પરિવારે નવકાર મહામંત્ર જાપ અનુષ્ઠાન યોજેલ. જેમાં ૬૦૦ જણાંએ લાભ લીધેલ. ૧૫ થી ૩૦ વરસના ૯ જેટલા કાર્યકરોએ અને ૪૦ જેટલા સ્વયંસેવકોના સહયોગથી શિસ્તબધ્ધ રીતે સુંદર વ્યવસ્થા જળવાઈ. દાતાઓ ધનલક્ષ્મી ચંદ્રકાંત લોડાયા અને ઝવેરબેન ભવાનજી દંડે આર્થિક સહયોગ આપેલ.

### સખી વૃંદ પુના

વૃંદના ઉપક્રમે નીતા દંડના ઘરે માર્ચની Beauty Pageant બેઠક positivity ઉપર હતી. એમાં દરેક બહેનને પોતાની ડાબી બાજૂમાં બેઠેલી બહેનની પ્રશંસા કરવાની હતી. જેની પ્રશંસા થાય એ બહેન એનો આભાર વ્યક્ત કરે અને પછી પોતાની જમણી બાજૂ બેઠેલી બહેનની પ્રશંસા કરે. એમાં બીજાની પ્રશંસા અને તેની આભાર અભિવ્યક્તિ કેવી રીતે કરો છો એના બદલ ગુણાંક અપાયેલ. એમાં સકારાત્મક વિચારસરણીથી શ્રેષ્ઠ રજુઆત માટે વિજયાબેન ખોનાને Mrs. Positive નો ખિતાબ મળેલ. આ કાર્યક્રમ સૌને સકારાત્મકતા શીખવા ઉપયોગી રહ્યો.

સૌ. કાંતાબેન માણેકજી ધરમશી દ્વારા એપ્રિલમાં Medical First-Aid ઉપર નાનકડો Work-Shop યોજવામાં આવ્યો. જેમાં સમસ્ત પુનાસંઘની સખીઓં આમંત્રણ હતું. પ્રાથમિક ઉપચારની તાલીમ લીધેલ સખી સૌ. કિર્તીબેન નાગડા દ્વારા એનું પ્રત્યક્ષીકરણ કરી બનાવેલ.

અકસ્માત કે માંદગી સારવારમાં મેડીકલ મદદ મળવા પુર્વે ઉપલબ્ધ વસ્તુથી તાબડતોબ પ્રાથમીક ઉપચાર કેમ કરવો, મદદ કેમ કરવી, દરદ ઓછો થાય તે માટે રચનાત્મક રીતે બોલીને દર્દીને રાહત મળે તેની સમજ આ વર્કશોપમાં અપાઈ. આ ઉપયોગી સેમીનારમાં કિર્તીબેન દ્વારા જુદા-જુદા વિષયો આવરી લેવામાં આવ્યા. પેશન્ટની પથારી કેવી રીતે બનાવવી, બાથરુમમાં પડી ગયેલ સ્થૂળકાય વ્યક્તિને કેમ ઉઠાડીને બહાર લાવવી, દાઝ્યા પર કેમ સારવાર કરવી, તાવ, જખમ અને વિષબાધામાં કેમ ઝડપી ઉપચાર કરવો તે સમજાવ્યું. પ્રાથમિક ઉપચારની બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો.

Beauty Pagant ના રાઉંડમાં Mrs. Healthy' ના કિતાબ માટે ૫૦ વર્ષથી ઉપરની વયની બહેનો માટે રાઉન્ડમાં ઉભા રાખી વિવિધ રોગ-બિમારીની યાદી વાંચી સંભળાવી જેમાં જે બલ્ડપ્રેશર, ડાયાબિટીસ, થાયરૉઇડ, ઘુંટણનો દુખાવો, આંખની તકલીફ વગેરે પ્રોબ્લેમ બતાવાયા. જાહેર થતાં જેમાં જેને જે પ્રોબ્લેમ હોય તો તેમને નીચે બેસી જવાનું. જેમને કંઈ પણ પ્રોબ્લેમ ન હોય તેમને વિજતા જાહેર કરવામાં આવ્યા. આ સ્પર્ધામાં શ્રીમતી મધુરીબેન કાંતિલાલ લોડાયા, મોટી ઉમરેપણ સ્વાસ્થ જાળવીને વિજેતા થયા તેમને Mrs. Healthy તાજ પહેરાવામાં આવ્યું. અને ઓપન રાઉંડમાં ગેસ્ટમાંથી સૌ. ગુણવંતીબેન દંડ (ઇંદોર) ને નવાજવામાં આવ્યા.

સખી વૃંદ દ્વારા ના નફા ના નુકસાનના ધોરણે સારી ક્વૉલીટીના મસાલા વિતરણ કરવામાં આવ્યાં. જેને સારો પ્રતિસાદ મળ્યો. અંતમાં સૌ. ભાવના મૈશેરી દ્વારા પોતાને ત્યાં ગોઠવેલ મિટીંગની સી.ડી. બધા ભાગ લેનારાને ભેટ અપાઈ. કલાકારોએ એમની અનુમોદના કરી.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**નિર્મલ જ્વેરચંદ લોડાયા** પુષ્પા રેસીડન્સી, ૧લે માળે, ચંદ્રનાથનગર, હુબલી-૫૮૦૦૩૨

**ધવલ અતુલ મોતા** પ્લોટ ૭-૮, H.No.A, મહાવીરનગર, સર્વે નં.૨, અંતરજાળ, આદીપુર-૩૭૦૨૦૫. ફોનઃ ૯૮૨૫૫૨૯૫૩૫

**પ્રભાવંતી બાબુલાલ ધરમશી** બી/૨, પરીન પેલેસ, દીનદયાલ રોડ, આનંદનગર, ડોંબિવલી (વે)

**પ્રતાપ શીવજી લોડાયા** એ-૪૦૩, અભિજ્યોતિ રેસીડન્સી, પ્રેરણાતીર્થ પાસે, જોધપુર સેટેલાઇટ, અમદાવાદ ૩૮૦૦૧૫.

**તેજસ દિનેશ નાગડા** એચ-૧/૫૦૧ રોઝ આઈકોન, પિંપલ સૌદાગર, પુના-૪૧૧૦૨૭ ફોન 07350014233/09769063338

**મુકેશ લક્ષ્મીચંદ કુરવા** ૧૦૧, સ્વામી સમર્થકૃપા, તુકારામનગર, ડોંબિવલી (ઈ) મો.૯૩૨૦૯૧૦૯૨૦

**ચીમનલાલ એલ. દંડ (લાલા)** ૭ એન, ગ્રાંડ કેનન એપા. વેંકટસ્વામી રોડ (ઈ), આર એસ પુરમ,કોઇમ્બતુર-641002 ફોન (0422) 2543132

**મણીલાલ શીવજી ધુલ્લા** જી ૭૦૫, રેડવુડસ, વસંતગાર્ડન, સ્વપ્નનગરી પાછળ, LBS રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૮૦ ફોનઃ09769326489

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

વિજય સી. મોમાયા-સોલાપુર 9325666166/9422206965

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪-૯-૧૧ | અંધેરી | CDDD010901 | દેવાંશી-ગૌતમ અભયચંદ દંડ | છાદુરા | કન્યા |
| ૧૦-૬-૧૨ | મુલુન્ડ | TRDD011904 | સાંચી-દિપક નરેન્દ્ર દંડ | તેરા | કન્યા |
| ૧૯-૫-૧૨ | ડોંબિવલી | VRKN | લીનેશા-પરેશ લખમશી ખોના | વરાડીયા | કન્યા |
| ૪-૬-૧૨ | ડોંબિવલી | NLLO040503 | યુગ-રાજેશ જયચંદ લોડાયા | નલીયા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨-૬-૧૨ | ખીરકીયા | LLMG013903 | તેજસ રૂપચંદ ભવાનજી નાગડા | લાલા | ૨૯ |
| | ડોંડાઇચા | VVLO0100204 | ફાલગુની કિર્તી વીરચંદ લોડાયા | વારાપધર | ૨૫ |
| ૨-૬-૧૨ | બેંગલોર | NLCD040504 | નિખિલ ગુલાબચંદ હીરજી છેડા | નલીયા | ૨૬ |
| | ખીરકીયા | LLNG014004 | માસુમી હેમચંદ ભવાનજી નાગડા | લાલા | ૨૪ |
| ૨૧-૬-૧૨ | ડોંબિવલી | NLNG01801204 | જેનીલ પ્રફુલચંદ ચાંપશી નાગડા | નલીયા | ૨૬ |
| | કોઠારા | KRLO | ઈશીતા ધનપતી હીરજી લોડાયા | કોઠારા | ૨૫ |
| ૨૧-૬-૧૨ | મુલુંડ | DALI0402103 | નિરજ કિશોર ગોવિંદજી લાપસીયા | દલતુંગી | ૨૪ |
| | ડોંબિવલી | RADH0104903 | તન્વી રાજેશ રામજી ધરમશી | રંગપુર | ૨૦ |
| ૨૯-૬-૧૨ | ઘાટકોપર | DALI010402 | અલ્પેશ દિનેશ બાબુભાઈ લાપસીયા | દલતુંગી | ૨૬ |
| | ઘાટકોપર | KBLO010204 | અલ્પા દિનેશ મોતીલાલ લોડાયા | મોટીખાવડી | ૨૪ |
| ૨૧-૯-૧૨ | નાગપુર | NLLO090403 | પારસ હરીશ પદમશી લોડાયા | નલીયા | ૨૭ |
| | હુબલી | NLNG0112803 | દર્શના કિરણ માણેકજી નાગડા | નલીયા | ૨૭ |
| ૨૬-૬-૧૨ | મુલુંડ | NLKN011904 | વિનીત ઉત્તીન વિજય ખોના | નલીયા | ૨૫ |
| | ડોંબિવલી | SDLO021303 | તેજલ ગોવિંદજી લાલજી લોડાયા | સાંઘવ | ૨૫ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧-૬-૧૨ | મસ્જીદ | NLMA010304 | અનિલ દિનેશ દામજી મૈશેરી | નલીયા | ૨૭ |
| | સાયન | A | તેજલ રમેશ ગાંગજી ગાલા | લુણી | ૨૧ |
| ૨૪-૬-૧૨ | મુલુંડ | SULO010503 | રીશી રાજેન્દ્ર લક્ષ્મીચંદ લોડાયા | સુથરી | ૨૬ |
| | વિલેપારલે | A | હેમાલી મનોજ હરગોવિંદ શાહ (માલકન) | રાજકોટ | ૨૫ |

### છૂટા છેડા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨-૧૨-૧૧ | કોચીન | NLKN010203 | કલ્પેશ મહેન્દ્ર મેઘજી ખોના | નલીયા | ૨૭ |
| | હૈદરાબાદ | VVMT | કુંજલ વિજય પદમશી મોતા | વારાપધર | ૨૩ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨-૬-૧૨ | મુલુંડ | CDDD030101 | હિરાચંદ જેઠાભાઈ ખીમજી દંડ | છાદુરા | ૮૨ |
| ૨૨-૬-૧૨ | વડોદરા | NLNG480204 | સંયમ ચંદ્રેશ દિનેશ નાગડા | નલીયા | ૭ |
| ૨૫-૬-૧૨ | ગદગ | JKMA060602 | ધનજી કુંવરજી દેવશી મૈશેરી | જખૌ | ૫૪ |
| ૧૭-૬-૧૨ | ગદગ | KSLT010501 | પ્રવીણચંદ્ર લાલજી ખીમજી લુઠીયા | નાનીખાવડી | ૭૮ |
| ૨૭-૬-૧૨ | કોચીન | NLKN013102 | મીના કાંતિલાલ ઉમરશી ખોના (ચક્ષુદાન) | નલીયા | ૬૫ |

## હાર્દિક અભિનંદન



**ચિ. ચિંતન વીરચંદ મોતા**

(કુવા પધર – ઘાટકોપર)

(જન્મ તા. ૧૩–૬–૧૯૮૫)

ચિ. ચિંતને M.S. (Information Technology) Rochester Institute of Technology University (USA) માંથી પાસ કરેલ છે. તે સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા ....

: શુભાશિષ :

દાદાણાં : માતુશ્રી સ્વ. લક્ષ્મીબેન રાયચંદ વિશનજી મોતા પરિવાર

માતા–પિતા : સૌ. જયશ્રી વીરચંદ મોતા

બહેન : કુ. જિનલ વીરચંદ મોતા

એવમ્ સમસ્ત મોતા પરિવાર

## લાપસીયા અને ડાઘા પરિવારનું ગૌરવ
## હાર્દિક અભિનંદન



**ચિ. પૂર્વક મિતેન લાપસીયા**

(સુથરી–જલગામ)

ચિ. પૂર્વક 10th (CBSE) CGPA-10 (95%) માર્ક્સથી ઉત્તીર્ણ થઈ અમારા પરિવારનું ગૌરવ વધાર્યું છે. સાથે હેંડરાઈટીંગ સ્પીચ અને ડ્રામા કોમ્પીટીશનમાં પ્રથમ આવેલ છે. આ સિદ્ધિઓ બદલ અંતરથી અભિનંદન અને ઉત્તરોતર પ્રગતિ માટે શુભેચ્છાઓ....

: શુભાશિષ :

દાદા–દાદી : સૌ. મધુરી ચંદ્રકાંત લાપસીયા (સુથરી–જલગામ)

નાના–નાની : ગં.સ્વ. અરૂણા લીલાધર ડાઘા (વરાડીયા–મુંબઈ)

મમ્મી–પપ્પા : સૌ. દક્ષા મિતેન લાપસીયા

મામા–મામી : સૌ. નીતા ગજેશ ડાઘા – સૌ. મનીષા પિયુષ ડાઘા – સૌ. ભક્તિ જયેશ ડાઘા

માસા–માસી : સૌ. ભાવના અતુલ મોતા

બહેનો : તન્વી, કૃપા, યુક્તા

ભાઈઓ : પ્રિયંક, પરીન, ઈશીત અને હેમીન, સાગર અને અક્ષિત

## દંડ અને સોની પરિવારનું ગૌરવ



**કુ. અવની ગીરીશ મોતા**

**Avni Motta** student of Arena Animation, (Vile Parle) cracked the "Adobe Certified Associate Exam" CS4 Photoshop wherein she is the First student who has successfully cleared the International Level Exam.

: શુભ આશિષ :

નાનાણાં : શ્રીમતી મધુરી નવીન હીરજી દંડ (લાલા – વેરાવળ) અને જયા વીરચંદ નરશી સોની (સુથરી – જુહુ)

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Regd. No. MH/MR/East/53/2012-14
**Posting : Monday / Tuesday posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.**



# એજ્યુકેશન લોન



## કે.ડી.ઓ. જ્ઞાતિના વિદ્યાર્થીઓને અભ્યાસાર્થે આગળ વધવાની સુવર્ણ સંધી...

### આપણી જ્ઞાતિના સર્વ એજ્યુકેશનલ ટ્રસ્ટ એકજ નેજા હેઠળ

- શ્રી સી.ડી.ઓ. જૈન શિક્ષણ પ્રસારક સમિતી ટ્રસ્ટ
- શ્રી વિરજી લધાભાઈ ટ્રસ્ટ
- શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ
- શ્રી મણી માણેક ચેરિટેબલ ટ્રસ્ટ
- શ્રી અનંતનાથજી જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ
- શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

વિનંતી સાથે જણાવવાનું કે ઉપરોક્ત સર્વે ટ્રસ્ટોએ એક નેજા હેઠળ ઉચ્ચ શિક્ષણ અભ્યાસાર્થે લોન આપવાનું શરૂ કરેલ છે જેમાં એસ.એસ.સી. પછી આગળ ભણતા છાત્રો ૫૦ ટકા કે તેનાથી વધારે માર્ક મળતા તેમની કોલેજની ફી, ટ્યુશન ફી, હોસ્ટેલ ફી, મેસ ફી માટે લોન (વગર વ્યાજની) અર્થે અરજી કરી શકે છે.

૫૦ ટકાથી ઓછા માર્ક પાસ થયેલ વિદ્યાર્થીઓની લોન અરજી તેમની અભ્યાસમાં ધગસ, વાલીની આર્થીક પરિસ્થિતી તેમણે નકકી કરેલ અભ્યાસક્રમ માટે કરાવેલ એપ્ટીટ્યુટ ટેસ્ટનો રીપોર્ટ વગેરેનો અભ્યાસ કરી, સંસ્થાના નિયમ મુજબ લોન મંજુર કરવામાં આવશે. વિદ્યાર્થી વોકેશનલ કોર્સેસ પણ પસંદ કરી શકશે. પરિક્ષાનું પરિણામ, આગળના વર્ષમાં એડમીશનની માહિતી અરજી કરતી વખતે ન હોય તો તે મળતા તુરંતજ ઓફીસે આપવાની રહેશે. અરજી તા. ૩૦/૦૬/૨૦૧૨ પહેલા કરવાની રહેશે. અરજી પત્રક સંસ્થાની ઘાટકોપર ઓફીસે સ્વીકારવામાં આવશે. કચ્છના વિદ્યાર્થીઓને અરજી ફોર્મ મે.ખીમજી કુંવરજી એન્ડ કું. ગાંધીધામ, શ્રી પદમશીભાઈ લાલકા પાસેથી મળશે. કચ્છના વિદ્યાર્થીઓનો ઈન્ટરવ્યુ ગાંધીધામ ખાતે જ લેવામાં આવશે. જેની જાહેરાત પાછળ થી કરવામાં આવશે.

**નોંધ : અરજી ફોર્મ તા.: ૧૫/૦૭/૨૦૧૨ સુધી જમા કરાવી શકાશે.**

"શિક્ષણ ઘરે ઘરે પહોંચાડવા દશાઈ કમર કસે છે, પૂરો લાભ લ્યો."

To,

*If undelivered, please return to :*
C.D.O. Prakash Samiksha, C/o. Shri R. R. Nagda, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai-400 001.

Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No. G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093. and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai - 400 078.
Editor : **Raichand R. Nagda**